

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

શ્રી પ્રેમ-ભુવનભાનુ-પદ્મ-જયઘોષસૂરિસદ્‌ગુરુભ્યો નમઃ

અલગારી અવધૂત શ્રી આનંદઘનજી મહારાજ પ્રણીત પદ પર પરિશીલન

# આનંદઘનની આત્માનુભૂતિ

(પદ - ૨૬ થી ૩૦)


પરિશીલનકાર

પ્રાચીન શ્રુતોદ્ધારક પ. પૂ. આચાર્યદેવ
શ્રીમદ્વિજય હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્ય
પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા



પ્રકાશક : શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ

પુસ્તકનું નામ : આનંદઘનની આત્માનુભૂતિ

મૂળ કૃતિ : અલગારી અવધૂત પ. પૂ. આનંદઘનજી મહારાજ પ્રણીત ૨૬-૨૭-૨૮-૨૯-૩૦મું આધ્યાત્મિક પદ

પદ - ૨૬ વિષય : લઘુતાથી પ્રભુતા
વિશેષતા : સ્થાવર અને જંગમ તીર્થનું એક સુભગ મિલન... ભક્તિયોગનો એક ભવ્ય અવસર... ભક્તહૃદયની વેદનાસભર સંવેદના.

પદ - ૨૭ વિષય : પરમ તત્ત્વ
વિશેષતા : યાત્રા... મતાગ્રહથી મધ્યસ્થતા તરફ, આડંબરથી આધ્યાત્મ તરફ, બહિરાત્માથી પરમાત્મા તરફ, આત્માનુભૂતિનું અનુપમ આલંબન.

પદ - ૨૮ વિષય : પરમ અધ્યાત્મ
વિશેષતા : એક યાત્રા... સ્પૃહાથી નિઃસ્પૃહતા સુધી, રોગથી યોગ સુધી, આગ્રહથી અધ્યાત્મ સુધી, અધ્યાત્મપિપાસુઓ માટે એક નીતરતું અમૃત.

પદ - ૨૯ વિષય : આત્મસ્વરૂપ
વિશેષતા : સમગ્ર વિશ્વની વસ્તુઓમાં ખાખાખોળા કરીને આત્મસ્વરૂપને ખોળી કાઢવાની એક જીવંત પ્રક્રિયા...
આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે એક આદેય આલંબન.

પદ - ૩૦ વિષય : સમતારમણ
વિશેષતા : મમતાએ મચાવેલા માતમ... સંપત્તિમાં સમાયેલી વિપત્તિ...
વિષ ને અમૃતની વિવેકદૃષ્ટિ તથા શ્રેય ને પ્રેયના અજોડ અભેદ પર પ્રકાશ પાડતું એક પરિશીલનીય પરિશીલન.

---

વિ. સં. ૨૦૭૦ • પ્રતિ : ૨૦૦૦ • મૂલ્ય : ૩૧૫/-

---

## પ્રાપ્તિ સ્થાન :

1) શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ, શ્રી ચંદ્રકુમારભાઈ જરીવાલા .. રૂ.નં.6, બદ્રિકેશ્વર સોસાયટી, મરીન ડ્રાઈવ ઈ રોડ, મુંબઈ-400 002. ફોન : 22818390, Email : devanshjariwala@gmail.com

2) શ્રી અક્ષયભાઈ શાહ .. 506, પદ્મ એપાર્ટ, જૈન દેરાસર સામે, સર્વોદયનગર, મુલુંડ (પ.), મુંબઈ-400 080. મો. : 9594555505, Email : jinshasan108@gmail.com

3) શ્રી બાબુભાઈ બેડાવાળા .. સિદ્ધાચલ બંગ્લોઝ, સેન્ટ એન હાઈસ્કૂલ પાસે, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-380 005. મો.: 9426585904, Email : ahoshrut.bs@gmail.com

4) શ્રી મેહુલભાઈ વારૈયા .. 401, પાર્શ્વનાથ એપાર્ટમેન્ટ, હનુમાન ચાર રસ્તા, સ્ટેટ બેંકની ઉપર, ગોપીપુરા, સુરત-395 001. મો. : 9374717779, Email : mehuljvaraiya@gmail.com


5) શ્રી હિમાંશુભાઈ વોરા .. B/306, બ્રહ્માનંદ ફ્લેટ, જૈન મર્ચન્ટ સોસાયટી, પાલડી, અમદાવાદ-380 007. મો. 9377751475, ફોન : 079-30026076, Email : vhemansu@yahoo.in

6) મલ્ટી ગ્રાફિક્સ .. 18, Khotachi Wadi, Vardhaman Bldg., 3rd Floor, V. P. Road, Prathana Samaj, Mumbai - 4. Ph.: 23873222 / 23884222. E-mail : design@multygraphics.com

Design & Printed by : **MULTY GRAPHICS**... www.multygraphics.com



(c) Copyright held by Publisher & Author under Indian copyright act, 1957. http://copyright.govt.in/documents/copyright rules 1957.pdf


પદ ૨૬ થી ૩૦ ના લાભાર્થી
શ્રીમતી સીતાબેન
વચ્છરાજજી ભણસાલી.
હ. કુશલભાઈ
અમદાવાદ
શ્રીમતી સંગીતાબેન
મુકેશભાઈ અજબાણી





# તું મને...

- હે ભગવાન! તું મને ઉંદર બનાવી દે, તો તારા ભંડારમાં ૧૦૦૦ રૂા. નાખી દઉં...
  હે ભગવાન! તું મને ઉંદર બનાવી દે, તો તારા ભંડારમાં...
- ભલા માણસ! આ તે કેવી પ્રાર્થના? કેમ આવી માંગણી કરે છે?
- મારી પત્ની ફક્ત ઉંદરથી જ ડરે છે.

ભગવાન પાસે જનારી દરેક વ્યક્તિને કોઈ લાગણી હોય છે, ને કોઈ માંગણી હોય છે. પણ દરેકને એ ખબર નથી હોતી, કે શું લાગવું જોઈએ અને શું માંગવું જોઈએ? અને તેથી જ મોટા ભાગે એમની લાગણી ને માંગણી એ પતિ જેવી-ઉંદર બનાવવા જેવી હોય છે. જે એક તો હાસ્યાસ્પદ છે, અને બીજું તેનાથી આત્માનું કલ્યાણ નથી.

ભક્તહૃદયની લાગણી કેવી હોય?.. પ્રભુના દ્વારે માંગણી શેની હોય?.. ભક્તિયોગની અસ્મિતા શું હોય?.. સમર્પણની સંવેદના શું હોય?..

એક મહાયોગી આપણને એનું જ માર્ગદર્શન આપી રહ્યા છે... એ આલંબન બન્યા છે, આપણે આશ્રિત બનીએ.

- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ



## પદ-૨૬

**ઉદ્‌ગારધારા... અશ્રુધારા...**
**અનુભૂતિધારા... અને આનંદધારા...**
**એ વરસી રહી છે, આપણે ભીંજાઈ જઈએ.**

अवधू! क्या मागुं गुनहीना?
वे गुन गनन प्रवीना,
अवधू! क्या मागुं गुनहीना?...
गाय न जानुं बजाय न जानुं
न जानुं सुरभेवा,
रीझ न जानुं रीझाय न जानुं
न जानुं पदसेवा.
**अवधू! क्या मागुं गुनहीना...१**

वेद न जानुं किताब न जानुं
जानुं न लक्षण छंदा,
तरकवाद विवाद न जानुं
न जानुं कविफंदा.
**अवधू! क्या मागुं गुणहीना?...२**

जाप न जानुं जुवाब न जानुं
न जानुं कथवाता,
भाव न जानुं भगती न जानुं
जानुं न सीरा ताता (?)
**अवधू! क्या मागुं गुणहीना?...३**

ग्यान न जानुं विग्यान न जानुं,
न जानुं भजनामा,
आनंदघन प्रभु के घरद्वारे
रटन करुं गुणधामा.
**अवधू! क्या मागुं गुणहीना?...४**

अवधू! क्या मागुं गुनहीना?
वे गुनगनन प्रवीना
अवधू! क्या मागुं गुनहीना?...

गाय न जानुं बजाय न जानुं
न जानुं सुरभेवा,

रीझ न जानुं रीझाय न जानुं
न जानुं पदसेवा.


**अवधू! क्या मागुं गुनहीना...१**


અવધૂત! હું તો ગુણરહિત છું. હું આપની પાસે શું માંગું? માંગનાર તો ગુણની ગણતરીમાં પ્રવીણ હોય છે. મને ગાતા નથી આવડતું. વગાડતા પણ નથી આવડતું. સુરના ભેદો પણ હું જાણતો નથી. મને નથી તો રીઝતા આવડતું કે નથી તો રીઝવતા આવડતું, ચરણની સેવા કેમ કરવી, એ ય હું નથી જાણતો. ||૧||

રાજસ્થાનનું એ ધમધમતું નગર... નગરની બહાર રમણીય તીર્થ છે... આજે નૂતન વર્ષની નવલી સવાર છે. લોકોના ટોળે ટોળા અનેરા ઉમંગ સાથે એ તીર્થ તરફ જઇ રહ્યા છે. નદીઓ જેમ સાગરને મળે, એમ માનવોથી ઉભરાતા રસ્તા એ તીર્થને મળી રહ્યા છે. સૌને હૃદયમાં દૃઢ શ્રદ્ધા છે... આજના દિવસે ભગવાન પાસે જે માંગીએ તે મળી જાય... ખૂબ ઝડપથી એ માનવસરિતા સરકી રહી છે.

તેમાં કેટલાક ભક્તોની નજર એક વૃક્ષ પર પડે છે, રસ્તાથી થોડે દૂર રહેલું એ વિરાટ વૃક્ષ... એની નીચે કોઈ અવધૂત બેઠેલા છે... એટલે દૂરથી પણ એટલું તો ચોક્કસ જણાય છે કે એ કોઈ લોકોત્તર વ્યક્તિત્વ છે. વિશાળ લલાટ, દિવ્ય તેજ સભર મુખમુદ્રા... ધ્યાનસ્થ દેહ... પણ એ ભક્તો તદ્દન 'ભોળા ભગત' છે. એમની આંખોમાં એ અવધૂતને ઓળખવાની શક્તિ નથી.

એક કહે, ''આ બાવશી અટે કેમ બેઠા છે?'' બીજાએ કલ્પનાના ઘોડા દોડાવ્યા, ''અરે, એમને તો 'ઠા' જ નહીં હોય કે આજે નૂતન વર્ષ છે.'' ત્રીજાએ વળી એમાં સૂર પુરાવ્યો, ''હા... એવું જ લાગે છે... જોવોને બાવશી પાસે પંચાંગ જેવું તો કાંઇ દેખાતું નથી.'' ચોથો જરા અકળાઈને બોલ્યો, ''અરે, ભલે પંચાંગ ન હોય, આટલું હેંગ મનક મંદિરિયે જાય, એ ય ઠા નથી પડતી?'' પાંચમો જાણે સ્થિતપ્રજ્ઞ હોય, એવી અદાથી બોલ્યો, ''મારા ભાઈ, હશે... બાવશીને ખ્યાલ નહીં રહ્યો હોય, પણ એમને કહેવું એ આપણી ફરજ છે.'' છટ્ઠાએ સમર્થન કર્યું, ''હા.. બાવશી પણ એમને જે જોઈતું હોય એ માંગી લે ને? પછી તો પૂરા એક વર્ષ પછી નૂતન વર્ષ આવશે.'' સાતમો કહે, ''હા.. હા.. ચાલો ચાલો, આપણે





બાવશીને લઈને મંદિરે જઇએ.''

એ દશ-બાર ભક્તો અવધૂતને વીંટળાઈ વળ્યા છે... ''બાવશી... પધારો સા... બાવશી... જરા આંખો તો ખોલો...'' ધ્યાનના ઊંડાણમાંથી બહાર નીકળતા અવધૂતને થોડી વાર લાગી... ધીમે ધીમે એમની આંખો ખુલી રહી છે... માત્ર એક ક્ષણ માટે જોઇ હોય, તો ય જિંદગીભર ન ભૂલાય એવી આંખો... મંત્રમુગ્ધ કરી દે એવી એ ચમક... એ દૃષ્ટિમાં યોગદૃષ્ટિનું પ્રતિબિંબ ઝળકી રહ્યું છે. પણ આ ભક્તો ભોળા ને ભોળા જ છે, તેમની પાસે એવી પરખશક્તિ ક્યાં?

**મોક્ષ દુર્લભ નથી, પણ મોક્ષદાતા દુર્લભ છે. એવું ક્યાંક વાંચ્યું હતું. પણ તેનાથી ય આગળ વધીને કહેવાનું મન થાય છે, કે મોક્ષદાતા ય દુર્લભ નથી. દુર્લભ તો છે, તેમના મોક્ષદાતાપણાની પ્રતીતિ. સાક્ષાત્ તીર્થંકરનું સાન્નિધ્ય પણ નિષ્ફળ જાય, તેમાં આ પ્રતીતિની ગેરહાજરી જ કામ કરતી હોય છે ને?**

પરમાર્હત **કુમારપાળે** આ જ પ્રતીતિને દૃઢ કરતાં ઉદ્‌ગારો કર્યા છે...

त्वमेव संसारमहाम्बुराशौ, निमज्जतो मे जिन! यानपात्रम् ।

त्वमेव मे श्रेष्ठसुखैकधाम, विमुक्तिरामाघटनाभिराम! ।।

પ્રભુ! સંસારના આ મહાસાગરમાં હું ડુબી રહ્યો હતો, અને આપે વહાણ બનીને મને ઉગારી લીધો. ઓ મુક્તિસુંદરીના સુંદર કંત! આપ જ મારા શ્રેષ્ઠ સુખના સ્થાન છો.

અવધૂતની કૃપાદૃષ્ટિ હજી તો રેલાઈ રહી હતી, ત્યાં બે ભક્તોએ તેમના હાથ પકડ્યા ને તેમને ઊભા કરવાના પ્રયાસ સાથે બોલ્યા... ''પધારોસા.'' બીજાએ ઉમેર્યું, ''બાવશી! આજ તો નવું વરસ હે, થે જે માંગો મળી જાય.'' ત્રીજો કહે, ''બાવશી



જલ્દી કરો, હેંગ મનક પોકી ગયું.'' ચોથો એટલું તો સમજી ગયો છે કે બાવશી કોઈ ચિંતનમાં ગરકાવ થઇ ગયા છે, પણ એની પાસે એ ચિંતન પર ચિંતન કરવાનો અવકાશ નથી. એણે તો અવધૂતને ઊભા જ કરી દીધા. ''પધારો બાવસી... જલ્દી... વધુ વખત નથી...''

અવધૂત વધુ ને વધુ ગહન ચિંતનમાં પ્રવેશી રહ્યા છે, અને એ ભક્તો એમના પુનિત દેહને આગળ ને આગળ પ્રેરી રહ્યા છે... તીર્થ આવી ગયું. એક બાજુ પગથિયાં ચડાઈ રહ્યા છે... બીજી બાજુ ભક્તોના મન હિલોળે ચડ્યા છે... તો ત્રીજી બાજુ એ મહાયોગીનું મન કોઇ અગોચર મંથનની વાટે ચડી ગયું છે... શૃંગારચોકી ને રંગમંડપને પસાર કરીને બરાબર ગભારાની સમક્ષ એ ભક્તોએ અવધૂતને ઊભા રાખી દીધા... સામે આદીશ્વરદાદા અને અહીં અવધૂત... દૃષ્ટિમાં દૃષ્ટિ મળી અને અવધૂતનું મંથન ઓર ગંભીર બન્યું... ''બાવશી! થે કા વિચારો?... માંગો સા... થોરે વાસ્તે જે જોઈએ માંગી લો...''

આ શબ્દો સાંભળીને એ વિશાળ રંગમંડપમાં સૂનકાર છવાઇ ગયો. એ વિરાટ જનમેદનીમાં જિજ્ઞાસા વ્યાપી ગઈ... બાવશી શું માંગશે? અમે તો પૈસા માંગવા આવ્યા... પુત્ર માંગવા આવ્યા... આરોગ્ય માંગવા આવ્યા... મનની શાંતિ કે મોક્ષ માંગવા આવ્યા. .. બાવશી શું માંગશે?...

અવધૂતના હાથો જોડાયેલા છે. હોઠ બીડાયેલા છે. મુખ પર એક આછી વેદના છવાઈ ગઈ છે. ''अरे, बावशी थे तो बहु विचारो... झट मांगो तो जे खपे ते...'' હવે તો પૂર્ણ શાંતિ છવાઈ ગઈ અને હળવેથી યોગીના હોઠ ફરક્યા...

## अवधू! क्या मागुं गुणहीना?

अवधुनात्यखिलविभावानित्यवधूतः - જે સર્વ વિભાવોને ધૂળની જેમ ખંખેરી નાખે તેનું નામ અવધૂત. આદીશ્વરદાદાના સંપૂર્ણ અસ્તિત્વને આ યોગીએ એક નાનકડા સંબોધનમાં સમાવી

# ‘કાંઈ માંગવું’

## એના જેવી ધૃષ્ટતા બીજી કોઈ જ નથી.

લીધું છે... અવધૂત! આ ભોળા ભક્તો મને કાંઈ માંગી લેવાની પ્રેરણા કરી રહ્યા છે, પણ હું શું માંગું?

લોકો સ્તબ્ધ થઈને સાંભળી રહ્યા છે... અમારે તો કેટકેટલું માંગવું છે!... અમારી માંગણીઓનું તો કેવું લાંબુ-લચક લિસ્ટ છે! કેટલું તો માંગવાનું રહી જાય છે, અને ઘરે ગયા પછી અફસોસ થાય છે, અને આ બાવશીને પ્રશ્ન છે કે હું શું માંગુ? શા માટે આવો પ્રશ્ન???

ત્યાં તો યોગીએ હજી વધુ ગંભીર નાદે પોતાની વાત દોહરાવી...

### અવધૂ! ક્યા માગું ગુણહીના?

પ્રભુ! તારી પાસે કોઇ પણ જાતની માંગણી કરવાની મારી યોગ્યતા જ નથી, કારણ કે હું તો તદ્દન નિર્ગુણ છું. કોઇ વસ્તુને મેળવવાની મારી લાયકાત જ નથી, તો કયા મોઢે હું તારી પાસે માંગણી કરું? પ્રભુ! મને પૂરો વિશ્વાસ છે, કે તારી પાસે જે વસ્તુ માંગીશ એ મળ્યા વિના રહેવાની નથી, પણ મારા જેવો નિર્ગુણ એને પામીને શોભાસ્પદ બનશે કે હાસ્યાસ્પદ? એ પ્રશ્ન મને સતાવી રહ્યો છે.

**જે પ્રાપ્તિના મૂળમાં પાત્રતા નથી એ પ્રાપ્તિ નથી, પણ વિડંબના છે. ઝંખના કરવી હોય, તો પ્રાપ્તિની નહીં, પણ પાત્રતાની કરજો.**

એક ઑફિસનો આખો સ્ટાફ યુનિયન બનાવીને બોસ પાસે પહોંચી ગયો. તેમના લીડરે બધાના વતી માંગણી રજુ કરી... ‘‘અમને અમારી લાયકાત મુજબ પગાર આપો.’’ બોસ જરા હસી પડ્યા. જાતને કાબુમાં લઈને તેમણે ઠાવકા મોઢે કહ્યું, ‘‘આપું, પણ લઘુતમ વેતન ધારો આડો આવે છે.’’

**ખરો ભક્ત ભગવાનને કદી એમ ન કહે, કે તેં મારી લાયકાત પ્રમાણે મને સુખો નથી આપ્યા, બલ્કે એમ કહે કે તે મારી નાલાયકતા પ્રમાણે દુઃખો નથી આપ્યા...** મને ઠેસ વાગી, ને હું પડી ગયો, એમાં ભગવાનને ભાંડવાની શું જરૂર છે? મારી લાયકાત તો પચ્ચીસમાં માળેથી પડીને શીર્ણ-વિશીર્ણ થઈ જવા જેવી છે. જરા તાવ આવ્યો એમાં મારે અકળાવાની શું જરૂર છે? મારા દોષો ને પાપો તો ઝેરી મલેરિયામાં રિબાવે તેવા છે. શરદી મટતી નથી, એવી ફરિયાદ તો મારી નફ્ફટતા સિવાય બીજું કશું જ નથી. કારણ કે મારી યોગ્યતાની અપેક્ષાએ તો ડબલ ન્યુમોનિયા પણ ઓછો પડે તેમ છે. કેન્સરની એક ગાંઠ નીકળી એમાં ધુંધવાવાની જરૂર જ ક્યાં છે? અગિયાર ગાંઠ પણ ઓછી પડે એવા કાળા કામ હું અનાદિકાળથી કરતો આવ્યો છું.

**પ્રશ્ન ને ફરિયાદ તો સુખ માટે થવા જોઈએ, કે મને આટલું પણ સુખ કેમ મળ્યું? કારણ કે હું તો દુઃખને જ લાયક છું.**

### અવધૂ! ક્યા માગું ગુણહીના?

એક આંતરરાષ્ટ્રીય ટેનિસ ચેમ્પિયન આર્થર. એને એકવાર હૃદયનું ઓપરેશન કરાવવું પડ્યું. એમાં એને જે લોહી ચડાવાયું, એ એઈડ્સગ્રસ્ત વ્યક્તિનું હતું. એ વખતે આ રોગ હજી નવો હતો. માટે લોહીની તપાસ કરવાની આધુનિક પદ્ધતિ



ત્યારે ન હતી. બસ, આર્થરને પણ એઈડ્સ લાગુ પડી ગયો. એનું મોત ખૂબ ઝડપથી નજીક આવતું જતું હતું.

એના હજારો ચાહકોના પત્રો એના પર આવવા લાગ્યા. તેમાંના એક ચાહકે ભગવાન પર ગુસ્સો વ્યક્ત કર્યો હતો... ''ભગવાને શું ધાર્યું છે? એ જ સમજાતું નથી. એને કોઇ સેન્સ જ નથી. આટલા ભયાનક રોગ માટે એણે તમને જ કેમ પસંદ કર્યા? કરોડો માણસોમાંથી તમે જ કેમ?''

આર્થરે એને જે જવાબ લખ્યો, તે ખૂબ મનનીય છે... ''આખી દુનિયામાંથી પાંચ કરોડ છોકરાઓ ટેનિસ શીખવાનું શરૂ કરે છે. તેમાંથી પાંચ લાખ છોકરા જ બરાબર ટેનિસ શીખી શકે છે. તેમાંથી પચાસ હજાર છોકરાઓને જ પ્રોફેશનલ લેવલનું ટેનિસ રમતા આવડે છે. અને તેમાંથી પણ પાંચ હજાર છોકરા જ ગ્રાન્ડ સ્લામ સ્પર્ધા સુધી પહોંચી શકે છે. વિમ્બલ્ડન સ્પર્ધાનું પગથિયું તો માત્ર પચાસ જણ જ ચડી શકે છે અને એ પચાસમાંથી ચાર જણ જ સેમીફાઈનલ સુધી પહોંચે છે. અને ફાઈનલમાં તો માત્ર બે જ જણ.

આ બધું પસાર કરીને જ્યારે હું વિજેતા બન્યો, મારા હાથમાં વિજયનો કપ હતો, આખી દુનિયાની આંખો મારા પર હતી અને મારી આંખોમાં હર્ષના આંસુ હતા ત્યારે મેં ભગવાનને એવું ન'તું પૂછ્યું કે પ્રભુ! તે મને જ આ કપ કેમ આપ્યો? કરોડો માણસોમાંથી હું જ શું કામ? તો પછી આજે આ દુઃખમાં પણ મારાથી એવું ન જ પૂછી શકાય કે આ રોગ તેં મને જ શું કામ આપ્યો? આટલા બધા માણસોમાંથી હું જ શું કામ?''



ખૂબ વિચાર કરતાં એમ લાગે છે કે 'કાંઈ માંગવું' એના જેવી ધૃષ્ટતા બીજી કોઇ જ નથી. કોઇ ચિંતકે ખરું જ કહ્યું છે -

**માંગવાનું કહે છે તો માંગું છું પ્રભુ!**
**દઈ દે એવું મન કે માંગે એ કશું નહીં.**

**અવધૂ! क्या मागुं गुणहीना?**

યોગીનો સ્વર ગદ્ ગદ્ બન્યો છે... વાતાવરણ નિઃસ્તબ્ધ બન્યું છે... લોકોની આશંસાઓ ઓગળવાની શરૂઆત થઇ ચૂકી છે. યોગી પહેલા તદ્દન મૌન હતા... પછી ધીરે ધીરે તેમના હોઠ ફરક્યા... અને હવે તો તેમની સંવેદના ધારાબદ્ધ રીતે વહેવા લાગી છે.

**वे गुनगनन प्रवीना**
**अवधू! क्या मागुं गुनहीना?**

મારા નાથ! હું કાંઈ જ માંગી શકું તેમ નથી, તેનું બીજું કારણ એ છે કે માંગનારા તો ગુણને ગણવામાં વિચક્ષણ હોય છે. જેની પાસે તેઓ માંગણી કરે તેના ગુણાનુવાદ તેઓ કરે છે. ગુણાનુવાદથી તે વ્યક્તિ પ્રસન્ન થાય છે, અને પછી એની મનોકામના પૂરી કરી દે છે. હું તો ગુણવાન પણ નથી અને મને ગુણગાન પણ નથી આવડતાં. તો પછી હું શી રીતે માંગું ને શું માંગુ?

આગમમાં એક અદ્ભુત વાત કહી છે. કોઈ માણસ પેંડો ખાય છે, તો એ એના કેટલા અંશનો આસ્વાદ લે છે? એ માને છે કે મેં આખો પેંડો ખાધો. આખે આખા પેંડાનો સ્વાદ લીધો. પણ વાસ્તવમાં તો એણે એ પેંડાનો અનંતમો ભાગ જ ચાખ્યો છે. બાકીનો અનંતગણો ભાગ તો તેની જીભને સ્પર્શ પણ કર્યા વગર અંદર ઉતરી જાય છે. એ માણસ ગમે તેટલું ચાવે, એની જીભને જેટલું સ્પર્શશે, તે અનંતમો ભાગ જ હશે.

# 'હું' અજ્ઞ છું

હવે આ જ હકીકતને સમાંતર બીજી વાસ્તવિકતાનો વિચાર કરીએ. કોઇ વ્યક્તિ પરમાત્માના ગુણગાન કરવામાં પોતાની બધી જ શક્તિ લગાવી દે છે. દિવસ-રાત જોયા વિના, ભૂખ-તરસને ગણકાર્યા વિના, થાકની ચિંતા કર્યા વિના એ પ્રભુના ગુણગાન કરે જ જાય છે, તો એણે પ્રભુના જે ગુણગાન કર્યા, એ સમગ્ર ગુણોના ગાનની અપેક્ષાએ કેટલા? જવાબ છે અનંતમો ભાગ. ખુદ કેવળજ્ઞાની પણ પ્રભુના સંપૂર્ણ ગુણગાન ન કરી શકે... સર્વ ગુણોને જાણી શકે, પણ કહી ન શકે, કારણ કે આયુષ્ય પરિમિત છે, શબ્દો સીમિત છે, અને ગુણો અપરિમિત... અસીમ... અનંત છે. **પૂ. સિદ્ધસેન દિવાકરસૂરિ** મહારાજાએ પરમાત્માની સ્તુતિ કરતા કરતા કહ્યું છે -

જાને યથાऽસ્મદ્વિધવિપ્રલાપઃ, ક્ષેપઃ સ્તવો વેતિ વિચારણીયમ્।

પ્રભુ! હું જે કરું છું એ ગુણગાન નહીં પણ લવારા છે... અરે, આ આપની સ્તુતિ છે કે નિંદા, એ પણ વિચારણીય પ્રશ્ન છે. કોઇ અબજોપતિને ઉદ્દેશીને કહે કે એની પાસે તો હજારો રૂપિયા છે. તો એ તેના વખાણ કહેવાય કે નિંદા? પ્રભુ! હું તારી સ્તુતિ કરવા જાઉં છું, તો એનાથી ય વધુ વિષમતા સર્જાય છે. તારા ગુણો અનંત છે, અને હું એના અનંતમા ભાગને ય યથાર્થ કહેવા સમર્થ નથી.

લોકો પોતપોતાની માંગણીઓને માળિયે ચડાવીને ત્યાં ને ત્યાં બેસી પડ્યા છે. ઊભા છે એક માત્ર યોગીરાજ. પરમાત્માની દૃષ્ટિ સાથે તેમની દૃષ્ટિ દઢપણે બંધાયેલી છે, તો સમગ્ર લોકોની દૃષ્ટિ તેમના પર એકાગ્ર થઈ છે. પેલા ભક્તોને ઘડીકમાં પોતાના ભોળપણ પર હસવું આવે છે, તો ઘડીકમાં તેઓ તીવ્ર શરમનો અનુભવ કરે છે... યોગીરાજ તો બધું જ ભૂલીને પરમાત્મા સાથેના વાર્તાલાપમાં એકાકાર બની ગયા છે. આજે એમને પોતાની અપાત્રતાની સંપૂર્ણ અભિવ્યક્તિ કરી દેવી છે. એમના હોઠોમાં ફરી સ્પંદન થયું અને રંગમંડપમાં ગંભીર નાદ ગુંજવા લાગ્યો...

**ગાય ન જાનું બજાય ન જાનું**
**ન જાનું સુરભેવા**

પ્રભુ! નથી તો મને ગાતા આવડતું, કે નથી તો વગાડતા આવડતું, કે નથી તો મને સુરના પ્રકારો પણ આવડતાં. તો તારા ગુણગાન કરું શી રીતે?

પ્રભુના અનંતગુણોનું જ્ઞાન થાય. એ જ્ઞાન આત્મામાં પરિણતિ પામે. એ જ્ઞાનની અભિવ્યક્તિ કરવાની શક્તિ પણ મળે, ત્યારે જ પ્રભુના ગુણગાન કરવા શક્ય બને છે.

**ગાય ન જાનું**

નથી તો મારામાં એ જ્ઞાન, નથી તો પરિણતિ, ને નથી તો અભિવ્યક્તિની શક્તિ... ટૂંકમાં તારા ગુણગાન હું જાણતો નથી. ગીતમાં પ્રાણ પૂરે છે વાજિંત્રો અને સુર-સુરાવલિઓ... પણ એનું ય મને જ્ઞાન નથી, કે કઈ રીતે વાજિંત્રો વગાડવા? અને કઈ રીતે સુરાવલિઓ છેડવી?

**ગાય ન જાનું બજાય ન જાનું**
**ન જાનું સુરભેવા**

એ સંત ન જાનું...ન જાનું...ન જાનું...બોલતા જાય છે, અને એની સાથે જ એ વિરાટ જનમેદની વધુ ને વધુ લઘુતાની અનુભૂતિ કરતી જાય છે... જો આ મહાયોગી પણ અજ્ઞ છે, તો

અમે ક્યાં?... અમે તો અજ્ઞથી ય અજ્ઞ... અમે તો અમારી અજ્ઞતાથી ય અજ્ઞ...

'હું અજ્ઞ છું' એવી સભાનતા જ્ઞાનની દિશામાં એક મહાન પગલું છે. જ્યાં આટલી પણ સભાનતા નથી, ત્યાં સર્વજ્ઞતાનું મિથ્યાભિમાન હોય છે. હું અજ્ઞ છું એટલી સભાનતા માટે પણ કાંઈક જ્ઞાન જરૂરી હોય છે. **ભર્તૃહરિના** શબ્દો માર્મિક છે...

यदा किञ्चित् किञ्चिद् बुधजनसकाशादधिगतं,
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः।

જ્યારે અજ્ઞતાની પરાકાષ્ઠા હતી, ત્યારે તો મને એવું જ લાગતું હતું, કે હું સર્વજ્ઞ જ છું. પણ જ્યારે જ્ઞાનીઓ પાસેથી થોડું થોડું ભણ્યો, ત્યારે મને એવું લાગ્યું, કે હું તો તદ્દન મૂર્ખ છું... ને મારો અભિમાનનો તાવ એ જ ક્ષણે ઉતરી ગયો.

## ન જાનું

આ ત્રણ અક્ષરમાં અધ્યાત્મનું નવનીત સમાયેલું છે. નમો... વિનય... નમ્રતા... લઘુતા... નિરભિમાનતા... મદમુક્તતા જે કહો એ બધું એમાં આવી ગયું છે. એક મહાયોગી આ અક્ષરોની પુનરાવૃત્તિ કરતા જાય છે અને ભક્તો



આ જ અધ્યાત્મની ભાવધારામાં ભીંજાતા જાય છે.

## રીઝ ન જાનું રીઝાય ન જાનું
## ન જાનું પદસેવા

રીઝવું શું? ને રીઝવવું શું? ચરણની સેવા પણ શું? મારા નાથ! ન જાણું... કશું જ હું જાણતો નથી...

ભક્તોના મનમાં ફરી ફરી એ પ્રશ્ન ઘુમરાઈ રહ્યો છે કે આવી ભક્તિ... આવું ગેય... આવો સુર... અને આવી રીઝ તો આજ સુધી જોઈ નથી. તો પછી આ યોગી 'ન જાનું' નું રટણ કેમ કરી રહ્યા છે? જો એ નથી જાણતા... તો બીજું તો કોણ જાણતું હશે? એમની આ 'ગેયધારા' અને 'ન જાનું' એ બંને પ્રત્યક્ષ વિરોધી છે, અને છતાં આ યોગીના સ્વરમાં જે ધબકાર અને રણકાર છે, એમાં ભારોભાર સત્ય ભાસી રહ્યું છે... તો સમજવું શું?

યોગીની ભૂમિકા બહુ સ્પષ્ટ છે. એક પૈસો હોવા માત્રથી જો ધનવાન થઈ શકાતું નથી, તેમ અનંતમાં ભાગના ગુણનું કીર્ત્તન થવાથી ગુણગાન થઈ

શકતું નથી. કારણ કે તે ભાગ અતિ અતિ અલ્પ છે... નહીંવત્ છે... જાણે કે છે જ નહીં.

**કદી જ્ઞાનનો મદ થાય તો કેવળજ્ઞાન સાથે તુલના કરી લેજો. ગુણનો અહંકાર થાય તો સિદ્ધગુણ સાથે તુલના કરી લેજો. એ જ પળે બધું અભિમાન ઓગળી જશે.**

## रीझ न जानुं

પણ યોગી રીઝવી તો રહ્યા છે... હા... પણ તેઓ જ કહે છે કે રીઝવવું શી રીતે? મને તો તેનું જ્ઞાન જ નથી. પરમાત્માને રીઝવતા આવડતું હોય, હું રીઝવું અને હું ત્યાંનો ત્યાં રહું? ***સિદ્ધસ્તવના*** આ શબ્દો તો જુઓ -

इक्को वि नमुक्कारो जिणवरवसहस्स वद्धमाणस्स।
संसारसागराओ तारेइ णरं व णारीं वा।।

વર્ધમાન જિનેશ્વરને કરેલો એક પણ નમસ્કાર નર કે નારીને સંસારસાગરથી તારી દે છે. જેના નમસ્કારમાં આટલું સામર્થ્ય છે, તેની રીઝ તો કયો ચમત્કાર ન કરી શકે? અરે, અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન આપી દે... પણ કાશ... મને તો રીઝ આવડતી જ નથી... ના, બલ્કે એના અંગે મને કોઈ ગતાગમ જ નથી.

## रीझ न जानुं रीझाय न जानुं
## न जानुं पदसेवा



## જ્ઞાનનો મદ
## ગુણનો અહંકાર

પ્રભુ! તારી સેવા શું ચીજ છે? અમે તો એ ય નથી જાણતા.

**'મુગ્ધ સુગમ કરી સેવન આદરે સેવન અગમ અનૂપ.'**

અમે તો મુગ્ધ છીએ. તારી સેવા કરવાનું બીડું તો ઝડપ્યું, પણ તારી સેવા ક્યાં અને અમે ક્યાં? તારી આજ્ઞાને અભરાઈએ ચડાવીને તારી સેવાની બદલે અમે તો અમારી સુખશીલતા પોષી. **સેવા તો સમર્પણ માંગે છે. સેવા તો 'સ્વ'ની સમાપ્તિથી શરૂ થાય છે. સેવા તો સુખને જલાંજલિ આપવાથી જન્મ પામે છે.** અને અમે તો કેવી હોંશિયારી કરી! અરે ના, કેવી મૂર્ખામી કરી! સેવાને સુગમ બનાવી દીધી. અમને ફાવે એ રીતે સેવા... ના... બલ્કે સ્વચ્છંદતા કરી. ક્યાં આપની સેવા અને ક્યાં અમે? આપની સેવા તો અગમ્ય છે... અનુપમ છે.

## न जानुं पदसेवा

યોગીની આંખોમાં ઝળહળિયા આવી ગયા છે અને એ સમસ્ત મેદની ગદ્ગદ બની છે. ફરી ફરીને યોગી એ જ પ્રશ્ન પર આવીને ઊભા રહે છે....

## अवधू! क्या मागुं गुणहीना?

પ્રભુ! વયની દૃષ્ટિએ કદાચ હું મોટો હોઈશ, પર્યાયની દૃષ્ટિએ કદાચ હું વડીલ હોઈશ, શરીરની દૃષ્ટિએ કદાચ હું લાંબો હોઈશ, પણ ગુણની દૃષ્ટિએ? હીન... સાવ જ હીન...

## अवधू! क्या मागुं गुणहीना?

લોકોના મનમાં એક શંકા આકાર લઈ રહી છે... આ બાવશી તો ખૂબ મોટા જ્ઞાની હોય, એવું લાગે છે, તો પછી એ પોતાને ગુણહીન કેમ કહે છે?... ત્યાં તો એ મહાયોગીના ઉદ્ગારો ગૂંજી ઉઠ્યા...

वेद न जानुं किताब न जानुं
जानुं न लक्षण छंदा।
तरकवाद विवाद न जानुं
न जानुं कविफंदा।
अवधू! क्या मागुं गुणहीना?...२

નથી હું વેદ જાણતો, નથી પુસ્તક જાણતો, નથી લક્ષણ કે છંદ જાણતો. તર્કવાદ અને વિવાદનું પણ મને જ્ઞાન નથી અને કવિત્વકળા પણ હું જાણતો નથી. પ્રભુ! હું ખરેખર ગુણરહિત છું. હું શું માંગુ? ॥૨॥

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ આ ચાર વેદ છે. 'કિતાબ' શબ્દથી અહીં કુરાન સૂચવ્યું છે. લક્ષણ શાસ્ત્રમાં વ્યાકરણ આવે છે, ઉપરાંત ઘોડા, હાથી, દંડ, પાત્ર વગેરેના લક્ષણોની વાત પણ આવે છે. છંદશાસ્ત્રમાં શ્લોકોના વિવિધ છંદોનું નિરૂપણ છે. 'તર્કવાદ'થી ન્યાયશાસ્ત્રનું સૂચન કર્યું છે. 'વિવાદ' એટલે તર્ક-વિતર્ક દ્વારા સ્વપક્ષને પ્રમાણિત સાબિત કરવો અને પરપક્ષનું ખંડન કરવું. કવિફંદ એટલે કવિત્વકળા.

વિષય ભલે ને ગમે તે જાતનો હોય, મારી જાત તો એની એ જ છે... ન જાનું... આમાંનું કશું પણ હું જાણતો નથી.

યોગીનું તાત્પર્ય ખૂબ જ ગંભીર છે. જો આ લૌકિક શાસ્ત્રોને પણ હું જાણતો નથી, તો પછી લોકોત્તર શાસ્ત્રોના જ્ઞાનની તો ક્યાં વાત રહી? ખરેખર... હું તદ્દન અજ્ઞ... હું સાવ જ અબુઝ... હું ખરેખર ગુણહીન. શું માંગુ તારી પાસે?

જ્યાં સુધી 'શું માંગણી કરવી' ને 'કઈ માંગણી મારા હિતમાં છે?' એનું જ્ઞાન નથી, ત્યાં સુધી માંગણી કરવી એ મૂર્ખતા તો છે જ, જોખમ પણ છે. એક અબુઝ બાળક માતા-પિતા પાસે કાંઇ માંગે એના કરતા તો બહેતર છે કે એ માતા-પિતાને પોતાની જાત જ સોંપી દે.

## अवधू! क्या मागुं गुणहीना?

વેદ આદિના વિષયમાં યોગી પોતાની અજ્ઞાનતા બતાવે છે, તેની પાછળ ગંભીર રહસ્ય છે. 'વેદ' વગેરે શબ્દો લૌકિક જગતમાં ભલે અન્ય અન્ય અર્થોને જણાવતા હોય, લોકોત્તર જગતમાં તેમનો એક જ અર્થ છે... શુદ્ધ આત્મા.

वेद्यतेऽनेन वेद्यमिति वेदः।
જેનાથી જ્ઞેયનું જ્ઞાન થાય તે વેદ.

कावानित्यनेनेति कुरानः।
જેનાથી સ્વભૂમિકા પર શ્વાસ લે તે કુરાન.

लक्ष्यतेऽनेन लक्ष्यमिति लक्षणम्।
જેનાથી લક્ષ્ય લક્ષિત થાય તે લક્ષણ.

छान्दसमार्षं छन्दः।
જે ઋષિઓ દ્વારા દર્શિત છે તે છંદ.

तर्काणां वादो वर्त्ततेऽस्मिन्निति तर्कवादः।
જેના વિષયમાં તર્કોનો વાદ છે તે તર્કવાદ.

विविधा वादाः प्रवर्त्तन्तेऽत्रेति विवादः।
જેનામાં અનેક પ્રકારના વાદો પ્રવર્ત્તે છે, તે વિવાદ.

कवीनां कला अस्मायिति कविकला।
કવિઓની કળાનું જે અંતિમ ધ્યેય છે તે કવિકળા.

હવે યોગીરાજનું તાત્પર્ય સ્પષ્ટ છે. વિશ્વમાં ખરેખર પામવા જેવો કોઈ પદાર્થ હોય, તો એ છે શુદ્ધ આત્મા. પણ મને તો એના વિષે જ્ઞાન જ નથી.

**वेद न जानुं किताब न जानुं**
**न जानुं लक्षण छंदा**
**तरकवाद विवाद न जानुं**
**न जानुं कविफंदा**

જેની માંગણી કરવાની છે, તેના વિષે તો મને કાંઇ જાણ જ નથી, તો પછી હું શી રીતે માંગણી કરું?

## अवधू! क्या मागुं गुणहीना?

મહાયોગીની આંખો હવે આંસુઓના ઉભરાને ઉચકવામાં અસમર્થ બની છે. એક અશ્રુબિંદુ તેમના ગાલ પર હળવે રહીને સરી પડ્યું અને તેની પાછળ અશ્રુધારા ચાલી આવી. લોકોની આંખોમાં ય હવે ઝળહળિયા આવવા લાગ્યા છે. યોગીરાજની લાગણી અને વાતાવરણ બંનેની સ્થિતિ કોઇ અગોચર ગંભીરતાને સર કરી રહી છે.

જે અનાદિ કાળથી સુપરિચિત છે, તેની માંગણી કરવામાં કોઇ સાર નથી. તે મળી જાય, તો ય આત્માનું કોઈ હિત નથી. અને જેનાથી આત્માનું હિત છે, જેની પ્રાપ્તિથી આત્મા કૃતકૃત્ય બની જવાનો છે, એ આત્માને તદ્દન અપરિચિત છે. એના સ્વરૂપની તેને જાણ જ નથી. મૌન.. અકળામણ.. ગૂંગણામણ.. આત્યંતિક અજંપો... આ બધા શબ્દો જ્યાં વામણા બની ગયા છે, એ સ્થિતિમાં યોગીરાજ 'ન જાનું' ની યાત્રામાં ઓર આગળ વધી રહ્યા છે...

પોતાનું ય જ્ઞાન નથી, સ્વસ્વરૂપનો પણ પરિચય નથી, એને **ઘોર અજ્ઞાની** કહેવાય છે.







જાપ ન જાનું જુવાબ ન જાનું
ન જાનું કથવાતા.
ભાવ ન જાનું ભગતી ન જાનું
જાનું ન સીરા તાતા (?)
**अवधू! क्या मागुं गुणहीना?...३**

નથી હું જાપ જાણતો, નથી જવાબ જાણતો કે નથી હું કથા-વાર્તા પણ જાણતો. નથી હું ભાવ જાણતો, નથી તો ભક્તિ જાણતો અને શીત-ઉષ્ણ પણ નથી જાણતો (?) પ્રભુ ! આવો છું હું... તદ્દન નિર્ગુણ... શું માંગણી કરું તારી પાસે? ।।૩।।

જાપ, જવાબ, કથા-વાર્તા... શુદ્ધ આત્માને સંબંધિત એ કશું ય હું જાણતો નથી. યાદ કરી કરીને... પરાણે ધક્કા મારી મારીને પૂરો કરાય એ જાપ નથી. **જાપ તો તે છે કે જે પૂરો થયા બાદ પણ અનાયાસપણે ચાલ્યા જ કરે... અંતરના ઊંડાણમાંથી સ્વયંભૂપણે જેનો નાદ ગુંજ્યા કરે.**

એક આચાર્ય ભગવંતનું સ્વાસ્થ્ય ખૂબ જ કથળ્યું. એ કોમામાં સરકી ગયા. ડોક્ટર સ્ટેથોસ્કોપ મુકીને એમને તપાસતા હતા. એકાએક ડોક્ટરે પ્રશ્ન કર્યો, ''આ અરિહંત... અરિહંત શું છે?'' એક મહાત્માએ પૂછ્યું, ''કેમ? શું થયું?'' ડોક્ટર કહે, ''મને સ્ટેથોસ્કોપમાં અરિહંત... અરિહંત સંભળાય છે.''

આને કહેવાય જાપ. યોગી ખૂબ નિખાલસ ભાવે કબૂલ કરે છે -

### જાપ ન જાનું

પ્રભુ ! જેને વાસ્તવિકરૂપે જાપ કહી શકાય, એવું કાંઈ જ મને આવડતું નથી. સ્વરૂપનું અનુસંધાન જેમાં અખંડિત બને છે, તે નિશ્ચય-જાપથી તો હું ક્યાંય દૂર છું... ને મારો વ્યવહાર-જાપ પણ વખાણવા જેવો તો નથી જ.

વળી કોઈ શુદ્ધ આત્માના સ્વરૂપ વિષે મને પ્રશ્ન પૂછે, તો ય હું નિરુત્તર થઈ જાઉં છું. જે સ્વરૂપને મેં જોયું નથી, જાણ્યું નથી, સાંભળ્યું નથી, અનુભવ્યું નથી, એના વિષે હું શું જવાબ આપું?

### જુવાબ ન જાનું

આત્મસ્વરૂપની કથા-વાર્તાનો અવસર હોય તેવા સમયે તો મારે મૌન જ લેવું પડે તેમ છે... કારણ એ જ...

### ન જાનું કથવાતા

પ્રભુ! દુનિયાની દૃષ્ટિમાં હું કદાચ જ્ઞાની હોઈશ. પણ મારી દૃષ્ટિમાં તો હું ઘોર અજ્ઞાની છું. જેને દુનિયાભરનું જ્ઞાન છે તેને સર્વજ્ઞ કહેવાય છે. જેને ઘણું બધું જ્ઞાન છે, એને જ્ઞાની કહેવાય છે. જેને થોડું-ઘણું વ્યવહારનું જ્ઞાન છે, એને જાણકાર કહેવાય છે. પણ જેને પોતાનું ય જ્ઞાન નથી, સ્વસ્વરૂપનો પણ પરિચય નથી, એને ઘોર અજ્ઞાની કહેવાય છે.

એક શ્રીમંત પોતાનું ચાર્ટર્ડ પ્લેન લઈને ફરવા નીકળ્યો. અચાનક વિમાનમાં કાંઈ ખરાબી થઈ. વિમાનનું તરત જ ઉતરાણ થાય એ જરૂરી હતું. કોઈ અજાણી જગ્યાએ એણે મુશ્કેલીથી ઉતરાણ કર્યું. વિમાનમાંથી ઉતરીને એ આમ-તેમ તપાસ કરવા લાગ્યો. કોઈ માણસ દેખાતું ન હતું. ખૂબ તપાસ કર્યા પછી

એને એક માણસ મળી ગયો. એણે એક શ્વાસે પૂછી લીધું, "Is here any airport?" પેલાએ શાંતિથી જવાબ આપ્યો, "I don't know." "Is here any railway station?" "I don't know." "Is here any bus-stop?" "I don't know."

હવે એ બરાબરનો અકળાયો, "Don't you know anything?" પેલા માણસે એટલી જ શાંતિથી જવાબ આપ્યો, "Sir, I know more than you." એ શ્રીમંત તો હબક ખાઈ ગયો... How? આ પ્રશ્ન એના ચહેરા પર તરવરી ઉઠ્યો. એ માણસે સ્મિત કરીને કહ્યું, "You don't know where you are, but I know very well where I am."

મને એરપોર્ટની નથી ખબર, કબૂલ, મને રેલ્વે સ્ટેશનની કે બસ-સ્ટોપની પણ નથી ખબર, કબૂલ, પણ મને 'મારી' ખબર છે. તમને 'તમારી' ખબર નથી.

### ન જાનું કથવાતા

આત્માની કરુણ કથની એ શ્રીમંત જેવી છે. એને કેટલાય પરપદાર્થોની જાણ છે, તો કેટલાય પરપદાર્થોને જાણવા એ આતુર છે. માત્ર એક જ વિષય એવો છે, કે જેમાં એને કશી જ ગતાગમ નથી... એનું નામ છે 'સ્વ'. આત્મન્! આજથી ને આ ક્ષણથી તું આતુર બની જા 'સ્વ'ને જાણવા માટે... 'સ્વ'ને પામવા માટે અને 'સ્વ'ને અનુભવવા માટે. ઘોર અજ્ઞાની મટીને તું જ્ઞાની બની જા, સર્વજ્ઞતા તારી તદ્દન સમીપમાં આવી જશે. **તારા સર્વ દુઃખો સ્વ-જ્ઞાનના ઉદયની ક્ષણે જ અસ્ત પામી જશે. મહો. યશોવિજયજી** મહારાજના શબ્દો સ્મરણીય છે -

**આતમ અજ્ઞાને કરી જે ભવદુઃખ લહીએ,**
**આતમજ્ઞાને તે ટળે એમ માની સદ્દહીએ.**

**પરમાત્માના આલંબને સ્વશુદ્ધાત્માની અનુભૂતિ એ પરમાત્મભક્તિનું અંતિમ લક્ષ્ય છે.** જે પરમાત્માને નથી જાણતો, એ પોતાને પણ નથી જાણતો. પ્રભુપ્રતિમા એ પોતાના આત્માનું



પ્રતિબિંબ છે... એ જ પ્રશાંતવાહિતા.. એ જ પ્રસન્નતા... એ જ પરિણતિ... એ જ પરમતા... બસ, પ્રતિબિંબ એટલે પ્રતિબિંબ...

**એક બાજુ યુગાદિદેવ અને બીજી બાજુ યોગીરાજ... એક બાજુ શાંતસુધારસધારા અને બીજી બાજુ યોગઅશ્રુધારા...** અને પાછળ અનોખી ભાવધારામાં ભીંજાતા ભક્તો... યોગીરાજને આજે અંતરની વેદના પૂરે પૂરી ઠાલવી દેવી છે... ના, કશું જ બાકી રાખવું નથી. ગળે ડુમો ભરાઈ ગયો છે... શ્વાસની ગતિમાં પૂર્ણ પરિવર્તન આવી ગયું છે, છતાં ય યોગીરાજનો નાદ એ રંગમંડપના પ્રત્યેક પરમાણુને પાવન કરી રહ્યો છે...

### ભાવ ન જાનું ભગતી ન જાનું

મારા નાથ! તારા જેવા થવાની વાત તો ઘણી દૂર છે, તારા ભક્ત થવું પણ મને તો દુષ્કર લાગે છે. એક ભક્તના ભાવ કેવા હોય!... કેવી સંવેદનામાં એ રમતો હોય!... એણે તો ભગવાનમાં પોતાના અસ્તિત્વને ઓગાળી દીધું હોય...

પેલો ભીલ! પોતાના ઈષ્ટદેવની મૂર્તિમાં એક ચક્ષુ ગેરહાજર હતું, બીજી જ ક્ષણે એણે છરી દ્વારા પોતાની આંખ કાઢીને ત્યાં લગાડી દીધી... આને કહેવાય ભાવ અને આનું નામ ભક્તિ.

### ભાવ ન જાનું ભગતી ન જાનું

જેને ભક્તિભાવ નથી, એને સ્વભાવ પ્રાપ્ત થવો મુશ્કેલ છે. પરમાત્માની પૂજા કરવી, સ્તુતિ કરવી, મૂલ્યવાન

અંતરના ઊંડાણમાંથી સ્વયંભૂપણે નાદ

દ્રવ્યો પરમાત્માના ચરણે અર્પણ કરવા આ બધું ભક્તિભાવ નથી, ભક્તિભાવનું આલંબન છે. ભક્તિભાવ તો એક એવી અલૌકિક અનુભૂતિ છે, જે આ તમામ ક્રિયાઓનું ફળ છે... જેને માત્ર એક ભક્તહૃદય અનુભવી શકે છે.

એક ખેડૂત હતો. સંત જેવું એનું જીવન હતું. પાક લણવાનો સમય નજીક હતો. ખેતર આખું ય પાકથી ભરેલું હતું. આવા સમયે એ ખેતરનું રખોપું કરવાનું છોડીને ભજનમાં મસ્ત રહેતો હતો. પત્નીએ એને સમજાવી સમજાવીને ખેતરમાં મોકલ્યો. બપોરે એની પત્ની પોતે પણ જોવા આવી, કે રખોપું બરાબર થઇ રહ્યું છે કે નહીં... હજી તો ખેતર પર એની નજર પડી અને એને ફાળ પાડી, સેંકડો-હજારો ચકલીઓ એ પાકને ચણી રહી હતી... રે... એ ભગત ક્યાં છે?... અરે, એ ય ખેતરમાં જ છે... પેલા ઝાડ નીચે... કોઇ ગીત ગાઈ રહ્યા છે... પત્ની સમસમી ગઈ... ધીમે પગલે પાછળથી પતિની નજીક ગઈ... પતિનું ગીત હવે સ્પષ્ટપણે સંભળાતું હતું...




राम की चिडिया, राम का खेत,
खा लो चिडिया, भर भर पेट.

## ભાવ ન જાનું ભગતી ન જાનું

ભગતનું રખોપું આવું જ હોય... હું ય ભગવાનનો... ખેતર પણ ભગવાનનું અને ચકલીઓ પણ ભગવાનની... હું ના પાડનાર પણ કોણ? અને હા પાડનાર પણ કોણ? ના કે હા... એકે ય નો મને અધિકાર નથી. ભક્તહૃદયના આ ભાવોને અનુભવવા તો દુષ્કર છે જ, સમજવા પણ સહેલા નથી.

જિનશાસનના અદ્ભુત કાર્યો કરનાર એક સુશ્રાવક, એમની પ્રેરણાથી એક તીર્થમાં ૫૧ લાખ રૂ. નું દાન મળ્યું. ટ્રસ્ટીઓએ તકતીમાં દાતાના નામની ઉપર પ્રેરક તરીકે તેમનું નામ પણ મુક્યું. એ સુશ્રાવક અત્યંત નારાજ થઇ ગયાં... ભગવાનનું તીર્થ... ભગવાનની કૃપાથી મળેલ સંપત્તિ... ભગવાનના એક ભક્તે એનું સમર્પણ કર્યું... એમાં મારા નામનો અવકાશ જ ક્યાં છે? જ્યાં સુધી મારું નામ દૂર નહીં થાય, ત્યાં સુધી તીર્થની ઑફિસમાં હું પગ નહીં મુકું...

## ભાવ ન જાનું ભગતી ન જાનું

ક્યાં જોવા મળશે આવી ભક્તિ? ઘણી વાર એવું લાગે છે કે ભૌતિક જગતની ઝાકઝમાળ તો શુદ્ધ ભાવમાં બાધક છે જ, ધર્મક્ષેત્રમાં પણ જે શુષ્ક આડંબર છે, જ્ઞાન પરિણતિની ગેરહાજરી છે, એ પણ શુદ્ધ ભાવમાં બાધક છે. લાખોના ચડાવા બોલ્યા બાદ પહેલી પૂજા કરીને માણસ બહાર નીકળતો હોય, અને એને રંગમંડપમાં કેશરની વાટકી ઢોળાયેલી દેખાશે તો એ શું કરશે? યા તો બૂમાબૂમ કરશે, પૂજારીને ધધડાવશે, અને યા તો આંખ આડા કાન કરીને નીકળી જશે. કારણ એને ખબર જ નથી કે પ્રભુના ચરણે કેશર ચડાવવું અને પ્રભુના રંગમંડપમાં ઢોળાયેલું કેશર સ્વહસ્તે સાફ કરવું, એ બંને તુલ્ય છે. ભક્તિભાવનું આલંબનત્વ એ બંને ક્રિયાઓમાં સમાનપણે રહેલું છે.

## ભાવ ન જાનું ભગતી ન જાનું

પ્રભુની સમક્ષ હું શેઠ નહીં, શ્રીમંત નહીં, મોટો માણસ નહીં, નામાંકિત નહીં... અરે, મારી કોઈ હેસિયત જ નહીં...

### હું તુમ પગની મોજડી, હું તુજ દાસનો દાસ

૩૨ લાખ વિમાનો અને અસંખ્ય દેવોનો સ્વામી સૌધર્મેન્દ્ર પ્રભુની સમક્ષ એક બળદિયારૂપે પ્રસ્તુત થાય છે... પ્રભુ! તારી સામે હું ઈન્દ્ર નહીં, દેવ નહીં, મનુષ્ય પણ નહીં... પણ પશુ... નર્યો જાનવર... આનું નામ ભાવ... આનું નામ ભક્તિ...

## ભાવ ન જાનું ભગતી ન જાનું

**'મેં પરમાત્માને કાંઈ આપ્યું', આવી સભાનતા પણ ભક્તિભાવની ખામી છે. મેં 'કાંઈક' કર્યું, આવો કર્તૃભાવ પણ શુદ્ધભક્તિભાવમાં બાધક છે.**

કોઈ માણસ માટે એમ કહેવાય, કે 'આ આજે ડાહ્યો થઇ ગયો', તો એ માણસ ખુશ નથી થઇ જતો. ઉલ્ટુ ચિડાય છે. 'આજે ડાહ્યો થયો' એમ કહેવાનો અર્થ એ જ છે કે ગઈ કાલ સુધી એ ગાંડો હતો. અને આવતીકાલનો ય ભરોસો તો નથી જ. 'મેં પરમાત્માને કાંઈ આપ્યું', એનો અર્થ એ છે કે આગલી ક્ષણ સુધી તો એ મારું જ હતું, પરમાત્માનું ન હતું. હું સ્વતંત્ર, મારા પર મારું આધિપત્ય, મારી વસ્તુ, એનો હું માલિક, એનો હું દાતા... રે...

## ભાવ ન જાનું ભગતી ન જાનું

મહાભારતનો પ્રસંગ છે. પાંડવો જુગારમાં સર્વસ્વ હારી ગયા છે. દુઃશાસન દ્રૌપદીને જુગારની ઘટના જણાવીને રાજસભામાં ઘસડી જવાનો પ્રયાસ કરે છે, ત્યારે દ્રૌપદી એક સણસણતો પ્રશ્ન કરે છે... ''મારા પતિ પહેલા મને હાર્યા કે પોતાને? તારા કહેવા મુજબ જો એ પહેલા પોતાને જ હારી ગયા હોય, તો પછી મને દાવમાં મુકવાનો તેમને કોઈ અધિકાર જ રહેતો નથી.''

**ખુદ પોતે જ પોતાનો ન હોય, ત્યારે બીજું તો પોતાનું શું હોય?** ભક્તહૃદયની એ જ સંવેદના હોય છે... હું ય પ્રભુનો... એટલે બધું જ પ્રભુનું. હું દાતા પણ નહીં અને હું સ્વામી પણ નહીં.

પ્રભુ! 'હું તને કાંઈ આપું' એ તો કેવી ધૃષ્ટતા! એક મહેમાન યજમાનના ઘરની વસ્તુ યજમાનને આગ્રહ સાથે આપે, અને દેખાડો એવો કરે કે જાણે પોતાની વસ્તુ આપે છે, એના જેવો આ ઘાટ છે.

## ભાવ ન જાનું ભગતી ન જાનું

લેખક વસંતલાલના શબ્દો યાદ આવે છે - ''આજે ય રાજગૃહી નગરીના ગુણશિલ ચૈત્યમાં પ્રભુ વીરના ચરણોમાં ભીની પાંપણે ગૌતમસ્વામી બેઠા છે, એ જાણે આપણને કહી રહ્યા છે કે મારી પાસે મારું કશું જ નથી. જે કાંઇ પણ છે એ મારા ગુરુનું છે. મારો શ્વાસ અંદર જાય છે, અને બહાર નીકળે છે, એ પણ મારા ગુરુની સમ્મતિની મહોર લઈને...''

**અર્પણ ને સમર્પણ કરવું જોઈએ, એ બાળભૂમિકાની વાત છે. બુદ્ધભૂમિકા તો એમ કહે છે કે મારું કાંઈ હતું જ નહીં, અને છે પણ નહીં.**

## ભાવ ન જાનું ભગતી ન જાનું

યોગીરાજના વસ્ત્રો અને રંગમંડપ-નો ગાલીચો... વધુ ને વધુ પલળી રહ્યા છે. ભક્તોને ભાન થઈ રહ્યું છે કે અમે તો ગજબના ભૂલા પડ્યા. નથી તો અમારે પ્રભુ પાસેથી કાંઈ માંગી જવાનું, કે નથી તો પ્રભુને કાંઇ દઈને જવાનું... ને અમે તો ૫-૨૫ રૂપિયા ભંડારમાં નાખીને ૫-૨૫ લાખની માંગણીઓમાં રાચીએ છીએ... આને તે દાન કહેવું... ભક્તિ કહેવી... સોદો કહેવો કે પછી અજ્ઞતા કહેવી...

હિબકાઓ ને ડુસકાઓના હળવા અવાજો ધીમે ધીમે વધી રહ્યા છે. એક એક અશ્રુબિંદુ આંતરમળનું પ્રક્ષાલન કરી રહ્યું છે. ભાવોની એ ભરતીમાં યોગીરાજના શબ્દો વ્યાપક રીતે વહી રહ્યા છે.

ग्यान न जानुं विग्यान
न जानुं,
न जानुं भजनामा.

आनंदघन प्रभु के घरद्वारे
रटन करुं गुणधामा.

## अवधू! क्या मागुं गुणहीना?...४



હું જ્ઞાન નથી જાણતો, વિજ્ઞાન પણ નથી જાણતો, અને ભજન પણ નથી જાણતો. હું તો આનંદઘન પ્રભુના ઘરના દ્વારે રટણ કરું છું, જે રટણ ગુણના ધામસ્વરૂપ છે. ||૪||

એ માણસ જંગલમાં જ જન્મ્યો હતો અને જંગલમાં જ જીવતો હતો. 'પૈસા' શું વસ્તુ છે, એ જ એને ખબર ન હતી. તો પછી એ પૈસાદાર હતો કે નહીં, એવા પ્રશ્નનો અવકાશ જ ક્યાં રહે છે? આત્મા અનાદિકાળથી અજ્ઞાનમાં જ રાચતો રહ્યો છે, ને આજે ય એ અજ્ઞાનદશામાંથી બહાર નીકળી શક્યો નથી. 'જ્ઞાન' શું છે એ જ એને ખબર નથી, માટે એ 'જ્ઞાની' છે કે નહીં, એવા પ્રશ્નનો તો અવકાશ જ નથી.

### ग्यान न जानुं विग्यान न जानुं

મહો. યશોવિજયજી મહારાજે **જ્ઞાનસારમાં** જ્ઞાન અને અજ્ઞાનની પરિભાષા સ્પષ્ટ કરી છે -

स्वभावलाभसंस्कार-कारणं ज्ञानमिष्यते।
ध्यान्ध्यमात्रमतस्त्वन्यत्।

જેનાથી આત્માને પોતાના સ્વભાવની પ્રાપ્તિ થાય, તે જ્ઞાન અને બાકીનું બધું અજ્ઞાન. હજી સુધી આત્મા વિભાવોમાં જ રાચે છે, એનું કારણ એ જ છે, કે એને સ્વભાવનો પરિચય જ નથી. જો એક વાર એને સ્વભાવની એક ઝલક પણ દેખાઈ જાય... સ્વભાવનો એક અંશ પણ પ્રત્યક્ષ થાય, તો એ જ ક્ષણે વિભાવો પરથી એનું મન પૂર્ણપણે ઉઠી જાય, અને સ્વભાવની દિશામાં એની યાત્રા શરૂ થઈ જાય. દુર્લભ સ્વભાવ નથી, દુર્લભ તો છે સ્વભાવ-યાત્રાનો પ્રારંભ. એક વાર એનો પ્રારંભ થાય, પછી તો સ્વભાવને મળ્યે જ છૂટકો છે.

### ग्यान न जानुं विग्यान न जानुं

યોગીરાજના શબ્દોમાં સ્વભાવપ્રાપ્તિની ઝંખના છે, સ્વરૂપપરિણતિનો તલસાટ છે. જ્ઞાનની તલપ એ વિશિષ્ટ બોધની અભિલાષા છે... વિજ્ઞાનની તરસ એ જ્ઞાનપરિણતિની ઇચ્છા છે. આત્માના પ્રદેશે પ્રદેશે વણાયેલું જ્ઞાન એટલે વિજ્ઞાન. **આચરણમાં નિશ્ચિતપણે પ્રગટ થતું જ્ઞાન એટલે વિજ્ઞાન.** **નંદીસૂત્ર** નામના આગમમાં કહ્યું છે -

**से आया से विन्नाया**

જ્ઞાન જ્યારે આત્મામાં પરિણતિ પામે છે, ત્યારે આત્મા સ્વયં જ્ઞાનસ્વરૂપ અને વિજ્ઞાનસ્વરૂપ બની જાય છે.

જ્યાં સુધી ષટ્કાયની વિરાધના ચાલુ છે, ત્યાં સુધી अहिंसा परमो धर्म: - આ જ્ઞાન પરિણતિ પામ્યું નથી. જ્યાં સુધી પ્રાણાંતે પણ અસત્ય ન બોલવાની ટેક આત્મસાત્ નથી થઈ, ત્યાં સુધી नो मुसं बूआ - આ જ્ઞાન પરિણત થયું નથી. રસ્તા પર પડેલી એક સળીની પણ ચોરી ચાલુ હોય, ત્યાં સુધી नेव सयं अदिण्णं गिण्हिज्जा - આ જ્ઞાનથી આત્મા ભાવિત થયો નથી. એકાદ પણ બ્રહ્મગુપ્તિની ઉપેક્ષા સેવાતી હોય, ત્યાં સુધી मूलमेयमहम्मस्स આ જ્ઞાન આત્મસાત્ થયું નથી. જ્યાં સુધી પોતાના શરીર ઉપર પણ મમત્વભાવ હોય, ત્યાં સુધી परिग्रहग्रहादेव मज्जत्येव भवाम्बुधौ–આ જ્ઞાન પરિણત થયું નથી.

**જેટલું આચરણ એટલું જ્ઞાન.**
**એ સિવાયનું બધું અજ્ઞાન.**

## ગ્યાન ન જાનું વિગ્યાન ન જાનું

ક્રૌંચ પક્ષીની હિંસા ન થાય એ માટે માથે વાધરની વેદના સહન કરનારી હતી જ્ઞાનની પરિણતિ. આત્મપરિણામ કલુષિત ન થાય, એ માટે સગડીને મોક્ષની પાઘડી માનનારી હતી જ્ઞાનની પરિણતિ. રૂપકોશાના સૌન્દર્યમાં બીભત્સ અશુચિના દર્શન કરનારી હતી જ્ઞાનની પરિણતિ. પોતાની ચામડી ઉતારનારને તકલીફ ન થાય એની કાળજી કરનારી હતી જ્ઞાનની પરિણતિ. ગળું કાપી નાખનારને પરમ સહાયક માનનારી હતી જ્ઞાનની પરિણતિ. ઘાણીમાં પીલી નાખનારનો આભાર માનનારી હતી જ્ઞાનની પરિણતિ.

**માત્ર અંતર્મુહૂર્તની અંદર મોક્ષ આપવાનું સામર્થ્ય ધરાવે છે જ્ઞાનની પરિણતિ.** હજી સુધી આપણે સંસારમાં જ બેઠા છીએ તેનું એક જ કારણ છે, નથી તો આપણામાં જ્ઞાનની પરિણતિ કે નથી તો જ્ઞાનનો પરિચય.

## ગ્યાન ન જાનું વિગ્યાન ન જાનું

પ્રભુ! જ્ઞાનયોગની તો શું વાત કરું? હજી તો મારામાં ભક્તિયોગની પણ ખામી છે.

## ન જાનું ભજનામા

મને તો ભજન કેમ કરવું એની પણ જાણ નથી... જ્ઞાનપરિણતિનું દિલ્હી તો મારાથી ક્યાંય દૂર છે.

જેટલું આચરણ એટલું જ્ઞાન.
જ્ઞાનની પરિણતિ



ભજન શબ્દમાં મૂળ ધાતુ છે ભજ્, જેનો અર્થ છે ઉપાસના કરવી. ઉપાસ્યની પૂજા, સ્તુતિ વગેરે વ્યવહાર ઉપાસના છે. **ઉપાસ્યના ગુણો પ્રત્યે દઢ ઉપાદેયબુદ્ધિ એ નિશ્ચય ઉપાસના છે.**

આત્મન્! જરા આત્મનિરીક્ષણ તો કર... તારું મન સહજરૂપે ક્યાં આકર્ષાય છે? સ્ત્રીના રૂપમાં કે કોઇ યોગીના યોગમાં? તારી વૃત્તિ સહજપણે ક્યાં ઢળે છે? ભાવતા ભોજનમાં કે ભગવદ્‌ભજનમાં? તને સહજ લગાવ કઈ તરફ? 'પર' તરફ કે સ્વ તરફ?

આકર્ષણ... ઢોળાવ... લગાવ... એનું જ નામ ઉપાદેયબુદ્ધિ. શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે –

जा दव्वे होइ मई अहवा तरुणीसु रूववंतीसु।
सा चे जिणवरधम्मे करयलगया तया सिद्धी।।

**કંચન અને કામિની પ્રત્યે જેવી ઉપાદેયબુદ્ધિ છે, તેવી ઉપાદેયબુદ્ધિ જો જિનવરકથિત ધર્મ પ્રત્યે જાગે, તો મોક્ષ તમારા હાથમાં છે.**

## ન જાનું ભજનામા

આ ભજન આવડતું નથી, માટે જ આત્મા સંસારમાં ભટકી રહ્યો છે. જો ભજન આવડી જાય... **ઉપાસનાનો ગુણ આત્મસાત્ થાય, તો ઉપાસક સ્વયં ઉપાસ્ય બની જાય.**

યોગીરાજની વેદના અને સંવેદના હવે પરાકાષ્ઠાએ પહોંચી છે. એમનો પુનિત દેહ હવે ઊભા રહેવા માટે અસમર્થ બન્યો છે. યોગીરાજ ગર્ભગૃહની સીમા પાસે ઘુંટણિયે પડે છે... **અવિરત વહેતી અશ્રુધારા... અંતરમાંથી ઉદ્‌ભવતી નાદધારા અને આત્મામાંથી આરપારરૂપે પસાર થતી અનુભૂતિધારા... આજે આ તીર્થમાં ત્રિવેણીસંગમ થયો છે.** ભક્તો એમાં ડુબકી લગાવીને પાવન થઈ રહ્યા છે.

તીર્થ ખરેખર તીર્થ બન્યું છે. ભક્તો ખરેખર ભક્તો બન્યા છે. કોઈને ઉઠવું નથી. કોઈને ખસવું નથી. કોઈને માંગવું નથી.

## અવધૂ! ક્યા માગું ગુણહીના?

યોગીરાજ તો ગુણપૂર્ણ છે, ગુણહીન તો અમે છીએ... આ સંવેદના સૌના હૃદયના તારોને ઝણઝણાવી રહી છે... ના... હવે કશું જ માંગવું નથી... પાત્રતા નથી, તો માંગવાનો અર્થ નથી... ને પાત્રતા છે, તો માંગવાની જરૂર નથી.

**આવશે દોડીને મળવા નદીઓ તને,**
**છે શરત એટલી, પહેલા તું સમંદર થઈ જા.**

नोदन्वानर्थितामेति, न चाम्भोभिर्न पूर्यते।
आत्मा तु पात्रतां नेयः, पात्रमायान्ति सम्पदः।।

સમુદ્ર યાચના કરે છે, એવું પણ નથી અને ચારે બાજુથી એમાં પાણી નથી આવતું એવું પણ નથી... બસ, આત્મામાં પાત્રતા લાવી દો. સંપત્તિઓ પાત્રને સ્વયં વર્યા વિના રહેતી નથી.

યોગીરાજ પ્રભુના ચરણોમાં ઝુકી પડ્યા છે. પ્રભુકૃપાની નદીઓ તેમને સાગર બનાવી રહી છે. પ્રભુનો અસીમ અનુગ્રહ... પ્રભુનો શક્તિસભર શક્તિપાત... પ્રભુની પરમ અમીદષ્ટિ... યોગીરાજ ધન્ય બની રહ્યા છે. વેદનાનું સ્થાન હવે વંદનાએ લીધું છે. પીડાના સ્થાને હવે પ્રસન્નતા પ્રસરી ગઈ છે.

ક્યા માગું? આ પ્રશ્નમાં પહેલા શૂન્યતાની સભાનતા હતી. હવે આ જ પ્રશ્નમાં પૂર્ણતાની પ્રતીતિ સમાઈ ગઈ છે. કશું જ ન હતું... એમાં ય એ જ પ્રશ્ન હતો... અને બધું જ છે... એમાં ય એ જ પ્રશ્ન છે... શબ્દ એના એ છે... તાત્પર્ય ફરી ગયું છે.

**પ્રભુના ચરણે એક વાર આપણે આખા ને આખા ઓગળી જઈએ... પ્રભુ આપણને એ જ ક્ષણે પોતાનું સર્વસ્વ આપી દેશે.**

યોગીરાજે મસ્તક ઉંચુ કર્યું. દૃષ્ટિમાં દૃષ્ટિ મળી... પહેલા એવું લાગતું હતું કે સામે ભગવાન છે, ને અહીં ભક્ત છે... હવે લાગે છે કે બે ય બાજુ ભગવાન છે... બરાબર એ જ ગુણોની ગરિમા... એ જ પ્રસન્નતાનો પમરાટ... એ જ ચહેરા પરનો મલકાટ... એ જ અવર્ણનીય અનુભૂતિ અને એની સાથે વહેતી આનંદની અનરાધાર ધારા... યોગીરાજના હોઠોમાં સ્પંદન થયું અને સમગ્ર જિનાલય અલૌકિક આનંદનાદથી ગુંજી ઉઠ્યું...



**आनंदघन प्रभु के घरद्वारे**
**रटन करुं गुणधामा**

પ્રભુ! તારા જિનાલયને દ્વારે કે તારા ગભારાના દ્વારે હું રટણ કરું છું, એ તો બાહ્ય દૃષ્ટિ દર્શાવે છે. વાસ્તવમાં તો હું તારા ઘરના દ્વારે રટણ કરું છું... ને તારું ઘર એ છે, કે જેમાં તું રહે છે... એ છે તારું સ્વરૂપ.

**आनंदघन प्रभु के घरद्वारे**
**रटन करुं गुणधामा**


પ્રભુ! તારી કૃપાથી આજે હું તારા સ્વરૂપના દ્વારે પહોંચી ગયો છું... પરમાત્મસ્વરૂપનું આ પરમ દ્વાર... હવે તો આ પ્રાપ્તિ પ્રવેશમાં પરિણમે એટલી જ વાર... ધન્ય પ્રભુ... ધન્ય તારી કૃપા... તું ય ગુણોનું ધામ... તારું સ્વરૂપ પણ ગુણોનું ધામ... ને તારું રટણ પણ ગુણોનું ધામ... **મારા નાથ! મને પૂર્ણ શ્રદ્ધા છે, એક પળે તું મને ય ગુણોનું ધામ બનાવી જ દઈશ...**

પ્રસન્નતા પરાકાષ્ઠાને આંબી ગઈ છે... યોગીરાજ આનંદઘન બન્યા છે... બે-બે આનંદઘનની આનંદધારાને સાક્ષાત્ નિહાળતી એ મેદની... એમના અંતરમાં ય આ જ નાદનો પડઘો પડી રહ્યો છે...

**आनंदघन प्रभु के घरद्वारे**
**रटन करुं गुणधामा**

વિ.સં. ૨૦૬૭
આસો વદ ૫

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.



## પદ-૨૭

# પરમ! તારા પંથે

- પરમ જો એક છે, તો આટલા પંથો કેમ?
- પંથો જો આટલા છે, તો તેમાંથી સાચું કોણ?
- પથિક તો બન્યા છીએ, પણ પ્રાપ્તિ કેમ નહીં?
- સાધના તો ઘણી કરી, સાક્ષાત્કાર ક્યારે?

જન જનના મનમાં ઘુમરાતા આ પ્રશ્નો છે. અનેક સાધકોને સતાવતી આ સમસ્યાઓ છે.

ઉત્તર અને સમાધાન માટે તેઓ જ્યાં જ્યાં જાય છે, ત્યાંથી પ્રશ્ન અને સમસ્યા લઈને પાછા ફરે છે. હવે કરવું શું?

એક પરમ યોગી અહીં આપણને એક પરમ પંથના દર્શન કરાવી રહ્યા છે.

જે પંથ સરળ પણ છે અને શોર્ટ પણ છે... સી...ધો 'પરમ'માં જ મળી જાય છે.

ચાલો, એ 'પરમ'ની આંગળી ઝાલીને...

આપણે ય જઈએ...

'પરમ'ને પામવા...

પરમના પંથે...

**- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**



अवधू! राम राम जग गावे,
विरला अलख लगावे,
अवधू! राम राम जग गावे...
मतवाला तो मत में माता
मठवाला मठराता,
जटा जटाधर पटा पटाधर
छता छताधर ताता,
अवधू! राम राम जग गावे...१

आगम पढि आगमधर थाके
मायाधारी छाके,
दुनियादार दुनिसें लागे
दासा सब आशाके,
अवधू! राम राम जग गावे...२

बहिरातम मूढा जग जेता
माया के फंद रहेता,
घट अंतर परमातम भावे
दुरलभ प्राणी तेता,
अवधू! राम राम जग गावे...३

खग पद गगन मीन पद जल में
जो खोजे सो बौरा,
चित्त पंकज खोजे सो चिह्ने
रमता आनंद भौरा,
अवधू! राम राम जग गावे...४

अवधू! राम राम जग गावे.
विरला अलख लगावे.
अवधू! राम राम जग गावे.



मतवाला तो मत में माता
मठवाला मठराता.

जटा जटाधर पटा पटाधर
छता छताधर ताता.

## अवधू! राम राम जग गावे...१

અવધૂત! જગત રામ રામ ગાય છે. પણ વિરલા 'અલખ'ને જાણે છે. મતવાળા પોતાના મતમાં મસ્ત છે. મઠવાળા મઠમાં રક્ત છે. જટાધારીઓ જટામાં, પાટધારીઓ પાટમાં અને છત્રધારીઓ છત્રમાં તપ્ત થઈને રહેલા છે. ।।૧।।

રાજસ્થાનની ધરતી... બિકાનેર નગર... હજારો-લાખોની વસતી છે. વેપાર-ઉદ્યોગો ધમધમી રહ્યા છે. મંદિરો ઉભરાઇ રહ્યા છે. આશ્રમોમાં અવરજવર ચાલુ છે. ધર્મો ને સંપ્રદાયોનો તોટો નથી. કોઈ રામના ભક્ત છે, કોઈ વિષ્ણુના પૂજક છે, કોઈ શંકરના અનુયાયી છે, કોઈ ગણેશને ભગવાન માને છે,

કોઈ અલ્લાના બંદા છે, કોઈ મહાવીરના અનુગામી છે, કોઈ બુદ્ધને માને છે, તો કોઈ પીર ને બાબાની માનતા રાખે છે. બાવા, તાપસ, પરિવ્રાજક, યોગી, ફકીર, ઓલિયા... જાણે કોઇ જ બાકી નથી.

બધા જ પોતપોતાની માન્યતાને અનુસારે ચાલે છે. ક્યારેક ક્યારેક એમને એક-બીજાનો ભેટો થાય છે, અને તેમનું મન ડામાડોળ થાય છે... ક્યાંક એ લોકો સાચા નહીં હોય ને?... ના... ના... સાચો તો મારો જ પંથ છે... પણ... આ બધાં સાવ ખોટા જ હશે?... પણ અમારો પંથ તો બાપ-દાદાથી ચાલ્યો આવે છે... એમાં કેમ શંકા કરવી?... અરે, પણ એમનો પંથ પણ બાપ-દાદાથી ચાલ્યો આવે છે એનું શું?... સાચું શું? ખરું કોણ? તત્ત્વ શું?

**યોગબિંદુમાં** પૂ. હરિભદ્રસૂરિ મહારાજાએ કહ્યું છે -

अनिवृत्ताधिकारायां प्रकृतौ सर्वथैव हि।
न पुंसस्तत्त्वमार्गेऽस्मिन् जिज्ञासाऽपि प्रवर्त्तते।।

જ્યાં સુધી કર્મોનું જોર જરા પણ શિથિલ ન થયું હોય, ત્યાં સુધી આત્માને તત્ત્વમાર્ગની જિજ્ઞાસા પણ થતી નથી.

जिज्ञासायामपि ह्यत्र कश्चित् सर्गो निवर्त्तते।
नाक्षीणपाप एकान्ता-दाप्नोति कुशलां धियम्।।

તત્ત્વની જિજ્ઞાસા પણ થઇ છે, એ જ બતાવે છે કે કર્મોનું જોર ઓછું થયું છે. જો પાપોમાં એકાંતે કોઇ જ ઘસારો ન પડ્યો હોય, તો એક શુભ ભાવ જાગવો પણ મુશ્કેલ છે.

બિકાનેરના અનેક સંતો, મહંતો, પરિવ્રાજકો અને વિદ્વાનો આજે ભેગા મળ્યા છે. સૌના અંતરમાં તત્ત્વની જિજ્ઞાસા જાગી છે. સાચો તો મારો જ મત છે, એવું આજ સુધી માનતા હતા ને કહેતા હતા, પણ આજે અમારા પગ ડગી રહ્યા છે... આવી સંવેદના બધાને અવ્યક્તપણે થઇ રહી છે.

**સત્યને પામવામાં અસત્ય એટલું બાધક નથી, જેટલો બાધક અસદ્ગ્રહ છે. અસત્યમાં માત્ર અંધારું છે. અસદ્ગ્રહમાં તો દીવાને ઢાંકેલો રાખવાની કુચેષ્ટા છે.**



# સત્ય એ શાશ્વત તથ્ય છે

## નથી તો એ ઉત્પન્ન થતું કે નથી તો વિનાશ પામતું.

કલાકો સુધી ચર્ચા ચાલી, પણ કોઈ નિર્ણય ન થયો. એવામાં કો'કના મનમાં ચમકારો થયો. એણે કહ્યું, ''સાંભળ્યું છે કે નગરની બહાર રહેલા સ્મશાન પાસે કોઇ મહાયોગી આવ્યા છે. અને એ ખૂબ જ્ઞાની છે. કોણ છે, ક્યાંના છે, શું નામ છે, કયા પંથના છે, એ તો કાંઈ જ ખબર નથી, પણ કદાચ આપણને કાંઈ સમાધાન મળી જાય...''

એક વાર તાળુ ખુલી જાય, પછી દરવાજાને ખુલતા વાર લાગતી નથી. મુશ્કેલ તો છે તાળું ખુલવું. **એક વાર આત્મા અસદ્ગ્રહની પકડમાંથી મુક્ત થઈ જાય, પછી સત્યના સુવર્ણદ્વારો સ્વયંભૂપણે ઉઘડતા જાય છે.**

'હું જ સર્વજ્ઞ' આ અસદ્ગ્રહ દૂર થયો અને ગૌતમસ્વામી પરમ સત્યને પામી ગયાં. 'હું જ સૌથી વધુ જ્ઞાની' આ કદાગ્રહ ઓગળી ગયો અને હરિભદ્રસૂરિજીને સત્ય સાંપડી ગયું. 'મારો જ પંથ સાચો' આ ભ્રમ ટળ્યો અને શય્યંભવસૂરિજીને પરમ પંથ મળી ગયો.

**સત્ય એ શાશ્વત તથ્ય છે. નથી તો એ ઉત્પન્ન થતું કે નથી તો વિનાશ પામતું. એ કોઈના ઘરની નીપજ નથી. એ તો સૃષ્ટિની સદાતન વાસ્તવિકતા છે.** હા, સમયે સમયે સત્યદૃષ્ટા મહાપુરુષો તેને પ્રગટ કરે છે, અને આસન્નકલ્યાણ પુણ્યાત્માઓ તેને સ્વીકારે છે અને અનુસરે છે.

મહાયોગીને મળવાના એ વિચારને સહુએ વધાવી લીધો. બીજા જ દિવસની પ્રભાતે એ વિદ્વાનો, સંતો, મહંતો... બધા જ ભેગા થઈને બિકાનેરના રાજમાર્ગ પર ચાલી રહ્યા છે. એમના પગલાઓમાં એક ઉલ્લાસ છે... એમની ચાલમાં અવ્યક્ત ઉતાવળ છે... એમના ચહેરા પર ઉત્સાહ છે... લોકો એ અલગ અલગ પંથોના પ્રવર્તકોને એક સાથે જોઈને આશ્ચર્યચકિત બની રહ્યા છે... ડગલે ને પગલે કેટલાંય લોકો તેમની પાછળ જોડાઈ રહ્યા છે. સંતો મૌન છે... લોકો સાવ જ ધીમા અવાજે ગુસપુસ કરી રહ્યા છે.

રાજમાર્ગ સમાપ્ત થયો ને એક નાનો રસ્તો ચાલુ થયો. બે-ત્રણ ખેતરો ગયા ને સ્મશાનભૂમિ આવી ગઈ... સંતો અટકી ગયા... એમની આંખો ચારે બાજુ કોઈ અલૌકિક વ્યક્તિત્વને શોધી રહી છે. એક બાજુ એમનું અંતર એ વ્યક્તિત્વની કલ્પના કરી રહ્યું છે, અને બીજી બાજુ તેમની આંખો એ પ્રદેશના ખૂણે ખૂણામાં ફરી રહી છે... ચારે બાજુ જોયા બાદ ધીમા પગલે તેઓ આગળ વધી રહ્યા છે... માત્ર પંદર-વીશ ડગલા ચાલ્યા અને એક વૃક્ષ નીચે તેમની દૃષ્ટિ સ્થિર થઇ ગઈ... આંખોમાં ચમક આવી ગઇ અને ચહેરા પર લાલી આવી ગઈ... પહેલી જ નજરે એમના અંતર અહોભાવથી છલકાઈ ઉઠ્યા છે... લોકો આશ્ચર્યચકિત બન્યા છે. એ વ્યક્તિત્વની આસપાસ ન તો કોઈ વ્યક્તિ છે, કે ન તો કોઈ વસ્તુ છે.

**જેની પાસે પથારાનો પાર નથી, તે ભોગી અને જેની પાસે 'પોતાના' સિવાય કાંઈ નથી તે યોગી.** ભોગી સામગ્રીઓના ખડકલા વચ્ચે પણ દુઃખી હોય છે. યોગી શૂન્યમાં પણ સુખી હોય છે.

પ્રણામ કરીને સૌ એ મહાયોગીના સાન્નિધ્યમાં બેસી ગયા. યોગી યોગમાં મગ્ન છે. સૌ એ યોગીમાં મગ્ન છે...



અગાધ ઊંડાણમાં જઇને મીંચાઇ ગયેલી આંખો... ગંભીર સ્મિત કરતા ઓષ્ઠ... વિરલ ધ્યાનસ્થ મુદ્રા... એક પરમ પાવન સાન્નિધ્ય...

એ સંતોને આજે સંતત્વના દર્શન થયાં. **સંતત્વનો આધાર આડંબર પર નહીં, પણ આધ્યાત્મિકતા પર રહેલો છે. આડંબર તો ભૌતિકતાની ઘોષણા કરે છે.** સોળે કળાએ ખીલેલા સંતત્વને સૌ નીરખી રહ્યા છે. હજી પ્રશ્ન પૂછાયો નથી, પણ પ્રત્યુત્તર મળવાનો પ્રારંભ થઈ ચૂક્યો છે. સૌના તન ને મન ઠરી ગયાં છે. સમાધાનની સરવાણીઓ સહજપણે સ્ફુરી રહી છે. થોડી વાર થઇ ને યોગીરાજની આંખો ધીમે ધીમે ખુલી... સૌની આંખોનું કેન્દ્ર બની છે એ આંખો... અકળ છે એનું ઊંડાણ... અજબ છે અધ્યાત્મનું ઓજસ્...

એ યોગીરાજે સ્મિત કર્યું અને એક મુખ્ય સંતે ખૂબ ટૂંકમાં પોતાના આગમનનું પ્રયોજન જણાવ્યું... અને પોતાની વાત કરી કે ''હું તો 'રામ' નામના રટણને જ સર્વસ્વ માનું છું, તો શું મારો માર્ગ સત્ય છે?''

યોગીરાજના મુખ પર નથી તો હા ને નથી તો ના... એમના મુખ પર તો છે ગંભીર સ્મિત... એક અદમ્ય ઉત્કંઠા સાથે સૌએ એમના ઉત્તરની અપેક્ષા સાથે મીટ માંડી છે... બે ક્ષણ એમ જ વીતી અને એ મહાયોગીના હોઠ ફરક્યા...

**અવધૂ! રામ રામ જગ ગાવે**
**વિરલા અલખ લગાવે**

अवधुनाति स्नेहरागप्रभवानि
स्वजनममकारबन्धनानीत्यवधूतः।

સ્નેહરાગજનિત સ્વજનો પ્રત્યેના મમત્વના બંધનોને ખંખેરી નાખે તેનું નામ અવધૂત. યોગીરાજના સંબોધનમાં સૌહાર્દ છે. સહાનુભૂતિ છે. ચાહે તમે કોઈ પણ પંથના પથિક છો, પરિવારનો ત્યાગ કરીને પરમાત્મપ્રાપ્તિ માટે તમે એ પંથે પગલા માંડ્યા છે. એ અપેક્ષાએ તો તમે પણ અવધૂત છો... તમે રામ..રામ રટણ કરો છો... દુનિયા પણ રામ..રામ રટણ કરે છે, પણ તેમનામાં 'રામ'ના અલક્ષ્ય તત્ત્વનું જ્ઞાન નથી.

**વિરલા અલખ લગાવે**

रमन्ते योगिनोऽस्मिन्निति रामः।

**જેમાં યોગીઓ રમણ કરે છે તે રામ. રામનો અર્થ છે શુદ્ધ આત્મા. શુદ્ધ આત્માને પ્રગટ કરવાનો જે પ્રયત્ન, તે જ વાસ્તવમાં 'રામ'નું રટણ છે. જગત પુદ્ગલમય રટણને જ સર્વસ્વ સમજી લે છે, અને એ પુદ્ગલાતીત 'અલખ'થી વંચિત રહી જાય છે.**

**અવધૂ! રામ રામ જગ ગાવે**
**વિરલા અલખ લગાવે**

સંતોની આંખોમાં શરમ અને ક્ષોભ છવાઈ ગયો છે... વર્ષોથી રામાયણ વાંચતા હતા, પણ 'રામ'નો અર્થ તો આજે જ જાણ્યો... અમે માનતા હતા કે અમે લાખો વાર 'રામ' નામનું રટણ કરી લીધું. વાસ્તવમાં તો હજી રામ-રટણનો પ્રારંભ પણ નથી થયો.

એક સંન્યાસી તત્ત્વનિર્ણય કરવા માટે ખૂબ જ ઉત્સુક હતાં, એ તરત પૂછી જ બેઠા, ''અમારા બધામાંથી સાચું કોણ?'' યોગીરાજ મરક મરક હસી રહ્યા. એમનો ઉત્તર સાંભળવા માટે બધા તલપાપડ બન્યા છે. યોગીરાજે મૃદુ, પણ મક્કમ સ્વરે કહ્યું -

## मतवाला तो मत में माता

જેને કોઈ મત છે, તે મુનિ નથી, એ તો મતાગ્રહી છે. એને તત્ત્વમાં નહીં મત્ત્વમાં રસ છે... **તત્ત્વથી વિમુખ સ્વાભિપ્રાયનો રાગ એ જ તો દૃષ્ટિરાગ છે, એ જ તો મિથ્યાત્વનો પર્યાય છે.**

**યોગસારમાં** કહ્યું છે -

सर्वेऽपि साम्प्रतं लोकाः, प्रायस्तत्त्वपराङ्मुखाः।
खिद्यन्ते बहुशो मूढा, दृष्टिरागविमोहिताः।।

વર્તમાનમાં લગભગ બધા ય લોકો તત્ત્વથી વિમુખ છે, મૂઢ છે, તેઓ વારંવાર દૃષ્ટિરાગથી અત્યંત મોહિત થાય છે અને ખેદ પામે છે.

मदीयं दर्शनं मुख्यं, पाखण्डान्यपराणि तु।
मदीय आगमः सारः, परकीयास्त्वसारकाः।।



મારો મત જ મુખ્ય છે, બીજા બધા તો ધતિંગો છે. મારા મતનું શાસ્ત્ર જ સારભૂત છે, બીજાના શાસ્ત્રો તો બોગસ છે.

तात्त्विका वयमेवान्ये भ्रान्ताः सर्वेऽप्यतात्त्विकाः।
इति मत्सरिणो दूरोत्सारितास्तत्त्वसारतः।।

અમે જ 'તત્ત્વ'ને પામેલા છીએ. બાકી બધા તો ભ્રાન્તિમાં પડ્યા છે. તેમનામાં તત્ત્વનો અંશ પણ નથી. આ રીતે બીજાઓ માટે મત્સર રાખનારા તત્ત્વના સારથી ક્યાંય દૂર ફેંકાઈ જાય છે.

## मतवाला तो मत में माता

મતાગ્રહ જ તો તત્ત્વપ્રાપ્તિમાં વિઘ્ન છે... જો તડકો ને છાંયો એક સ્થાને એક સાથે રહી શકે, તો જ મત અને તત્ત્વ એક આત્મામાં એક સાથે રહી શકે. **અભિપ્રાયની ગુલામી અધ્યાત્મથી વંચિત રાખે છે.** મતનું ફળ મત જ છે, મોક્ષ નહીં. મતાગ્રહી આત્મા વધુ ને વધુ પોતાના અભિપ્રાયનો ગુલામ જ થતો જશે. આ ગુલામી એ જ એના મતાગ્રહનું ફળ છે. **યોગબિંદુના** શબ્દો દીવાદાંડી જેવા છે -

आत्मीयः परकीयो वा कः सिद्धान्तो विपश्चिताम्?।
दृष्टेष्टाबाधितो यस्तु युक्तस्तस्य परिग्रहः।।

જેઓ ખરેખર વિદ્વાન છે, તેમને મન કોઈ સિદ્ધાન્ત પોતાનો કે પરાયો નથી. જે સિદ્ધાન્તમાં પ્રત્યક્ષ કે અનુમાનથી કોઈ બાધા ન આવતી હોય, તેનો સ્વીકાર કરવો ઉચિત છે. પૂ. હરિભદ્રસૂરિ મહારાજા સ્વયં પોતાનું ઉદાહરણ આપીને આ વાતનું સમર્થન કરે છે -

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु।
युक्तिमद्वचनं यस्य तस्य कार्यः परिग्रहः।।

મને મહાવીર પ્રત્યે પક્ષપાત છે, એવું પણ નથી, અને કપિલ વગેરે પર દ્વેષ છે, એવું પણ નથી. જેનું વચન તર્કસંગત

હોય, એના વચનનો સ્વીકાર કરવો જોઈએ અને મેં તેવું જ કર્યું છે.

સંસારયાત્રાનો પ્રેરક છે મતવાદ અને મોક્ષયાત્રાનો પ્રેરક છે તત્ત્વવાદ. મારું એ સાચું એ મતવાદનો વિકાર છે અને સાચું એ મારું એ તત્ત્વવાદનું હાર્દ છે.

એક છોકરાએ રસ્તામાં ગધેડાની પૂંછડી પકડી રાખી હતી. ગધેડો એને લાતો પર લાતો મારતો હતો. જોત જોતામાં તો એ લોહીલુહાણ થઈ ગયો... પણ તો ય એ ગધેડાની પૂંછડીને છોડતો ન હતો... લાત પર લાત... બિચારો... અધમુઓ થઈ ગયો, પણ તો ય... કો'કે એને પૂછ્યું ‘‘આ તું શું કરે છે?’’ એ માર ખાતા ખાતા મુશ્કેલીથી બોલ્યો, ‘‘પિતાની આજ્ઞાનું પાલન.’’ ‘‘શું કહ્યું છે તારા પિતાએ.’’ ‘‘એ જ કે કોઈ વસ્તુ પકડવી નહીં અને પકડી હોય, તો તેને છોડવી નહીં.’’

## मतवाला तो मत में माता

આત્મન્! એ ગધેડાની લાતોને તો ક્યાંય સારી કહેડાવે એવી સંસારની ભયાનક લાતોને તું અનંતકાળથી ખાતો આવ્યો છે. જેના મૂળમાં છે એક માત્ર મતાગ્રહ... મારું એ સાચું... પકડ્યું એ છોડું નહીં... મરી જાઉં પણ છોડું નહીં. એક વાર તું આગમધરની દેશનામાં ગયો... બધું જ તને ઉપરથી જતું રહ્યું, એકવાર ચૌદપૂર્વધરને સાંભળવાનું તારું સૌભાગ્ય જાગ્યું, પણ તારા મતાગ્રહે એને નિષ્ફળ કરી દીધું. અનંતકાળે એક વાર તને કેવળજ્ઞાનીની પ્રવચનપર્ષદામાં સ્થાન મળ્યું. પણ તે અંતરમાં એવો તો છલોછલ મતરાગ ભર્યો હતો કે એમાં કાંઈ ઉમેરવા માટે કેવળી ભગવંત પણ અસમર્થ હતા... હદ તો ત્યારે થઈ કે જ્યારે અનંત અનંતકાળે કો'ક ભવમાં તું સમવસરણના પગથિયા ચડ્યો, સાક્ષાત્ તીર્થંકરની દેશના તે સાંભળી અને માત્ર કોરે કોરો પાછો ન આવ્યો, તીર્થંકર પરમાત્માની ભૂલ કાઢીને આવ્યો, રે... કારણ એ જ... મતાગ્રહ.

## मतवाला तो मत में माता

મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા તો સ્પષ્ટ કહે છે - अतहक्कारो अभिनिवेसा

જ્યાં સાચાનો પણ સ્વીકાર નથી ત્યાં કદાગ્રહ છે, મિથ્યાત્વ છે.

સાચાનો ય અસ્વીકાર એ મતની નીપજ છે. મત એ ‘અહં’ની નીપજ છે. ‘અહં’ એ મોહની નીપજ છે અને મોહના આધારે જ તો આખો સંસાર ઊભો છે.

આત્મન્! તારી અને મોક્ષની વચ્ચે છે મત... મતને છોડી દે, મોક્ષ તારા હાથવેંતમાં છે.

મતાગ્રહ કેટલો તો ભયાનક હશે, ત્યારે એક ગ્રંથકારે આ ઉદ્ગારો કાઢ્યા હશે - धर्मरागादपि मुनिरमुनिः।

મુનિને ધર્મ પર રાગ હોય તો ય એનું મુનિત્વ રદબાતલ થઈ જાય છે.

ખૂબ ગંભીર છે આનું તાત્પર્ય. પરમ સમતારૂપ ઉત્કૃષ્ટ શ્રામણ્યને અનુલક્ષીને આ વાત છે. આપણે તો એટલું જ



જ્યાં સાચાનો સ્વીકાર નથી
ત્યાં કદાગ્રહ છે,
મિથ્યાત્વ છે.

વિચારવા જેવું છે કે જો વિશિષ્ટ દશામાં ધર્મનો રાગ પણ ત્યાજ્ય હોય, ધર્મના આગ્રહનો પણ નિષેધ હોય, તો પછી હું મારા મતનો આગ્રહ શી રીતે રાખી શકું?

## मतवाला तो मत में माता

શુદ્ધ અધ્યાત્મની પ્રાપ્તિ ત્યારે જ શક્ય છે, કે જ્યારે આત્મા પૂર્ણપણે મતમુક્ત થઈ જાય. બાકી જ્યાં સુધી મતાગ્રહ છે, ત્યાં સુધી શુદ્ધ અધ્યાત્મ તો દુર્લભ છે જ, તત્ત્વનિર્ણય પણ સુલભ નથી.


એક પાગલખાનામાં બે પાગલો ભયાનક રીતે ઝગડી પડ્યા. ઝગડાનો મુદ્દો એ હતો કે બંને પોતાની જાતને ભારતનો વડાપ્રધાન માનતા હતા. અને બીજાનો પ્રતિક્ષેપ કરતા હતા... તું શાનો વડાપ્રધાન? વડાપ્રધાન તો હું જ છું... ઝગડો ચરમસીમાએ પહોંચ્યો. કોઈ નિર્ણય થતો ન હતો. છેવટે તેમણે એક ત્રીજા પાગલને ન્યાયાધીશ તરીકે નીમી દીધો. બંનેએ પોતે જ વડાપ્રધાન છે, તેમ કહીને તેના સમર્થનમાં દલીલો રજુ કરી. ન્યાયાધીશે ચુકાદો આપ્યો, ''તમારા બંનેના કેસ કાઢી નાખવામાં આવે છે, કારણ કે ભારતનો વડાપ્રધાન તો હું જ છું.''

## मठवाला मठराता
## जटा जटाधर पटा पटाधर
## छता छताधर ताता

મઠ... જટા... પટા... છતા... મત મત ભેદે જો જઈ પૂછીએ, સહુ થાપે અહમેવ.... જેને જઈને પૂછીએ તે એમ જ કહે છે, કે ''મોટો ને મુખ્ય તો હું જ છું. સાચો તો હું જ છું. ને બીજા બધા ખોટા છે.'' શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે -

यथास्वरूपविज्ञात-तत्स्वरूपास्तु किं क्वचित् ।
विवदन्ते महात्मान-स्तत्त्वविश्रान्तदृष्टयः ?।।

જેમણે પરમાત્માના સ્વરૂપને યથાર્થપણે જાણ્યું છે, જેમની દૃષ્ટિ એક માત્ર તત્ત્વ પર પ્રતિષ્ઠિત છે, તે મહાપુરુષો કદી વિવાદ કરે ખરા? રે... વિવાદ જ પુરવાર કરે છે કે હજી શુદ્ધ આત્માને જાણ્યો જ નથી અને તત્ત્વનો પરિચય પણ થયો નથી. પછી ભલેને વ્યવહારથી તેમણે ગમે તેટલા થોથાઓને ઉથલાવી દીધા હોય...



आगम पढि आगमधर थाके
मायाधारी छाके.

दुनियादार दुनिसें लागे
दासा सब आशाके.



## अवधू! राम राम जग गावे...२

**આગમવાંચન કરીને આગમધરો થાકી ગયા છે. માયાધારીઓ છકી ગયા છે. દુનિયાદારીઓ દુનિયાથી લાગ્યા છે. તે સર્વ આશાના દાસ છે. ।।૨।।**

એક જગ્યાએ ભાગવત-કથા ચાલુ હતી. એક દિવસ કથામાં વારંવાર 'दोग्धा गोपालनन्दनः' આ પદ આવ્યું. કથા પૂરી થઈ. એક ગામડિયો કથાકાર પાસે આવ્યો. કહે, आज तो मुझे कथा में बहुत मज़ा आया। उस में भी 'दो गधा' 'दो गधा' की बात में तो ओर आनंद आया। मगर उसका अर्थ क्या है?'' કથાકારે ચિડાઈને કહ્યું, ''मैं बड़ा गधा और तूँ छोटा गधा, दौनों गधे।''

શાસ્ત્રનું તાત્પર્ય છે 'ગાય દોહનાર શ્રીકૃષ્ણ' અને શ્રોતાનો બોધ કોઈ અવળી જ દિશામાં થઇ રહ્યો છે. શાસ્ત્રનું વાંચનમાત્ર કરવું કે સાંભળવું એ અલગ વસ્તુ છે, અને શાસ્ત્રના તાત્પર્યને પામવું એ અલગ વસ્તુ છે. સર્વે શાસ્ત્રોનું એક માત્ર તાત્પર્ય છે શુદ્ધ આત્મા. શાસ્ત્રો વાંચ્યા, સાંભળ્યા, શબ્દશાસ્ત્રોને અનુસારે તેના અર્થો કર્યા, પણ જો શુદ્ધ આત્માની દિશામાં કોઈ જ પ્રગતિ ન હોય તો એ બિલ્કુલ પેલા 'દો ગધા' જેવો ઘાટ છે. શાસ્ત્રને કહેવું'તું શું? ને આપણે સમજ્યા શું?

### आगम पढि आगमधर थाके

**જે શાસ્ત્રશ્રવણનું ફળ પરિણતિ નથી, તેનું ફળ માત્ર પરિશ્રમ છે.** પછી ચાહે એ આગમો હોય, કે પછી અભવ્યના સાડા નવ પૂર્વોનું અધધધ શ્રુત હોય. શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી તો સ્પષ્ટ કહે છે -

सुबहुं पि सुयमहीअं किं काही चरणविप्पमुक्कस्स?।
अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडी वि।।

ભલે ને ગમે તેટલું શ્રુત ભણે, ગમે તેટલા શાસ્ત્રો વાંચે, ગમે તેટલા ઉપદેશો સાંભળે, પણ જેને એ જ્ઞાનની પરિણતિ પ્રાપ્તિ નથી થઈ, જેણે એ જ્ઞાનને આચરણમાં નથી લાવ્યું, તેના માટે એ સમસ્ત શ્રુત વ્યર્થ છે. બરાબર એ જ રીતે, કે જે રીતે આંધળાની સામે ધરેલા લાખ કરોડ દીવાઓ વ્યર્થ છે.

### आगम पढि आगमधर थाके

રે... જેનાથી ભવોભવનો થાક ઉતારવાનો હતો, એનાથી થાક વધારવાનું કામ થયું... જેનાથી અહંકારાદિ દોષોને દૂર કરવાના હતા, એનાથી જ એ દોષોને પુષ્ટ કરવાનું કામ થયું...

अगदो यस्य विषायति तस्य चिकित्सा कथं क्रियते?

જેની પ્રકૃતિમાં ઔષધ જ ઝેર જેવું બની જાય, તેની ચિકિત્સા શી રીતે શક્ય બને ?

જંગલમાં એક વાઘ સૂતો છે. સૂતા પહેલા એણે એક હરણનો શિકાર કરીને પોતાનું પેટ ભર્યું છે. એનું મોઢું જરા ખુલ્લું છે અને એના દાંતો વચ્ચે થોડું થોડું માંસ દેખાઈ રહ્યું છે. ત્યાં પાસેના ઝાડ પર એક પંખી આવે છે. એનું નામ છે 'મા સાહસ'. એ વારંવાર 'મા સાહસ' બોલે છે, અને સૂતેલા વાઘના દાંતમાંથી તે માંસ લઈને પાછું ઉપર જતું રહે છે.

'મા સાહસ' નો અર્થ છે સાહસ નહીં કર... જોખમ



# જ્ઞાનની પરિણતિ

## જ્ઞાનના આચરણમાં

(Risk) નહીં લે... એ પંખી બોલે તો છે, પણ તેમ કરતું નથી.

### मायाधारी छाके

વારંવાર એ શબ્દ બોલવાને કારણે તો તેનું એ નામ પડ્યું છે, અને છતાં પણ એની પ્રવૃત્તિ તો તદ્દન વિપરીત છે. ભારે કર્મી જીવોની સ્થિતિ પણ તેના જેવી હોય છે.

साहंति फुडवियडं मासाहससउणसरिसया पुरिसा।
ण य कम्मभारगरुयत्तणेण आयरंति तहा।।

'મા સાહસ' પક્ષી જેવા પુરુષો પ્રરૂપણા તો સ્પષ્ટ અને પ્રગટ રીતે કરે છે. પણ ભારેકર્મીપણાને કારણે તે રીતે આચરણ કરતાં નથી. કહેવું કંઇક ને કરવું કંઇક.

### मायाधारी छाके

માયા તો છે... છેતરપિંડી તો છે... પણ કોની? છેતરાય છે કોણ? પોતાનો આત્મા. નુકશાન કોને? પોતાના આત્માને. બે-ચાર વાર તો એ પંખી માંસ લઇ લઇને છટકી જાય છે, પણ પછી વાઘની ઊંઘ ઉડી જાય છે, એની એક ઝપટમાં એ પંખીના રામ રમી જાય છે.

**આત્મન્! માત્ર પઠન ને માત્ર કથનથી તારો નિસ્તાર નથી. તારો નિસ્તાર છે આચરણથી. આચરણ વિના તો એ પઠન ને કથન 'માયા' બની જશે, તારક બનવાને બદલે મારક બની જશે.**

### मायाधारी छाके

સિદ્ધસ્વરૂપની સુદીર્ઘ ચર્ચાઓ બાદ રાત્રિભોજન પણ ન છોડવું, એનું નામ માયા. સમતાના સુંદર વિવરણ બાદ રસલાંપટ્ય ન છોડવું એનું નામ માયા. દર્શન-જ્ઞાન-ચારિત્રની વાતો બાદ 'ક્રિયા'ની ધરાર ઉપેક્ષા કરવી, એનું નામ માયા. સાધનાના ઉચ્ચતર સોપાનોની પ્રરૂપણા બાદ પણ એરકંડીશનમાં જ બેઠા રહેવું, એનું નામ માયા. અધ્યાત્મના ઊંડાણને પીરસ્યા બાદ પણ મતાગ્રહને જ દૃઢ કરવો, એનું નામ માયા. જ્ઞાન અને ક્રિયા એ બેમાંથી એકનો પણ અપલાપ કરવો એ માયા છે. યથાશક્તિ આરાધના ન કરવી એ ય માયા છે.

### मायाधारी छाके

આ એક એવી દયનીય દશા છે, જેમાં માહિતી માયામાં પરિણમે છે, અને શાસ્ત્ર સંસારનું રૂપ ધારણ કરે છે. **યોગબિંદુમાં** પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે –

पुत्रदारादिसंसारः, पुंसां सम्मूढचेतसाम्।
विदुषां शास्त्रसंसारः, सद्योगरहितात्मनाम्।।

**અજ્ઞાની પુરુષોને પુત્ર-પત્ની વગેરેરૂપ સંસાર હોય છે, જ્યારે જે વિદ્વાનો સમ્યક્ આચરણ નથી કરતાં, તેમને શાસ્ત્રોરૂપી સંસાર હોય છે. છે તો બંનેને સંસાર જ.**

### दुनियादार दुनिसें लागे

એ ય સંસાર ને આ ય સંસાર. તેમણે સંસારને છોડ્યો નથી, પણ તેઓ સંસારને લાગ્યા છે, સંસારને વળગ્યા છે. દુનિયાદારી જ તો સંસાર છે. ભૌતિક આશંસા જ તો સંસાર છે. એક વેપારીને કાંઈક આપીને કાંઈક લેવું છે. એક મજૂરને કાંઇક કરીને વળતર

જોઈએ છે. એક નોકરને નોકરીના બદલામાં પગાર જોઇએ છે. જો વિદ્વાનને પણ આ જ વેપારવૃત્તિ (Buisness mind) હોય, તો તેઓ પણ વેપારી વગેરેની જ કક્ષામાં છે... ના, એમને ન તો સંત કહેવાય કે ન તો સાધક કહેવાય, એ તો છે માત્ર સંસારી...

## दुनियादार दुनिसें लागे

**જેના મનમાં વળતરનો વિચાર પણ ન જાગે, તેનું નામ સંત... કરીને ભૂલી જાય એનું નામ સંત... આગળ વર્તન અને પાછળ વિસ્મરણ, એનું નામ સંત.**

જો મનમાં દાનની... દામની... માનની... નામની... કામની... ધામની આશંસા છે, તો એ સંત નહીં, મહંત નહીં, સ્વામી નહીં, મહારાજ નહીં, પણ દાસ...

## दासा सब आशा के

એક કામી કામિનીનો દાસ નથી હોતો, વાસ્તવમાં તો એ પોતાની કામનાનો દાસ હોય છે. એક વેપારી ઘરાકનો દાસ નથી હોતો, હકીકતમાં એ પોતાની તૃષ્ણાનો દાસ હોય છે. જો સંત ભક્તોની ભૂતાવળમાં પડે, એક દાસ જેમ માલિકને પ્રસન્ન કરવા માટે પ્રયત્ન કરે, તેમ જો સંત પોતાના ભક્તોને પ્રસન્ન કરવા માટે પ્રયત્ન કરે, તો એ ભક્તોના દાસ નથી, પારમાર્થિક દૃષ્ટિએ દામ ને નામની આશંસાના દાસ છે.

## दासा सब आशा के

**સાચો સંત એ છે કે જેને નથી નામમાં રસ કે નથી દામમાં રસ, જેને રસ છે માત્ર રામમાં... શુદ્ધ આત્મામાં.**

યોગીરાજનો પ્રત્યેક શબ્દ એ સંતોના હૃદયની આર પાર જઇ રહ્યો છે. એમની આંખોમાં અહોભાવ છે, શરમ છે, લઘુતા છે... તો સાથે સાથે જે તત્ત્વને પામવા માટે પોતે અહીં આવ્યા હતા, તેની પ્રાપ્તિનો આનંદ પણ છે. પ્રત્યેકના હૃદયમાં બે સંકલ્પ થઈ ચૂક્યા છે. એક તો પોતાને સંત કહેડાવવાનું બંધ કરવાનો, અને બીજો સંત બનવાનો પુરુષાર્થ ચાલુ કરવાનો.

સૌના દિલમાં એક જ લાગણી છે... ''અહીં આવ્યા કે ભાગ્યના દ્વાર ખુલ્યા... યોગીની આંખો ઉઘડી કે અમીદૃષ્ટિ વરસી... યોગીના ઓષ્ઠ ઉઘડ્યા ને અધ્યાત્મનો ખજાનો ખુલ્યો...'' આ તો માત્ર ઝલક છે. યોગીરાજની અધ્યાત્મધારા તો હજી અનરાધાર વરસી જ રહી છે.



बहिरातम मूढा जग जेता
माया के फंद रहेता.

घट अंतर परमातम भावे
दुरलभ प्राणी तेता.



## अवधू! राम राम जग गावे...३

જગતમાં જેટલા બહિરાત્મા જીવો છે, તેઓ મૂઢ છે, તેઓ માયાના ફંદામાં રહે છે. જેઓ અંતરમનમાં પરમાત્માનું ધ્યાન કરે છે, તે પ્રાણીઓ દુર્લભ છે. ।।૩।।

ત્રણ પ્રકારના આત્મા છે. ૧. બાહ્યાત્મા ૨. અંતરાત્મા ૩. પરમાત્મા.

**અધ્યાત્મસારમાં** કહ્યું છે -

कायादिर्बहिरात्मा तदधिष्ठाताऽन्तरात्मतामेति।
गतनिःशेषोपाधिः परमात्मा कीर्त्तितस्तज्ज्ञैः।।२०-२१।।

શરીર વગેરે બાહ્યાત્મા છે. શરીર વગેરેનો અધિષ્ઠાયક એ અંતરાત્મા છે. અને સર્વ ઉપાધિ રહિત એ પરમાત્મા છે. જીવની અવસ્થાને આશ્રીને તે તે આત્મા વ્યક્ત થાય છે...

विषयकषायावेशस्तत्त्वाश्रद्धा गुणेषु च द्वेषः।
आत्माज्ञानं च यदा बाह्यात्मा स्यात्तदा व्यक्तः।।२०-२२।।

બાહ્યાત્માની અભિવ્યક્તિના ચાર લક્ષણ છે.

૧. વિષય-કષાયનો આવેશ :- જ્યારે આત્મા ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત બને અને કષાયોને આધીન બને.

૨. તત્ત્વ પ્રત્યે અશ્રદ્ધા :- જ્યારે આત્માને વાસ્તવિકતા ઉપર પણ વિશ્વાસ ન બેસે.

૩. ગુણો પ્રત્યે દ્વેષ :- જ્યારે જીવને કોઈની ઉદારતામાં ઉડાઉપણુ લાગે, નમ્રતામાં કાયરતા લાગે, ધર્મનિષ્ઠતામાં ધતિંગ લાગે.

૪. આત્માનું અજ્ઞાન :- 'હું શરીર છું' આ ગેરસમજ એટલી દૃઢ બની ગઈ હોય, કે 'હું આત્મા છું' એવી સમ્યક્ સમજ સ્વપ્નમાં પણ દુર્લભ બની જાય.

### बहिरातम मूढा जग जेता
### माया के फंद रहेता

બાહ્યાત્મા હંમેશા મૂઢ હોય છે.. મોહિત હોય છે... વસ્તુસ્થિતિ જેવી હોય, એનાથી વિપરીત દર્શન કરાવનાર મોહ હોય છે. મોહને કારણે જીવને પાપમાં સુખદાયકતા દેખાય છે, મોહને કારણે સ્ત્રીમાં સૌંદર્ય દેખાય છે, મોહને કારણે શરીરમાં પોતાની જાત દેખાય છે.

### बहिरातम मूढा जग जेता

જગતના મોટા ભાગના જીવો બાહ્યાત્મા છે... સરળ ભાષામાં કહીએ તો અંધ છે. નથી એમને ખાડા દેખાતા, નથી ટેકરા દેખાતા, નથી પથરાં દેખાતા, ને નથી તો કાંટા દેખાતા... બિચારા પડે છે, આથડે છે, કુટાય છે, ઘવાય છે, દુઃખી ને મહાદુઃખી થાય છે. અને એના કરતાં ય વધુ દુઃખદ બીના તો એ છે કે એમને એમના દુઃખનું કારણ જ સમજાતું નથી, અરે, તેઓ તો સુખના કારણને દુઃખનું કારણ સમજી લે છે, અને દુઃખના કારણને સુખનું કારણ સમજી લે છે... ફરી અવળા કામ કરે છે, અને ફરી દુઃખોના ડુંગરા તેમના માથે તૂટી પડે છે.

### बहिरातम मूढा जग जेता

**આત્મન્! બાહ્યતા જ તો એ બલા છે, જેણે તને અનંતકાળ સુધી ભયાનક રીતે રિબાવ્યો છે. સુખી થવું હોય, તો એનો એક જ ઉપાય છે. બાહ્યને છોડીને અંતરમાં આવી જા... અને અખંડ આનંદનો આસામી થઈ જા.**



જાતે કરેલી જાતની છેતરામણી એટલે બાહ્યતા. સ્વયં માયાજાળનું સર્જન કરીને સ્વયં તેમાં ફસાવું એટલે બાહ્યતા.

## माया के फंद रहेता

ઝાડના ઠૂંઠાને કોઇ માણસ સમજી લે, અને એમ સમજીને એની સાથે જે વ્યવહાર કરે, એ બધો અસત્ કહેવાય... માયા કહેવાય. બાહ્યાત્માની એક ગંભીર ગેરસમજ હોય છે કે 'શરીર એ જ હું છું.' હવે એ શરીર સાથે જે વ્યવહાર કરે, એ બધો માયાના ખાતે જાય. **માયા કરનાર પણ ખુદ, જેની સાથે માયા કરે છે એ પણ ખુદ, અને એ માયાના માઠા ફળ ભોગવનાર પણ ખુદ.**

## माया के फंद रहेता

બીજા નંબરે આવે છે અંતરાત્મા. જ્યારે પાંચ લક્ષણ આત્મસાત્ થાય, ત્યારે અંતરાત્મા વ્યક્ત થાય છે.

तत्त्वश्रद्धा ज्ञानं महाव्रतान्यप्रमादपरता च।
मोहजयश्च यदा स्यात् तदान्तरात्मा भवेद् व्यक्तः।।

૧. તત્ત્વશ્રદ્ધા :- તત્ત્વ એ સાચું જ છે, અને તત્ત્વ જ સાચું છે, આ દૃઢ અભિગમ એ તત્ત્વશ્રદ્ધા છે. સ્ત્રી અશુચિમય છે, પાપથી દુઃખ, ધર્મથી સુખ... આ એક એક તત્ત્વ પ્રત્યે અંતરાત્માને પૂર્ણ શ્રદ્ધા હોય, અને આ શ્રદ્ધા એના આચરણમાં પ્રગટ થતી હોય. **સાચી શ્રદ્ધા હંમેશા સક્રિય હોય છે. શ્રદ્ધાને અનુરૂપ ક્રિયા નથી, અર્થાત્ એ શ્રદ્ધા સાચી નથી.**

૨. જ્ઞાન :- વસ્તુસ્વરૂપ જેવું હોય, તેવું તેને જાણવું, એ સમ્યક્ જ્ઞાન. હું શરીર નથી, હું આત્મા છું, સંસાર અનાદિ છે, આત્મા અને કર્મનો સંયોગ અનાદિ છે... ઇત્યાદિ વિષયક વિશિષ્ટ બોધ એ સમ્યક્ જ્ઞાન. **અંતરાત્માનો અનન્ય આધાર છે જ્ઞાન. બાહ્યાત્માને પરમાત્મા બનાવનાર છે જ્ઞાન.**

૩. મહાવ્રતો :- નિશ્ચય નયનો સ્પષ્ટ મત છે કે જે ક્ષણે શ્રદ્ધા અને જ્ઞાનની પ્રાપ્તિ થાય, એ જ ક્ષણે ચારિત્રની પ્રાપ્તિ થાય છે. અંતરાત્મા અવશ્ય ચારિત્રી હોય છે. જે ચારિત્રી નથી, એ બાહ્યાત્મા છે. હજી સુધી એને આત્મજ્ઞાન, કર્મજ્ઞાન, ભવસ્વરૂપજ્ઞાન અને તત્ત્વશ્રદ્ધાની પ્રાપ્તિ નથી થઈ. સંપૂર્ણ અહિંસા, સંપૂર્ણ સત્ય, સંપૂર્ણ અસ્તેય, સંપૂર્ણ બ્રહ્મચર્ય અને સંપૂર્ણ અપરિગ્રહ... **મહાવ્રતો એ અંતરાત્માનું ઓળખપત્ર છે અને પરમાત્મપદની યોગ્યતાનું પ્રમાણપત્ર છે. જિનશાસન આડંબર ને આલાપ-પ્રલાપમાં નહીં, આચરણમાં માને છે.**

૪. અપ્રમાદતત્પરતા :- જેટલા અંશે પ્રમાદ છે, એટલા અંશે અચારિત્ર છે, એવો નિશ્ચયનયનો મત છે. અંતરાત્મા સદા જાગૃત હોય, અપ્રમત્ત હોય. એનો સાધનાનો થનગનાટ કદી પણ ઓસરે નહીં. લોભીને જેવું ધનપ્રાપ્તિનું લક્ષ્ય હોય, એવું અંતરાત્માને

**આત્મશુદ્ધિનું લક્ષ્ય હોય,** ન તો એ કદી થાકે, ન તો કંટાળે, અને ન તો એને ઘણું કર્યાનો સંતોષ પણ થાય.

**૫. મોહજય :- દર્શન, જ્ઞાન, ચારિત્રની અપ્રમત્ત સાધનાનું ફળ છે મોહજય, જેમાં અંતરાત્મા અજ્ઞાનના અસ્તિત્વને મૂળમાંથી ઉખેડી દે છે. ભ્રાન્તિને અભ્રાન્તપણે ઓગાળી દે છે, અને અંતરંગ યુદ્ધમાં મોહરાજાને ધોબીપછાડ હાર આપીને વિજય વરે છે.**

આ એવી ક્ષણ છે, જે ક્ષણે અંતરાત્મા પરમાત્મા બની જાય છે.

> ज्ञानं केवलसञ्ज्ञं योगनिरोधः समग्रकर्म्महतिः।
> सिद्धिनिवासश्च यदा परमात्मा स्यात्तदा व्यक्तः।।

પરમાત્માની અભિવ્યક્તિના ચાર સોપાન છે.

૧. કેવળજ્ઞાન :- મોહજય થાય, તેની માત્ર અંતર્મુહૂર્તની અંદર કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. **વીતરાગતાનું ફળ છે સર્વજ્ઞતા...** માહિતી મેળવવા પાછળ આપણે જેટલો પુરુષાર્થ કરીએ છીએ, તેથી વધુ પુરુષાર્થ રાગ-દ્વેષ ઓછા થાય, તે માટે કરવા જેવો છે. રાગ-દ્વેષનો સંપૂર્ણ ક્ષય થશે, તેની થોડી જ પળોમાં એ પળ આવશે, કે જ્યારે દુનિયાની કોઈ પણ માહિતીથી આપણે વંચિત નહીં હોઈએ.



૨. યોગનિરોધ :- મન, વચન અને કાયાની સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રવૃત્તિનો પણ સંપૂર્ણપણે ત્યાગ એટલે યોગનિરોધ. જેને બીજા શબ્દોમાં અયોગ કહેવાય છે. શ્રેષ્ઠતમ યોગ છે અયોગ - अतस्त्वयोगो योगानां सर्वश्रेष्ठ उदाहृतः।

૩. સર્વકર્મક્ષય :- યોગનિરોધના પ્રત્યેક સમયે પૂર્વ સમય કરતા અસંખ્યગુણ - અસંખ્યગુણ નિર્જરા થાય છે, અને એના ચરમ સમયે સર્વ કર્મોનો ક્ષય થાય છે.

૪. સિદ્ધિનિવાસ :- અને તેની પછીના જ (very next) સમયે આત્મા સિદ્ધશિલાની ઉપર સિદ્ધાત્મારૂપે સદા માટે પ્રતિષ્ઠિત થઈ જાય છે.

વિશ્વમાં વિરલ છે તેવા અંતરાત્માઓ, જેઓ પરમાત્માનું પરિભાવન કરીને ખુદ પરમાત્મા બની જાય છે.

**ઘટ અંતર પરમાતમ ભાવે**
**દુરલભ પ્રાણી તેતા**

ભાવના એ વિચારરૂપ જ નથી હોતી. ભાવનાનો એક અર્થ છે અભ્યાસ. અંતરાત્મા પરમાત્મપદનો અભ્યાસ કરે છે. દર્શન, જ્ઞાન, ચારિત્રની અપ્રમત્ત સાધના દ્વારા પરમાત્મપદના આવરણોને દૂર કરે છે. આ સાધના જ્યારે પરાકાષ્ઠાએ પહોંચે છે, ત્યારે પરમાત્મપદની આડે રહેલું અંતિમ આવરણ પણ દૂર થાય છે. પરમાત્મા પ્રગટ થાય છે. અંતરાત્મા એના અંતિમ લક્ષ્યને પામી લે છે. અંતરાત્માનું સ્વરૂપ છે પરમાત્મ-પરિભાવના.

**ઘટ અંતર પરમાતમ ભાવે**
**દુરલભ પ્રાણી તેતા**

કાર્તિકેય અનુપ્રેક્ષા નામના ગ્રંથમાં ત્રણ પ્રકારના અંતરાત્મા કહ્યા છે. ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય. મુનિ એ ઉત્કૃષ્ટ અંતરાત્મા છે, શ્રાવક એ મધ્યમ અંતરાત્મા છે અને અવિરત સમ્યગ્દષ્ટિ એ જઘન્ય અંતરાત્મા છે. આ રીતે અન્ય મતે...

| ગુણસ્થાનક | આત્મા |
|---|---|
| ૧ થી ૩ | બાહ્યાત્મા |
| ૪ થી ૧૨ | અંતરાત્મા |
| ૧૩ થી ૧૪ | પરમાત્મા |

વિશ્વમાં અંતરાત્માઓ કેટલા?... સર્વ જીવોના અનંતમા ભાગે પણ નહીં... દુર્લભપદની અગાધતા સમજાય, તો અંતરાત્માઓની યથાર્થ દુર્લભતા સમજાય.

## ઘટ અંતર પરમાતમ ભાવે
## દુરલભ પ્રાણી તેતા

આત્મન્! અનાદિકાળ તેં વીતાવ્યો બાહ્યાત્મારૂપે. તું બાહ્યાત્મા હતો, માટે જ તારો સંસાર હતો. અંતરાત્મા થઈને પરમાત્મા બનવા માટેનો આ અવસર છે. બાહ્યાત્માપણું એક એવો અપરાધ છે, જેની સજા છે ભયાનક ભવભ્રમણ... બસ, ખૂબ ભોગવી તેં આ કાળી સજા... હવે ફગાવી દે બાહ્યાત્માપણું... બની જા અંતરાત્મા. ટૂંક જ સમયમાં પરમાત્મપદ તારું હાર્દિક સ્વાગત કરતું હશે.

આત્મન્! સંક્ષેપમાં સમજી લે... **બાહ્યાત્મા પાપરૂપ છે, અંતરાત્મા સાક્ષીરૂપ છે અને પરમાત્મા પૂર્ણરૂપ છે.** જો યોગીરાજના જ આ શબ્દો...

ત્રિવિધ સકલ તનુધર ગત આતમા, બહિરાતમ ધુરિ ભેદ,
બીજો અંતર આતમ તીસરો, પરમાતમ અવિચ્છેદ... ૨

આતમબુદ્ધે કાયાદિક ગ્રહ્યો, બહિરાતમ અઘરૂપ,
કાયાદિકનો હો સાખીધર રહ્યો,
અંતર આતમ રૂપ... ૩

જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજિત સકલ ઉપાધિ,
અતીન્દ્રિય ગુણગણ મણિ આગરુ,
એમ પરમાતમ સાધી... ૪

બહિરાતમ તજી અંતર આતમા, રૂપ થઈ થિર ભાવ,
પરમાતમનું હો આતમ ભાવવું,
આતમ અરપણ દાવ... ૫

॥ સુમતિનાથસ્તવના ॥

એક બાજુ સૃષ્ટિમાં સૂર્યનો ઉદય થઇ રહ્યો છે, અને બીજી બાજુ સંતોની આંતરસૃષ્ટિમાં જ્ઞાનનો ઉદય થઇ રહ્યો છે. સૂર્યકિરણો સાથે મિશ્રિત બનેલી યોગીરાજની આંખોની ચમક અનેકગણી બની છે અને એ સંતોના અંતરમાં અનેરો પ્રકાશ પથરાઈ રહ્યો છે.



બાહ્યાત્મા પાપરૂપ,
# અંતરાત્મા સાક્ષીરૂપ
# અને પરમાત્મા પૂર્ણરૂપ છે.

**દ્વયોપનિષદ્‌ના** શબ્દો અહીં સાર્થક થઈ રહ્યા છે –


गुशब्दस्त्वन्धकारस्स्याद्, रुशब्दस्तन्निरोधकः।
अन्धकारनिरोधत्वाद्, गुरुरित्यभिधीयते।।४।।

‘ગુ’ એટલે અંધકાર અને ‘રુ’ એટલે રોકનાર. અંધકારોને ઉલેચી નાખે તે ગુરુ.

**શિષ્યનું શ્રેષ્ઠતમ સૌભાગ્ય ‘ગુરુ’ હોય છે...** જે એને જ્ઞાન આપે છે... પ્રકાશ આપે છે... સર્વસ્વ આપે છે. નગરજનો અત્યંત અહોભાવથી સર્વસ્વ-સમર્પણના આ સુભગ સંમેલનને જોઈ રહ્યા છે. એક બાજુ સૂર્ય ઉંચે ચઢી રહ્યો છે અને બીજી બાજુ એ બધાની વૃત્તિ ઉર્ધ્વારોહણ કરી રહી છે.

એક સંતની આંખોમાં પ્રગટ થતા પ્રશ્નને યોગીરાજે વાંચી લીધો... એમના સ્મિતે સમ્મતિ આપી, અને એ સંતે પૂછ્યું, ‘‘પરમાત્માને પામવા માટે અમે આ પંથ લીધો... આજે વર્ષો વીતી ગયા... ઘણું ફર્યા, ઘણું ભટક્યા, ઘણી શોધખોળ કરી, પણ આજ સુધી ક્યાંય પરમાત્માના પ્રત્યક્ષ દર્શન નથી... મારી તો એક જ ઝંખના છે, પ્રભુનો સાક્ષાત્કાર કરવાની... શી રીતે થશે સાક્ષાત્કાર?’’

સંતે બધાના અંતરની વાત કરી હતી. યોગીરાજના હોઠ ખુલે એ માટે બધા ઉત્સુક છે... યોગીરાજના હોઠ ખુલે એ પહેલા એમની આંખો મીંચાઈ ગઈ... પ્રકૃતિના અગાધ ઊંડાણમાં એ ગરકાવ બની ગયા... થોડી ક્ષણો એમ જ વીતી... એ યોગમુદ્રામાંથી જ કાંઈક પામી લેવાનો પ્રયાસ સૌ કરી રહ્યા છે, એ સમયે યોગીરાજના ઉદ્‌ગારો સહજરૂપે ઉદ્‌ભવ પામ્યા...



खग पद गगन मीन पद जल में
जो खोजे सो बौरा.

चित्त पंकज खोजे सो चिह्ने
रमता आनंद भौरा.



## अवधू! राम राम जग गावे...૪

જે પક્ષીના પગલાને આકાશમાં શોધે અને માછલીના પગલાને પાણીમાં શોધે, તે મૂર્ખ છે. જે હૃદયકમળમાં શોધે, તેને રમણ કરતો આનંદ-ભમરો દેખાય. ||૪||

શાસ્ત્રમાં કહ્યું છે –

मच्छपयाइं जलम्मि आगासे पंखियाण पयपंती।
महिलाण हिययमग्गो तिन्नि वि लोए न दीसंति।।

દુનિયામાં ત્રણ વસ્તુ અદૃશ્ય છે. ૧. પાણીમાં માછલીના પગલાં ૨. આકાશમાં પંખીના પગલા ૩. સ્ત્રીઓનો હૃદયમાર્ગ. એને શોધવામાં જિંદગી આખી પૂરી થઈ જાય, પણ એ મળે નહીં. જે એને શોધે છે એ મૂર્ખ છે.

### खग पद गगन मीन पद जल में
### जो खोजे सो बौरा

એક માણસનો કૂતરો બગીચામાં ખોવાઈ ગયો. બે કલાક સુધી એ શોધી શોધીને થાકી ગયો. એવામાં એનો મિત્ર મળી ગયો. મિત્રને વાત કરી. એ કહે, “તું અહીં જ બેસ. હવે હું શોધું છું.” મિત્ર ગયો. બે જ મિનિટમાં કૂતરાને શોધીને લઈ આવ્યો. પેલો તો આશ્ચર્યચકિત થઈ ગયો... “શી રીતે?” “Easy!... મેં એટલું જ વિચાર્યુ કે હું કૂતરો હોઉં, તો ક્યાં જાઉં? હું ત્યાં ગયો, અને કૂતરો ત્યાં જ હતો.”

શોધની સફળતા પાછળ વિચારશક્તિ કામ કરતી હોય છે, અને શોધ જેટલી વિકટ હોય, એટલો જ એ વધુ વિચાર માંગતી હોય છે. વિશ્વનું દુર્લભતમ તત્ત્વ છે પરમાત્મા... વિકટતમ છે એની શોધ... વિના વિચારે હિમાલય ખોદી આવો કે સાગરનું પેટાળ ફેંદી આવો... પરમાત્મા નહીં મળે... પેલા મિત્રે પ્રાણીને શોધવા માટે તેના સ્વભાવનો વિચાર કર્યો હતો, પરમાત્માને શોધવા માટે એના સ્વરૂપનો વિચાર કરવો જોઈએ.

બહાર તો જે કાંઈ પણ દેખાય છે, તે પુદ્ગલ છે... જડ છે... પરમાત્મા તો ચૈતન્યમય છે... જ્ઞાનમય છે, જડમાં ચૈતન્ય ન મળે, પુદ્ગલમાં પરમાત્મા ન મળે... જે જ્યાં નથી, તેને ત્યાં શોધવું એ મૂર્ખતા છે.

### खग पद गगन मीन पद जल में
### जो खोजे सो बौरा

ના ભાઈ ના, આ રીતે પરમાત્મા નહીં મળે, **પરમાત્માને પામવા માટે તો પરપરિણતિના પડળોનું પ્રક્ષાલન કરવું પડે... દૃશ્ય પરથી દૃષ્ટિને ઉઠાવી લઈને દૃષ્ટા ઉપર દૃષ્ટિને કેન્દ્રિત કરવી પડે. વિભાવોના વમળમાંથી બહાર નીકળીને સ્વભાવનિષ્યંદમાં સમાઈ જવું પડે.** આટલું કરો એટલે હૃદયકમળમાં આનંદસ્વરૂપ પરમાત્મા પોતે જ પ્રત્યક્ષ થાય છે.

### चित्त पंकज खोजे सो चिह्ने
### रमता आनंद भौरा

ભમરો કમળમાં રમણ કરે છે. આનંદસ્વરૂપ પરમાત્મા હૃદયમાં રમણ કરે છે. પૂ. સિદ્ધસેન દિવાકરસૂરિજી પરમાત્માની સ્તુતિમાં કહે છે –



# તું માત્ર તને શોધી લે

त्वां योगिनो जिन! सदा परमात्मरूप-
मन्वेषयन्ति हृदयाम्बुजकोषदेशे।

પ્રભુ! યોગીઓ પોતાના હૃદયકમળની કર્ણિકામાં પરમાત્મ-સ્વરૂપી આપની શોધ કરે છે.

એક હતું ઝરણું... પર્વતની ટોચ પરથી એણે ખૂબ ઉલ્લાસથી ઝંપલાવ્યું. એ એટલા તો વેગથી પડ્યું કે નીચેની શિલામાં ખાડો પડી ગયો, ઝરણાને પણ વાગ્યું તો ખરું, પણ એને દુઃખ કોઇ બીજી જ વાતનું હતું... એની યાત્રા આગળ વધી... પર્વતીય પ્રદેશના એ ઢોળાવોમાં એની ગતિ ગજબની હતી, ક્યારેક તો એ ખૂબ ઉલ્લાસમાં ઉછળ-કૂદ કરતું હતું, પણ કોણ જાણે કેમ? ફરી એ ઉદાસ થઈ જતું હતું. ખૂબ ખૂબ યાત્રા કર્યા બાદ એ સપાટ પ્રદેશમાં આવ્યું. હવે તો એ ઝરણામાંથી નદી બની ચૂક્યુ હતું. હવે એની ગતિ પણ સાવ મંદ થઈ ગઇ હતી અને એની હતાશા ને નિરાશા પણ પરાકાષ્ઠાએ પહોંચી હતી. કો'ક કો'ક વળાંકોમાં એની ઉત્સુકતા ખૂબ વધી જતી, પણ ફરી એ સાવ જ ઉદાસ બની જતું અને હવે તો દરિયો પણ આવી ગયો... દરિયામાં સમાવાનું ચાલુ પણ થઇ ગયું. પણ એ તો જાણે સાવ જ મૃતપ્રાયઃ... મડદાલ થઈ ગયું હતું.

કોઇને ખૂબ આશ્ચર્ય થયું - ઝરણાની આશા અને નિરાશા એ બંનેનું રહસ્ય શું હતું? આખરે એણે પૂછી જ લીધું... ''તારે જોઇતું'તું શું?'' ઝરણાએ ખૂબ મંદ સ્વરે જવાબ આપ્યો... ''પાણી.''

**ઝરણું શોધે નીરને, દીપક શોધે તેજ,**
**જીવ શોધે બ્રહ્મને, એ માયાના ખેલ.**

**આત્મન્! એ તું જ છે. તું માત્ર તને શોધી લે. પરમાત્મા તને એ જ ક્ષણે મળી જશે.**

## ચિત્ત પંકજ ખોજે સો ચિહ્ને
## રમતા આનંદ ભૌરા

આત્મન્! મુકી દે બધા જ બાહ્યભાવોને... ઉતરી જા તારી ભીતરમાં... અંદર... હજી અંદર... ના... આ પણ પરમાત્મા નથી... હજી અંદર જા... ના, અટકતો નહીં... થાકતો નહીં... બસ, વધુ ને વધુ અંદર... જતો જ જા... તને જે પરિણામ મળવાનું છે, તેની અપેક્ષાએ આ પુરુષાર્થ કંઈ જ નથી... ચાલતો રહે... ભીતરની ય ભીતરમાં... ઓર ભીતરમાં... ચિત્તપંકજની સુવાસ ધીમે ધીમે વધી રહી છે... આનંદ-ભ્રમરનો ગુંજારવ વધુ ને વધુ સ્પષ્ટ થઇ રહ્યો છે. સુખની સંવેદના તીવ્ર... તીવ્રતર થઈ રહી છે... બસ... લગીરે ડગતો નહીં... શંકાશીલ બનતો નહીં... તું પરમાત્માની સમીપ જઇ રહ્યો છે, અને પરમાત્મા તારી સમીપ આવી રહ્યા છે.

## ચિત્ત પંકજ ખોજે સો ચિહ્ને
## રમતા આનંદ ભૌરા

લોકોના ચહેરા પરનો અહોભાવ આસમાને પહોંચ્યો છે. સંતોની આંખોમાંથી કૃતજ્ઞતાના અશ્રુઓ સરી રહ્યા છે. યોગીરાજે માત્ર પંથ નથી આપ્યો, પાથેય પણ આપ્યું છે... માત્ર દિશા નથી આપી, દીવાદાંડી પણ આપી છે... અભિષેક યોગીરાજના ચરણો પર થઈ રહ્યો છે... નિર્મળ એ સંતોના હૃદય થઈ રહ્યા છે... એ મહાયોગીની ચરણરજ માથે ચડાવીને એક શુભ સંકલ્પ સાથે બધાએ નગર તરફ પ્રસ્થાન કર્યું છે, અને એક સ્મશાનયાત્રા તેમને શુકન આપી રહી છે.

વિ.સં. ૨૦૬૭
આસો વદ ૯

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.



# પદ-૨૮

**લાચારીથી ખુમારી તરફ...**
**પરાભૂતિથી અનુભૂતિ તરફ...**
**ભ્રમણથી રમણ તરફ...**
**એ જઈ રહ્યા છે, આપણે જોડાઈ જઈએ.**

## *An another name of death -Desire*

• એને 'કાંઈક' જોઈતું હતું. • એનું મન એને યાદ કરી કરીને ઉદાસ બની જતું હતું. • એને પામવાની ઝંખનાથી એ સૂકાતો જતો હતો. • એણે એને મેળવવા માટે ભગીરથ પુરુષાર્થ કર્યો. • એણે એની બધી શક્તિ લગાડી દીધી. • ક્યારેક એ આકાશ-પાતાળ એક કરી રહ્યો હતો. • ક્યારેક એ લોહી-પાણી એક કરી રહ્યો હતો. • છતાં ય નિષ્ફળતા મળી. • એ સાવ જ ભાંગી પડ્યો. • એ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. • ફરી ક્લેશ... ફરી સંક્લેશ... • ફરી આશા... ફરી નિરાશા... • આખરે એક પળે એને એ વસ્તુ મળી ગઈ. • એક ક્ષણ માટે તો એ ખુશીથી પાગલ થઈ ગયો. • પણ ક્યાંક એ વસ્તુ જતી ન રહે, એ ભયથી એની બધી જ મજા મરી ગઈ. • એ ગભરાઈ ગયો. • એ મુંઝાઈ ગયો. • એ વસ્તુ શી રીતે સાચવવી? એના વિચારોમાં એનું મન આકુળ-વ્યાકુળ થઈ ગયું. • હજારો-લાખો વિકલ્પો કીડા બનીને એના હૃદયને કોતરવા લાગ્યા. • એ પહેલા કરતા પણ વધુ દુઃખી-મહાદુઃખી થઈ ગયો. • એ રડી રહ્યો છે. • એ વસ્તુ સડી રહી છે. • પરિસ્થિતિ વધુ ને વધુ બગડી રહી છે. • એને 'કાંઈક' જોઈતું હતું. એ = આપણો આત્મા. વસ્તુ = ઈષ્ટ વિષય. આ ઘટના = આપણા ભયાનક ભૂતકાળનો સારાંશ. જો વર્તમાન પણ આ જ છે, તો ભવિષ્ય પણ નિશ્ચિતપણે આ જ હોવાનું છે. શે બચવું આ વિષયચક્રમાંથી?... શે તરવો આ દુઃખનો દરિયો?... એક મહાયોગી આપણને એનું જ માર્ગદર્શન આપી રહ્યા છે... એ તરી ગયા છે... આપણે તરી જઈએ...


**- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**

आशा औरन की क्या कीजे?
ग्यान सुधारस पीजे,
आशा औरन की क्या कीजे?...
भटके भटके द्वार लोकन के
कूकर आशाधारी,
आतम अनुभव रस के रसीया
उतरे न कबहु खुमारी.
आशा औरन की क्या कीजे?...१

आशा दासी के जे जाए
ते जन जग के दासा,
आशा दासी करे जे नायक
लायक अनुभव प्यासा.
आशा औरन की क्या कीजे?...२

मनसा प्याला प्रेम मसाला
ब्रह्म अग्नि परजाली,
तन भाठी अवटाइ पीए कस
जागे अनुभव लाली.
आशा औरन की क्या कीजे?...३

अगम पीआला पीओ मतवाला
चीह्ने अध्यातम वासा,
आनंदघन व्हे जग में खेले
देखे लोक तमासा.
आशा औरन की क्या कीजे?...४



आशा औरन की क्या कीजे?
ग्यान सुधारस पीजे.
आशा औरन की क्या कीजे?...

भटके भटके द्वार लोकन के
कूकर आशाधारी.

आतम अनुभव रस के रसीया
उतरे न कबहु खुमारी.

**आशा औरन की
क्या कीजे?...१**

'પર'ની શું આશા રાખવી? જ્ઞાન સુધારસનું પાન કરવું. આશા રાખનાર કૂતરો લોકોના બારણે બારણે ભટકે છે. પણ જેઓ આત્માનુભૂતિના રસના રસિક છે, તેમની ખુમારી કદી ઉતરતી નથી. ||૧||

મારવાડની ગૌરવવંતી વસુંધરા... તીર્થો ને સંતોની ગરવી ભૂમિ... તેમાં એક ગામ છે. સાવ નાનું નહીં, તો બહુ મોટું પણ નહીં. ગામની વચ્ચોવચ સરસ મજાનો ઉપાશ્રય છે. એક જ પરિવારે બંધાવેલો. સકળ શ્રીસંઘ એમાં આરાધના કરે છે... આ વર્ષે તો એ પરિવારે કોઈ અલખ નિરંજન અવધૂતનું ચોમાસું કરાવ્યું છે. મહાત્મા ત્યાગી-વૈરાગી છે, તો જ્ઞાની-ધ્યાની પણ છે. એ પરિવારના વડીલ આગ્રહભરી વિનંતિ કરી કરીને ગોચરી વહોરાવવા માટે પોતાના ઘરે લઈ જાય છે. સુખ-શાતા ને કામકાજ પૂછે છે, ચૌમાસી ચૌદશના દિવસે તો એમણે મહાત્માને પરાણે વસ્ત્રો પણ વહોરાવ્યા. આમ પણ એ મહાત્માના વસ્ત્રો હવે નિરુપયોગી બની ચૂક્યા હતા.

ચોમાસું ચાલુ થયું... જોતજોતામાં તો પર્યુષણના દિવસો પણ આવી ગયા છે. આજે પહેલો દિવસ... વ્યાખ્યાનનો સમય થઈ ગયો... આખો ઉપાશ્રય ખીચો ખીચ ભરાઈ ગયો. અવધૂતે પ્રવચન-પીઠિકાને પાવન કરી છે. હજી તો માંગલિક કરવા જાય છે, ત્યાં આગળ બેઠેલા મોભીઓએ હાથથી નિષેધસૂચક ઈશારો કર્યો.

અવધૂત વિચારમાં પડી ગયા. ઈશારાથી જ તેઓ કારણ પૂછે છે, અને પેલાઓ કંઇક ક્ષોભ ને કંઇક ડર સાથે 'ના'નો ઈશારો કરતા જાય છે. હવે અવધૂતને પ્રગટ પ્રશ્ન કરવો જરૂરી લાગ્યો, એમણે પૂછ્યું, અને પેલા મોભીઓએ સહેજ સંકોચ સાથે કહ્યું, ''बावशी, अटे नो शिरस्तो हे, सेठ आवी पुठे वखाण व्हे...'' અવધૂત બે મિનિટ મૌન થઈ ગયા... સભા બેઠી રહી છે... સમય આગળ વધી રહ્યો છે. અવધૂતે ગંભીર સ્વરે કહ્યું, ''જિનવાણીને આ રીતે કોઈને આધીન રાખવી ઉચિત નથી. સંઘે નિશ્ચિત કરેલા સમયે વ્યાખ્યાન ચાલુ થવું જોઇએ.''

આમ કહી એ અવધૂતે જિનવાણીની ગંગા વહેવડાવવાનો પ્રારંભ કરી દીધો... જિનાગમના આધારે પંચ કર્તવ્યની એ વિવેચના.. એ સ્વર... એ શૈલી... એ સંવેદના... એ ભાવાભિવ્યક્તિ... સમગ્ર સભા એકાકારપણે સાંભળી રહી છે. કેટલાય આત્માઓ



ગદ્ગદ્ ગદ્ગદ્ બન્યા છે, કેટલાયની આંખોમાં ઝળહળિયા આવ્યા છે, કેટલાય તો અશ્રુધારા વહાવી રહ્યા છે. અવધૂત વિષયના ઊંડાણને આંબી રહ્યા છે. વ્યાખ્યાનની ગરિમા ચરમસીમાએ પહોંચી છે...

ત્યાં તો પેલા ઉપાશ્રયવાળા શેઠ આવી ગયા. મુખ્ય દરવાજેથી જ તેમને ખ્યાલ આવી ગયો કે વ્યાખ્યાન તો ચાલુ થઈ ગયું છે. એમનો મગજનો પારો ગયો... ધમાધમ કરતાં, સભાને ખૂંદીને એ ઠેક પાટ પાસે આવીને ઊભા... એમના ચહેરા પર તીવ્ર આવેશ છે. આખી સભા સ્તબ્ધ છે, પણ અવધૂત તો પૂર્ણતયા સ્વસ્થ છે. શેઠ થોડા ઝંખવાણા પડીને બેસી ગયા... પ્રવચનધારા આગળ વધી... સભાના મનમાં તર્ક-વિતર્ક ચાલી રહ્યા છે... શેઠ મનમાં ધુંધવાઈ રહ્યા છે... જ્યારે અવધૂત તો એ જ ભાવધારાથી જિનવાણીનું પ્રસારણ કરી રહ્યા છે.

**સમગ્ર વિશ્વ વિક્ષેપના નિમિત્તોથી ઉભરાઇ જાય, છતાં જેની સમાધિને ઉની આંચ પણ ન આવે, એનું નામ સંત. અસહજ આલંબનોની વચ્ચે પણ સહજતાને અકબંધ રાખી શકે એનું નામ સંત.**

સભા તો ફરીથી એ ભાવધારામાં તણાઈ રહી છે... તો શેઠ હજી ય 'કેમ? ને શા માટે?' માં અટવાઈ રહ્યા છે. પ્રવચન પૂર્ણ થયું. ખૂબ અહોભાવથી વંદન કરીને સભાએ વિદાય લીધી. હવે અવધૂતની સામે શેઠ ઊભા રહ્યા છે. એમનો વર્તાવ એવો છે, કે જાણે અવધૂતે કોઇ મોટો અપરાધ કર્યો છે. અને અવધૂતની સ્વસ્થતા એવી છે, કે જાણે કાંઈ બન્યું જ નથી.

**સત્ય હંમેશા સ્વસ્થ અને નિર્ભય હોય છે. ત્રસ્ત અને ભયભીત તો હોય છે અસત્ય. જે સત્યનો સેવક બને છે, સ્વસ્થતા એની દાસી બનીને રહે છે.**

શેઠે હવે હૈયાવરાળ બહાર કાઢી... ''बावशी... उपासरो महारो है... आहार वहेराउ... कपडा वहेराउ.. सेवा करूं... तो य थे महारूं मान न राखो? कहण वास्ते महारी वाट न भाळी ने वखाण शरू करी दीधुं?'' અવધૂત મૌન છે... શેઠે બીજી વાર એ જ વાત કરી. શબ્દો એના એ છે, પણ એનો ભાર વધી ગયો છે.

એ જ સ્વસ્થતા, પ્રસન્નતા અને સ્મિત સાથે અવધૂત ઊભા થયા અને બોલ્યા. ''ભાઈ, આહાર તો વાપરી ગયા, અને લે આ તારા કપડાં.'' શેઠ હજી કાંઈ સમજે એ પહેલા તો આ અવધૂતે એમના હાથમાં પોતાના વસ્ત્રો મુકી દીધા...

''पर.. पर.. बावशी...'' અવધૂત તો પોતાની અધ્યાત્મની મસ્તીમાં દરવાજા તરફ જઇ રહ્યા. ''बावशी मैं तो...'' અવધૂત ઉપાશ્રયના સોપાનોને ઉતરી રહ્યા છે અને સમાધિના સોપાનો પર ચડી રહ્યા છે. ''बावशी थे का करो?... जरा...'' હવે અવધૂતે પાછળ જોયું, એક સ્મિત કર્યું... હાથ ઉપર કરીને ધર્મલાભના આશિષ આપ્યા અને ચાલી નીકળ્યા.

ઉપાશ્રયને તો વર્ષો થઈ ગયા હતા. સંખ્યાબંધ ચોમાસા થઇ ગયા. સેંકડો પ્રવચન થઈ ગયા

અને બધામાં એ શિરસ્તો જળવાઇ રહ્યો હતો. પણ શેઠને આજે પહેલી જ વાર એક અવધૂત ભેટી ગયા હતાં. એ જોતા જ રહી ગયા... અને અવધૂત તો ચાલી ગયા.

राजसम्मानान्यपि रजांसीवावधुनातीत्यवधूतः

**રાજસન્માનોને પણ ધૂળની જેમ ખંખેરીને ચાલી નીકળે, તેનું નામ અવધૂત.**

શેઠ કાંઇ પણ કહેવાની કે કરવાની સ્થિતિમાં નથી... અને અવધૂત તો ક્યાં ના ક્યાં પહોંચી ગયા છે... ગામ વટાવીને પાદરમાં... પાદર વટાવીને ખેતરોની કેડીમાં... કેડી વટાવીને વગડામાં... વગડો વટાવીને જંગલમાં... અંદર હજી અંદર...

એ અવધૂતે તો જ્યારથી સાધનાની વાટ પકડી, ત્યારથી એ અંદર જ જઇ રહ્યા હતા.

**સમાધિતંત્રમાં** કહ્યું છે -

ग्रामोऽरण्यमिति द्वेधा निवासोऽनात्मदर्शिनाम्।
दृष्टात्मनां निवासस्तु विविक्तात्मैव निश्चलः।।७३।।

જેમણે આત્મદર્શન નથી કર્યું, તેમને બે પ્રકારના નિવાસ લાગે છે... ૧. ગામનિવાસ ૨. વનનિવાસ. પણ જેણે આત્મદર્શન કર્યું છે, તેઓનો તો એક જ નિવાસ હોય છે... નિશ્ચલ શુદ્ધ આત્મા. **યોગી ન તો ગામમાં રહે છે, કે ન તો વનમાં રહે છે. એ તો રહે છે, માત્ર આત્મામાં.**

**આત્મન્! વિશ્વનું એક માત્ર રમણીય સ્થળ છે તારું સ્વરૂપ... તું સદા ય એમાં જ મહાલતો રહે, આ જ મોક્ષ છે.**

અવધૂત એક વિરાટ વૃક્ષની નીચે આવ્યા



છે... ઇર્યાપ્રતિક્રમણ અને ભૂમિપ્રમાર્જન કરે છે, અને પર્યંકાસને બેસી જાય છે. હવે ક્યાં જવું? ક્યાં રહેવું? કપડા ક્યાંથી લાવવા? ગોચરીનું શું કરવું? આવો એક પણ વિકલ્પ એ અવધૂતના અંતરને સ્પર્શી શકતો નથી. શેઠની થોડી રાહ જોઈ લીધી હોત તો સારું હતું... કાંઈ નહીં તો છેલ્લે વાત વાળી લેવી'તી... એમને 'મોટા ભા' કરીને આપણું ગાડું ગબડાવી દેવું'તું... આવો પણ કોઇ વિચાર એમના મનમાં પ્રવેશી શકતો નથી.

અવધૂતે તો બધું જ ખંખેરી નાખ્યું છે. એમની આંખો મીંચાઇ ગઈ છે. મુખમુદ્રા પર અદ્‌ભુત આનંદ તરવરી રહ્યો છે, અને એ સમયે એમની નાભિના ઊંડાણમાંથી એક અંતર્નાદ પ્રગટે છે...

## आशा औरन की क्या कीजे?
## ग्यान सुधारस पीजे

**સર્વ દુઃખો, તમામ યાતનાઓ, બધી જ પીડાઓ, સમસ્ત આપત્તિઓનું એક જ મૂળ છે 'औरन की आशा.' અને સુખી થવાનો એક જ માર્ગ છે, એને છોડી દેવાનો.**

એક વિદ્વાનને રાજાએ ઓફર આપી. તમે રાજપુરોહિત બની જાઓ. વિદ્વાને રાજસભામાં જવાનું શરૂ કર્યું. રાજા તરફથી શાહી બગી એને લેવા મુકવા આવતી. બે-ચાર દિવસ થયા, વિદ્વાને જોયું કે આમાં ગરીબી તો ટળી જાય એમ છે. સંપત્તિ મળે છે, સમ્માન મળે છે, યશ મળે છે. પણ રાજાની 'આશા' રાખવી પડે છે. રાજાને ભગવાન બનાવવાની સાથે ખુશામત કરતાં રહેવું પડે છે... એ અકળાયો... એણે રાજપુરોહિત તરીકે રાજીનામું આપી દીધું.

# માર્ગ પર

ગુરુને ઈશારે ચાલવું.

આ બાજુ કોઇ બીજા વિદ્વાનને એ સ્થાન મળ્યું. એ એને બરાબર (!) અદા કરવા લાગ્યો. એક વાર પેલો વિદ્વાન પોતાના ઘરના આંગણામાં વાસણ માંજતો હતો, એ જ સમયે પેલા નૂતન રાજપુરોહિતની બગી ત્યાંથી પસાર થઈ. એણે એ દૃશ્ય જોઈને બગી ઊભી રખાવી, અને એ વિદ્વાનનો ઉપહાસ કરતા કહ્યું, ‘‘તમને રાજાની ખુશામતી આવડતી હોત, તો આમ વાસણ ન માંજવા પડત.’’

પેલા વિદ્વાને સ્મિત કર્યું અને કહ્યું, ‘‘તમને આમ વાસણ માંજતા આવડતું હોત, તો રાજાની ખુશામત ન કરવી પડત.’’

**आशा औरन की क्या कीजे?**
**ग्यान सुधारस पीजे**

કોઈની આશા, કોઈની લાચારી, કોઈની મહેરબાની, કોઈની દયા... આના થાંભલાઓ પર ઊભો કરેલ સુખનો મહેલ, પત્તાના મહેલ કરતા પણ બદતર છે. કઇ ક્ષણે એ કડડડભૂસ થઈને તૂટી પડશે, એ કહી શકાય તેમ નથી.

**આત્મન્! એક વાત બરાબર સમજી લેજે. જે કોઈની ભીખ છે, એનાથી તું કદી સુખી થઇ શકવાનો નથી.**

કોઇને પત્નીની આશા છે... કોઇને પુત્રની... કોઇને પૈસાની... કોઇને નામનાની... કોઇને શરીરની... કોઇને અદ્યતન સુખસાધનોની... એ બધી જ વસ્તુ ‘પર’ છે. ત્યાં સુધી કે શરીર સુદ્ધા પર છે. સ્વ તો છે માત્ર ને માત્ર પોતાનો આત્મા. **ઈષ્ટોપદેશમાં** કહ્યું છે -

परः परस्ततो दुःख-मात्मैवात्मा ततः सुखम्

**પર એ પારકો જ છે, તેનાથી દુઃખ મળે છે. આત્મા જ પોતાનો છે, તેનાથી સુખ મળે છે.**

પર એટલે ઔર. આત્મા એટલે જ્ઞાન.

**आशा औरन की क्या कीजे**
**ग्यान सुधारस पीजे**

સ્વમાની પુરુષ કદી બીજા પાસે હાથ ન લંબાવે. ભીખની મિઠાઇ કરતા એને જાતમહેનતની લૂખી રોટી વધુ મીઠી લાગે. બીજા પાસે માંગવા કરતા એને મરી જવું સહેલું લાગે. આત્મન્! પુદ્‌ગલ પાસે હાથ લંબાવીને તારું ગૌરવ કેમ ગુમાવે છે? એક તો હાથ લંબાવ્યા પછી પણ તને જે જોઈએ છે, એ નથી મળતું, બીજું તને જે બિલ્કુલ નથી જોઈતું તે મળે છે અને ત્રીજું તારું નાક તો કપાઈ જ જાય છે. શાસ્ત્રમાં એક ન્યાય છે - खण्डितेऽपि शीले न शान्तो कामः।

એક તો શીલનું ખંડન કર્યું, ને તો ય વાસના શાંત ન થઈ.

આત્મન્! તું પરને પનારે પડ્યો, એમાં બરાબર આ જ ઘાટ ઘડાયો છે. પરમાં સુખ હતું જ નહીં, તો તને મળે ક્યાંથી? એક તો તેં તારું આત્મગૌરવ ગુમાવ્યું. બીજું તારી ભીતરમાં રહેલું નિરુપમ સુખ ગુમાવ્યું અને તારી તૃષ્ણા તો એવી ને એવી જ રહી.

**આત્મન્! સર્વ શાસ્ત્રોનો અને સર્વ ઉપદેશોનો સાર તને કહું છું... ભટકવાનું છોડી દે અને ભીતરમાં જતો રહે.**

**आशा औरन की क्या कीजे?**
**ग्यान सुधारस पीजे**

રજાઓ પડે ને દેશ-વિદેશના પર્યટન સ્થળોમાં દોડાવનારી છે औरन की आशा. નવી 'મુવી'ની શોધ કરાવનારી છે औरन की आशा. મોબાઈલમાં માથું ઘાલી દેનારી છે औरन की आशा. હોટલો ને લારીઓના ધક્કા ખવડાવનારી છે औरन की आशा. રૂપને શોધવા માટે આંખોને ચકળવકળ ફરાવનારી છે औरन की आशा. ચામડી ચૂંથવા સુધીની જુગુપ્સનીય ચેષ્ટા કરાવનારી છે औरन की आशा. રાતના અગિયાર વાગ્યા સુધી સોના-ચાંદીના ભાવોની ભૂતાવળ લગાડનારી છે औरन की आशा. સપનામાં ય સંપત્તિ પાછળ દોડાવનારી છે औरन की आशा. છાપા, મેગેઝીનો ને નોવેલોના પાના ફરાવનારી છે औरन की आशा. ટી.વી. સાથે ચોંટાડી દેનારી છે औरन की आशा. ડગલે ને પગલે દુઃખી કરનારી છે औरन की आशा. ભયાનક સંક્લેશ અને દુર્ધ્યાન કરાવનારી છે औरन की आशा. દુર્ગતિની દારુણ રઝળપાટ કરાવનારી છે औरन की आशा.

**આત્મન્! મુકી દે ને આ બધી મથામણ... તને જે જોઈએ છે, એ તો તારી અંદર જ છે.**

### आशा औरन की क्या कीजे? ग्यान सुधारस पीजे

જ્ઞાન એ સુધારસ છે અને औरन की आशा એ હળાહળ ઝેર છે. મહો. યશોવિજયજી મહારાજાએ કહ્યું છે -

**પર તણી આશ વિષવેલડી, ફળે કર્મ બહુ ભાતિ।**
**જ્ઞાન-દહને કરી તે દહે, હોય એક જ જાતિ।।**

આત્મન્! તને તારું ભવિષ્ય જાણવાની ખૂબ ઇચ્છા છે ને? એના માટે તારે ક્યાંય પૂછવા જવાની



જરૂર નથી. તું માત્ર એટલો વિચાર કરી લે કે તારામાં 'પર'ની આશા તો નથી ને? જો નથી, તો તારું ભવિષ્ય દેદીપ્યમાન છે, અને છે, તો તારું ભવિષ્ય ઘોર અંધકારમય છે.

### पर की आशा सदा निराशा

**શેખચિલ્લીથી માંડીને સિકંદર સુધીના જીવો નિરાશ થયા છે. તેમની નિરાશાના મૂળમાં 'પર'ની આશા જ હતી. આત્મન્! તું પણ એમનામાંનો જ એક કેમ બને છે?** આશાને વશ થઇને જ્યાં ને ત્યાં ભટકવું એ તને બિલ્કુલ શોભાસ્પદ નથી, આ તો કૂતરાનું કામ છે...

### भटके भटके द्वार लोकन के कूकर आशाधारी

બટકું રોટલીની આશાએ ગામ આખામાં ભટકતો કૂતરો... દ્વારે દ્વારે કડવા અપમાનોને સહેતો કૂતરો... એક કોળિયા ખાતર થાકી જવાય એટલી હદે પૂંછડી પટપટાવતો કૂતરો... આત્મન્! કેવી દયનીય સ્થિતિ છે ને? એનું જીવન તારા હાથમાં નથી. પણ તારું જીવન તો તારા હાથમાં જ છે ને? તું શા માટે એના જેવો થાય છે?

### भटके भटके द्वार लोकन के कूकर आशाधारी

કૂતરાને માત્ર નિરાશા નથી મળતી. 'હડ હડ'ના તિરસ્કારો પણ મળે છે, પથરાના પ્રહારો પણ મળે છે, અને લાકડીઓના માર પણ મળે છે... તો ય તારા કરતા તો એ નસીબદાર જ છે. તને તો નિરાશાની સાથે પરમાધામીના પ્રહારો મળશે, નિગોદની કાળી યાતના

# અંતરંગ સામ્રાજ્ય


મળશે, લાખ ચોરાશીની રઝળપાટ મળશે. આત્મન્! કૂતરો તો અબુઝ છે, તારી પાસે તો કેટલી સૂઝબુઝ છે! તું કેમ એના જેવો... ના, બલ્કે એનાથી ય જાય એવો થાય છે?

આશાની ગુલામીમાં તું જે પ્રત્યેક ચેષ્ટા કરે છે, તે ચેષ્ટા સાથે તું આ કૂકરચેષ્ટાની સરખામણી કરી જોજે... તને બરાબર 'મેચિંગ' થતું લાગશે...

**भटके भटके द्वार लोकन के**
**कूकर आशाधारी**

સંપત્તિ ખાતર યુરોપ ને અમેરિકા સુધી દોડતા વેપારી ને એ કૂતરામાં ફરક શું છે? શોપિંગ માટે ડિપાર્ટમેન્ટલ સ્ટોરોને ફેંદી નાખતી સ્ત્રી અને એ કૂતરામાં શું તફાવત છે? ખાવા ખાતર નિત નવા નખરા કરતી યુવાપેઢી અને એ કૂતરામાં ભેદ શું છે? દર દિવાળીએ ઝવેરાતની નવી ડિઝાઈનો શોધતા શ્રીમંતો અને એ કૂતરામાં કઈ અસમાનતા છે? પૂંછડી સિવાય બીજી કોઈ જ નહીં.

**भटके भटके द्वार लोकन के**
**कूकर आशाधारी**



આત્મન્! 'કૂતરાવેડા' છોડીને આત્મગૌરવને આત્મસાત્ કરવાનો અવસર છે. તું એટલું બરાબર સમજી લે કે તને કોઈની જરૂર નથી. **તું જે થવા ચાહે છે, તે તું છે જ.** માત્ર તને તેનું ભાન નથી... તુચ્છ ને ભ્રામક સુખની પાછળ તું દોડે છે... દોડી દોડીને થાકે છે, નિરાશ થઈને દુ:ખી થાય છે, પણ **તને ખબર નથી, કે પરમ સુખ તારા ચરણ ચૂમી રહ્યું છે.** આત્મન્! એક વાર તું જાતનો અનુભવ કરી લે, માત્ર એક વાર સ્વાનુભૂતિનું સંવેદન કરી લે, પછી તો તું એનો અજબ રસિક બની જઈશ. પછી તારા મનમાં ન નિરાશા હશે, ને ન તો આશા હશે. પછી તો હશે અખંડ આનંદ અને આત્મત્વની ભારો ભાર ખુમારી.

## आतम अनुभव रस के रसीया
## उतरे न कबहु खुमारी

મધુર રસ કરતાં ય મધુર છે આત્માનુભૂતિનો રસ. તું એનો રસિક નથી, એનું કારણ માત્ર એટલું જ છે, કે તે એ રસ ચાખ્યો નથી... જે એક વાર પણ એ રસને ચાખી લે, એ સદા માટે એનો રસિક બની જાય. એના સિવાય એને બીજું બધું જ ફીકુ લાગે. આત્માનુભૂતિની મીઠાશની સરખામણીમાં કેરીનો રસ કડવો છે અને શેરડીનો રસ તીખો છે.

આત્મન્! માત્ર એક ક્ષણ અને આત્માનુભૂતિના રસનું એક જ બિંદુ... જરા માણી લે... ખાતરી આપું છું... તું રસિક બની જઈશ... તને એક કેફ ચડી જશે...

## आतम अनुभव रस के रसीया
## उतरे न कबहु खुमारी

રૂપકોશાના લાવણ્ય નીતરતા અંગોપાંગ સમક્ષ સ્થૂલભદ્રસ્વામીએ આંખો ઉંચી કરીને જોયું સુદ્ધા ન હતું, એનું નામ ખુમારી. એક કરોડ સોનૈયા અને કામણગારી કન્યાની ઓફરને વજ્રસ્વામીએ ફગાવી દીધી હતી, એનું નામ ખુમારી. પં. સિદ્ધિચંદ્રજીએ રાજ્ય અને શાહજાદી આપવાની શાહજહાઁની વાતને ઠુકરાવી દીધી હતી, એનું નામ ખુમારી. **આત્મન્ ! તારા અંતરંગ સામ્રાજ્યની અપેક્ષાએ તો સમ્રાટો પણ ભિખારી છે. એ તને શું આપી શકવાના છે... અને તારે જોઈએ છે પણ શું?**

## आतम अनुभव रस के रसीया
## उतरे न कबहु खुमारी

આત્મન્! એક ભિખારી ભીખ માંગે, એ ઓછી દયનીય બીના છે, પણ સમ્રાટોનો ય સમ્રાટ ભીખ માંગે એ તો અસહ્ય આઘાતજનક છે. તું જડ નથી, તું ચેતન છે... તું પર નથી, તું સ્વ છે... તું ઔરન નથી, તું આત્મા છે...તું અજ્ઞ નથી, તું સર્વજ્ઞ છે... આજે એક કેફ ભરી દે... તારા પ્રત્યેક પ્રદેશમાં એક એવી ખુમારી ભરી દે, જે કદી પણ ઉતરે નહીં...

## आतम अनुभव रस के रसीया
## उतरे न कबहु खुमारी

યોગીરાજના એક પાસામાં આત્માનુભૂતિ ઝળકી રહી છે અને બીજા પાસામાં પૂર્ણ ખુમારી પ્રગટી રહી છે... જે ખુમારી શરીર છોડવામાં ય પાછી ન પડે, એના માટે વસ્ત્રો છોડવા તો શી મોટી વાત હતી? એ ખુમારી તો આ નિમિત્તને લાખ લાખ શાબાશી આપી રહી છે, કે જેણે એને પ્રગટ થવાનો અવસર આપ્યો.

**જે વસ્તુની પાછળ દોડે છે, એ દાસ છે, જે છોડે છે, એ સ્વામી છે. દોડીને દાસ બનવા કરતાં છોડીને સ્વામી બનવું લાખગણું બહેતર છે.** ખુમારીની આ અદ્ભુત પળોમાં એ અવધૂતના અંતરમાં સૃષ્ટિનું સચોટ સત્ય સ્ફુરાયમાન થઈ રહ્યું છે.

आशा दासी के जे जाए
ते जन जग के दासा.

आशा दासी करे जे नायक
लायक अनुभव प्यासा.

## आशा औरन की
## क्या कीजे?...२

### पात्रता

જે જન આશા દાસીના પુત્ર છે, તે જગતના દાસ છે. જે નાયક આશાને પોતાની દાસી બનાવે છે, તે અનુભૂતિની તરસને યોગ્ય છે. ।।૨।।

મફતભાઈ ઓફિસે જવા માટે તૈયાર થતા હતા. ત્યાં તો રસોડામાંથી ત્રાડ પડી... ''જો જો હો... આજે તો લઈ જ આવજો, નહીં તો હું કાલથી રસોઇ નહીં બનાવું...'' મફતભાઈના તો મોતિયા મરી ગયા... બિચારા... કાકલુદીના સ્વરે કહેવા લાગ્યા... ''ના, ના, આજે નહીં ભૂલું, આજે તો ચોક્કસ...'' ''પપ્પા મારી હોન્ડાનું શું થયું?'' કોણ જાણે દીકરો પણ આ જ સમયે ટપકી પડ્યો. હવે ધંધો એના હાથમાં જવાનો છે... એને સાચવી લીધા સિવાય તો બીજો વિકલ્પ જ નથી... ''હા હો બેટા! હું જેમ બને એમ જલ્દી...''

મફતભાઈ માંડ માંડ ઘરની બહાર નીકળ્યા. હજી તો એક દાદરો ઉતર્યા, ત્યાં તો મકાનમાલિક... માર્યા ઠાર... ''કેમ છો સાહેબ! તબિયત-પાણી સારા છે ને?'' કેટલી મહેનતથી હસતા મોઢે પૂછ્યું, પણ મકાનમાલિક તો એવા જ ચડેલા મોઢે જોયા કરે છે... ભાડા-વધારાની વાત ન કરે તો સારું... માંડ પીછો છોડાવીને મફતભાઈ આગળ વધ્યા... કંપાઉંડ આવી ગયું... હા...શ... આજે તો બરાબર સમયસર... પરેશભાઈ સ્કૂટરની કીક જ મારી રહ્યા છે. ''નમસ્તે પરેશભાઈ, કેમ છો? તમે તો દેખાતા જ નથી... સ્ટેશન બાજુ જાઓ છો ને? ચાલો, હું ય આવું છું... ક્યારેક તમે ય મને લાભ આપજો હો...'' મફતભાઈ તો સીધા બેસી જ ગયા...

હા...શ... ટ્રેન મોડી ન આવે તો સારું... અરે... અહીં તો ખાબોચિયું છે, પેલો સાઈકલવાળો જરા દૂરથી જાય તો કપડાં ન બગડે... એ... બચી ગયો.. ઓ...હ તો ય થોડા છાંટા તો ઉડ્યા... કોઇને બીજાનો તો વિચાર જ નથી.

સ્ટેશન આવ્યું... ટ્રેન બહુ મોડી નથી... હાશ... આજે ગિરદી ઓછી લાગે છે... બેસવાની જગ્યા મળી જશે... રે... ગિરદી ઓછી છે પણ સીટ એકે ય ખાલી નથી. આમાંથી કોઈ જલ્દી ઊભું થાય તો સારું...

સ્ટેશન... બસ... કંડક્ટર... પટ્ટાવાળો... ક્લાર્ક... મેનેજર... બોસ... દુકાનદાર... ફેરિયો... મફતભાઇનું એક દિવસનું ચરિત્ર જ એટલું ગંભીર છે કે એના પર દળદાર ગ્રંથ બની જાય... કેટકેટલા સાહેબ... કેટકેટલાની લાચારી... કેટકેટલી વ્યક્ત અને અવ્યક્ત કાકલુદી... કેટકેટલાની દાઢીમાં હાથ નાખવાનો... કેટકેટલી નિરાશા સહેવાની...

વાસ્તવમાં આ ચરિત્ર મફતભાઈનું નથી, આશાનું છે.

**आशा दासी के जे जाए
ते जन जग के दासा**



નોકરને શેઠની આશા છે, અને શેઠને નોકરની આશા છે. **વાસ્તવમાં કોઈ શેઠ નથી... જે છે, એ આશાના દાસ છે... અને આશાના દાસ છે એટલે એમના સંપર્કમાં આવતી એક એક વસ્તુ ને એક એક વ્યક્તિના દાસ છે.**

पर की आशा सदा निराशा, ए हे जग जन फासा,
ते काटन को करो अभ्यासा, लहो सदा सुख वासा.

**આત્મન્! 'આશા એટલે ફાસા' આટલું બરાબર સમજી લે, તો પછી તને કોઈ નિરાશા સ્પર્શી નહીં શકે.**

તારું કલ્યાણ આશાના દાસ બનવામાં નથી, આશા પર વિજય મેળવીને આશાને પોતાની દાસી બનાવવામાં છે.

आशादासस्तु यो जातो दासस्त्रिभुवनस्य सः।
आशा दासीकृता येन तस्य दास्ये जगत्त्रयी।।

જે આશાનો દાસ થાય છે, એ ત્રણે જગતનો દાસ છે. જે આશાને દાસી બનાવે છે, ત્રણે જગત તેના દાસ બની જાય છે.

## आशा दासी करे जे नायक
## लायक अनुभव प्यासा

આત્માનુભૂતિ તો દુર્લભ છે જ, આત્માનુભૂતિની પ્યાસ પણ દુર્લભ છે. પણ જો એક વાર આ પ્યાસ લાગી જાય, તો પછી આત્માનુભૂતિ સુલભ બની જાય. જે આત્મા આશાને પોતાની દાસી બનાવી લે, તે આત્માનુભૂતિની પ્યાસને લાયક થાય છે. લાયકતા... પ્યાસ... આત્માનુભૂતિ... અને સમગ્ર વિશ્વનું સામ્રાજ્ય.

**દુર્લભ પરમપદ નથી, દુર્લભ તો છે પાત્રતા... પાત્રતા મળે એટલે પરમ પદ મળવાનું જ છે.** આ પાત્રતાની પ્રાપ્તિ કરવાનો એક જ ઉપાય છે, આશાનું દાસત્વ છોડી દો, અને આશાને પોતાની દાસી બનાવી દો. આશા દાસી બને... આત્માનુભૂતિની પાત્રતા પ્રાપ્ત થાય... એટલે આત્માનુભૂતિને પામવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે...





मनसा प्याला प्रेम मसाला
ब्रह्म अग्नि परजाली.

तन भाठी अवटाइ पीए कस
जागे अनुभव लाली.

## आशा औरन की क्या कीजे?...३

પરમપદ

**મનના પ્યાલામાં પ્રેમ-મસાલો નાખીને બ્રહ્મ અગ્નિ પેટાવીને તન-ભટ્ઠીમાં ઉકાળીને તેનું સત્ત્વ પીવે, ત્યારે અનુભવ-લાલી જાગે છે. ।।૩।।**

સદ્ગુરુ પાસે એક સાધક આવ્યો. ''મારે આત્માનો અનુભવ કરવો છે.'' બે-ચાર ક્ષણ માટે તો સદ્ગુરુ તેના આત્માનું વાંચન કરતા રહ્યા. પછી એને પૂછ્યું, ''તને શું શું ગમે છે?'' એ કહે, ''મને ઘર ગમે છે, પત્ની ગમે છે, પુત્ર

# પરમ સુખ પરમના પ્રેમમાં



ગમે છે, પૈસો ગમે છે, શરીર ગમે છે.'' સદ્ગુરુએ સ્મિત કરીને કહ્યું, બસ.. બસ.. સમજી ગયો. તું એમ કર એક મહિના પછી આવ. અને ત્યાં સુધીમાં તને જે પ્રેમ છે, તે ઓછો કરી દે.''

મહિના પછી સાધક હાજર થયો. ''બોલ, હવે તને કોના પર પ્રેમ છે?'' ''હવે તો મને પત્ની, પુત્ર અને શરીર પર જ પ્રેમ છે.'' ''હજી પ્રયાસ કર, આવતા મહિને આવજે.''

બીજો મહિનો વીતી ગયો. સાધક આવી ગયો. ''હવે?'' ''હવે તો માત્ર પુત્ર અને પત્ની પર.'' ''હજી પ્રયાસ કર, આવતા મહિને આવ.'' સાધક થોડો અધીરો તો થયો, પણ તો ય એને સદ્ગુરુ પ્રત્યે શ્રદ્ધા હતી. એણે પ્રયાસ ચાલુ કરી દીધો.

દોષો અનાદિકાળના છે... દઢ અને રૂઢ બની ગયેલા છે. સાધના તદ્દન અલ્પકાળની છે... એ ય શિથિલ અને કલુષિત છે... પછી એમાં અધીરા થવાનો સવાલ જ ક્યાં આવે છે... **અધીરા થવું હોય તો પરિણામ માટે નહીં, પુરુષાર્થ માટે થજો... પુરુષાર્થની પ્રબળતા માટે થજો. પ્રબળ પુરુષાર્થ હોય, પછી પરિણામ તો મળવાનું જ છે.**

સાધકે ગજબનો પુરુષાર્થ કર્યો... મહિના પછી ફરી હાજર થયો... ''હવે માત્ર પત્ની પર.'' ''હજી પુરુષાર્થ કર.'' સાધક ગયો. પૂરા ત્રણ મહિને પાછો આવ્યો. એના ચહેરા પર પ્રસન્નતા હતી. એના દિલમાં સફળતાનો આનંદ હતો. સદ્ગુરુના ચરણોમાં એણે માથું નમાવી દીધું અને કહ્યું, ''હવે મને કોઈના પર પ્રેમ નથી.'' સદ્ગુરુ આજે આત્માનુભૂતિની પ્રસાદી આપી દેશે... એવો એહસાસ એને રોમાંચિત કરી રહ્યો હતો... સદ્ગુરુએ એની સામે બરાબર પહેલા જેવું જ સ્મિત કર્યું, અને બરાબર પહેલા જેવો જ જવાબ આપ્યો, ''હજી પુરુષાર્થ કર.''

સાધક તો ડઘાઇ જ ગયો... હજી શું બાકી રહ્યું છે?... હવે તો કોઈના પર પ્રેમ નથી... સદ્ગુરુ જે શાંતિથી એના વિચારોને વાંચી રહ્યા હતા... તેના પરથી તેને લાગ્યું કે તેની કોઈ ભૂલ થઈ રહી છે.

**શરૂઆતને જ સફળતા માની લેવી, એ સાધનાનું એક ઉત્કૃષ્ટ વિઘ્ન છે. સાધનાનું પ્રથમ સૂત્ર... મંઝિલને ગુરુની આંખે જોવી. અને દ્વિતીય સૂત્ર... માર્ગ પર ગુરુને ઈશારે ચાલવું.**

સાધક હવે 'કાંઈક' સમજી રહ્યો હતો... ગુરુની ચરણરજ લઈને એણે વિદાય લીધી. સાડા પાંચ મહિના પસાર થઈ ગયા. સદ્ગુરુ પાસે એ આવી રહ્યો છે. એના ચહેરા પર કોઈ અલૌકિક આનંદ છે. એના હોઠો પર કોઈ અગોચર સ્મિત છે... એની ચાલ સુદ્ધા બદલાઈ ગઈ છે. એનું શરીર પહેલા કરતા ઘણું કૃશ થઇ ગયું છે, પણ એની આંખોની ચમક અનેકગણી બની ગઈ છે. સદ્ગુરુના ચરણોમાં એણે માથું ઝુકાવ્યું. સદ્ગુરુના ચરણો પર એના આનંદાશ્રુ સરી પડ્યા... સદ્ગુરુએ આજે પહેલી જ વાર એના મસ્તકે હાથ મુક્યો. અહોભાવની પરાકાષ્ઠા સાથે એ સાધકે સદ્ગુરુની આંખોમાં જોયું... અને કહ્યું, ''હવે મને મારા આત્મા





પર પ્રેમ છે.'' સદ્‌ગુરુએ એને પોતાના શિષ્ય તરીકે સ્થાન આપી દીધું... આત્માનુભૂતિની યાત્રામાં એ હરણફાળ ભરવા લાગ્યો.

### मनसा प्याला प्रेम मसाला

**આત્માનુભૂતિને પામવા માટે લૌકિક પ્રેમનો ત્યાગ જેટલો આવશ્યક છે, તેટલો જ આવશ્યક છે લોકોત્તર પ્રેમનો સ્વીકાર.** સાધનાની શુદ્ધિનો આધાર છે આત્મા પરનો પ્રેમ. સંવેગ અને નિર્વેદનું આલંબન છે આત્મા પરનો પ્રેમ. સમસ્ત યોગમાર્ગનો પ્રાણ છે આત્મા પરનો પ્રેમ. જ્યાં સુધી દુન્યવી વસ્તુઓ પ્રત્યે પ્રેમ ન ઉતરે, ત્યાં સુધી આત્મા પ્રત્યે પ્રેમ ન જાગે, અને જ્યાં સુધી આત્મા પ્રત્યે પ્રેમ ન જાગે, ત્યાં સુધી સાધના એના શુદ્ધ સ્વરૂપને ન પામી શકે. પરિણામનો આધાર પુરુષાર્થ, અને પુરુષાર્થનો આધાર પ્રેમ.

### मनसा प्याला प्रेम मसाला

**આત્મન્! આત્માનુભૂતિનો આ જ માર્ગ છે, તું તારા મનના પ્યાલામાંથી પુદ્‌ગલના પ્રેમને દૂર કરી દે, અને પરમના પ્રેમને ભરી દે.**

બીજું બધું જ ભૂલાવી દે એનું નામ પ્રેમ... બીજે બધેય થી રસ ઉઠાવી લે, એનું નામ પ્રેમ. પોતાનામાં ગળાડુબ કરી દે એનું નામ પ્રેમ. મનનો આ પ્યાલો આત્માનુભૂતિના પ્રેમથી પરિપૂર્ણ થઇ જાય. એને વળી બ્રહ્માગ્નિ પર ઉકાળવામાં આવે...

### ब्रह्म अग्नि परजाली

બ્રહ્મ એટલે આત્મસ્વરૂપ. એની ઉષ્માથી મનનો પ્યાલો વધુ ને વધુ શુદ્ધ થતો જાય. બ્રહ્મનો અર્થ બ્રહ્મચર્ય પણ છે. તેના ઉપલક્ષણથી સર્વ વ્રત પણ સમજવાના છે. જેમ જેમ વ્રતોનું પાલન થાય તેમ તેમ મનનો પ્યાલો શુદ્ધ થાય. **પરિણતિની વિશુદ્ધિ માટે પ્રવૃત્તિની વિશુદ્ધિ અનિવાર્ય છે.** વિશુદ્ધ પરિણતિની હાજરી હોય તેમાં મલિન પ્રવૃત્તિ શી રીતે થઈ શકે ? પ્રવૃત્તિ જો મલિન છે, તો તેનો અર્થ એ છે કે પરિણતિ પણ મલિન છે. પ્રેમ જો 'પરમ'નો છે, તો બ્રહ્મ પણ 'પરમ' જ હોય.

### मनसा प्याला प्रेम मसाला
### ब्रह्म अग्नि परजाली

શરીરને ૯૮ ડિગ્રીની ઉષ્મા આવશ્યક છે. આત્માને બ્રહ્માગ્નિની ઉષ્મા આવશ્યક છે. જે પણ કાર્ય થાય છે, તે ઉપાદાન અને નિમિત્તના સહયોગથી થાય છે. માત્ર ઉપાદાનથી કાર્ય થતું નથી. ઘડો માટીમાંથી બને છે. માટી એ ઉપાદાન છે. પણ માત્ર માટીથી ઘડાનું નિર્માણ થઇ શકતું નથી. ગધેડો, કુંભાર, પાણી, ચાકડો, લાકડી આ બધા નિમિત્તો પણ ભળે છે અને તો જ ઘડાનું નિર્માણ થાય છે. આત્મા ઉપાદાન છે. વ્રતપાલન નિમિત્ત છે. આ બંનેનો સહયોગ મળે તો આત્માનુભૂતિના અમૃતનું સર્જન થઈ શકે.

### मनसा प्याला प्रेम मसाला
### ब्रह्म अग्नि परजाली

# પરિણતિની વિશુદ્ધિ માટે
# પ્રવૃત્તિની વિશુદ્ધિ

એક સંપ્રદાયના સ્વામી નિમિત્તનું આડેધડ ખંડન કરતાં હતા. નિમિત્તની કોઇ જરૂર નથી ઉપાદાન જ સર્વસ્વ છે, ઇત્યાદિ. એક વાર એક સંત સાથે એમની ચર્ચા થઈ. સંતે વાત વાતમાં એમના ચશ્મા ઉતારી લીધા અને કહ્યું હવે તમે વાંચો. જો ન વાંચી શકો, તો નિમિત્તનું ખંડન કરવાનું બંધ કરી દો.

સ્ત્રીનું દર્શન કામ ઉપજાવે છે, પુત્રનું દર્શન વાત્સલ્ય નીપજાવે છે, પ્રભુનું દર્શન ભક્તિ પ્રગટાવે છે. શત્રુનું દર્શન દ્વેષ જગાવે છે... **'નિમિત્ત' એ એક અનુભવસિદ્ધ કારણ છે. એનો અપલાપ કરનારા પણ એનો કારણ તરીકે સ્વીકાર કરીને જ જીવતા હોય છે. કારણ કે એના વિના જીવવું અશક્ય હોય છે.**

### मनसा प्याला प्रेम मसाला
### ब्रह्म अग्नि परजाली

પણ આ સાધના તો ત્યારે જ શક્ય બને કે જ્યારે શરીર સ્વયં સાધનાનું ઉર્જાગૃહ (પાવર હાઉસ) બની જાય. જો શરીર ઉર્જાગૃહ ન બને તો મનની શુદ્ધિ એ સૂફિયાણી વાત જ ઠરે...

### तन भाठी अवटाइ पीए कस


શરીરને તો સાધનાની ધગધગતી ભટ્ઠી બનાવવાની છે. આ ભટ્ઠીમાં આ મનનો પ્યાલો શુદ્ધ થશે. એમાં પ્રેમ મસાલો એક મેક થશે. એનો ઉકાળો બનશે. અનાવશ્યક તત્ત્વોનું બાષ્પીભવન થશે અને બાકી રહેશે 'કસ'... નકરું સત્ત્વ... આ 'કસ'નું પાન... એટલે આત્માનુભૂતિના અવર્ણનીય આનંદનો પ્રારંભ.


### तन भाठी अवटाइ पीए कस
### जागे अनुभव लाली

પ્રભુ વીરની સાડા બાર વર્ષની ઘોર સાધના... ઉગ્ર તપ... ઉગ્ર તિતિક્ષા એ 'તન ભાઠી' દ્વારા 'કસ પાન'ની પ્રક્રિયા હતી. ધન્ના અણગારના છટ્ઠના પારણે આયંબિલ એ ય આ જ ઉર્જાગૃહની નીપજ હતા... ને વર્ષમાં માત્ર ચૌદ જ પારણા કરતા ખેમર્ષિની સાધના પણ આ જ સત્ત્વપાન માટે હતી.


### तन भाठी अवटाइ पीए कस
### जागे अनुभव लाली


આત્માનુભૂતિ એ કાંઈ એવી સસ્તી નથી કે માત્ર સારી સારી વાતો કરવાથી - કે સાંભળવાથી પ્રાપ્ત થઇ જાય. એ માટે તો સંસારને છોડવો પડે, સાધનાની ધૂણી ધખાવવી પડે, મહાવ્રતોનું વિશુદ્ધ પાલન કરવું પડે અને તનને એક ભટ્ઠી બાનવવી પડે. **આત્માનુભૂતિ એ વિશ્વની સર્વોત્કૃષ્ટ મૂલ્યવાન વસ્તુ છે. એનું મૂલ્ય પરાકાષ્ઠાની સાધના હોય, એમાં કોઈ જ આશ્ચર્ય નથી.**





વર્તમાનમાં એક મહાત્માએ ૧૧૧ ઓળી કરી. ફરીથી વર્ધમાન તપનો પાયો નાખ્યો. ઓળી સાથે અટ્ઠમ તપની સાધના પણ ચાલુ... ૪૦૦ ઉપરાંત અટ્ઠમ થઇ ગયા. ઓળીમાં આગળ વધતા વધતા ચૌદમી ઓળી આવી. મહાત્માને એવી ભાવના થઇ કે આ વખતે ઓળી સાથે અટ્ઠમ પણ કરવા છે. ૧ આયંબિલ એના પર ૧ અટ્ઠમ, એના પર ૧ આયંબિલ એના પર ૧ અટ્ઠમ... ઓળી ૧૪ મી, પણ ૫૬ દિવસ થયા... અટ્ઠમના પારણે આયંબિલ અને તેના પર પાછો અટ્ઠમ... સાથે વિહાર પણ ચાલુ... એક-એક અટ્ઠમમાં ૫૦-૬૦-૮૦-૧૦૦ કિ.મી. નો વિહાર પણ થઇ જાય... પણ પૂર્ણ પ્રસન્નતા સાથે...

## તન ભાઠી અવટાઇ પીએ કસ
## જાગે અનુભવ લાલી

એક સાધ્વીજી ભગવંતે સળંગ ૧૦૮ અટ્ઠમ કર્યા... અટ્ઠમના પારણે અટ્ઠમ... વિશેષતા એ કે દરેક પારણામાં માત્ર બે જ દ્રવ્ય વાપરે... એક તો છાશ અને બીજું ગોળનું પાણી.

એક મહાત્માએ ગયા વર્ષે ૫૦૦ આયંબિલનું પારણું કર્યું. વિશેષતા એ કે પ્રત્યેક આયંબિલ માત્ર એક જ દ્રવ્યથી કર્યું હતું. ચણા તો માત્ર ચણા, ખાખરા તો માત્ર ખાખરા જ, અને ભાત તો માત્ર ભાત જ. એક આચાર્ય ભગવંત રોજના ૧૦૦૦ લોગસ્સનો કાયોત્સર્ગ કરતા. એક મહાત્મા રોજ બધા સહવર્તી શ્રમણોની સેવા કરીને દોઢ-બે વાગે એકાસણું કરવા બેસતા. એક મહાત્મા વિશાળ શ્રમણસમુદાયની ગોચરી-વ્યવસ્થા કરતા. બધાને પીરસાઈ ગયા બાદ જો એકાસણાની ગોચરી વધી હોય, તો એકાસણું કરતા અને જો આયંબિલની ગોચરી વધી હોય, તો આયંબિલ કરતા.




## તન ભાઠી અવટાઇ પીએ કસ
## જાગે અનુભવ લાલી


પ્રભુ વીરથી માંડીને વર્તમાનકાળ સુધીના આ મહાસાધકો બુદ્ધિશાળી હતા, સમજદાર હતા, અને આત્માનુભૂતિના માર્ગને સમ્યક્ જાણતા હતાં. **મારું ખિસ્સુ બિલ્કુલ ન ઘસાવું જોઈએ, એવી ગણતરીમાં રમે તે મિત્રતાને નિભાવી શકતો નથી. મારું શરીર બિલ્કુલ ન ઘસાવું જોઈએ આવી ગણતરીમાં રમે તે સાધનાને નિભાવી શકતો નથી.**

અરે, એવી ગણતરી જ દેખાડી આપે છે, કે હજી સુધી એને શરીર પરનો રાગ બિલ્કુલ ઓછો થયો નથી... એને આત્મા પર બિલ્કુલ પ્રેમ નથી... આ સ્થિતિમાં નિશ્ચયનયનું આલંબન દંભમાત્ર બની જાય છે. ના, આ મહાવીરનો માર્ગ નથી, આ તો નર્યો ઉન્માર્ગ છે.

મહાવીરના માર્ગમાં શુક્લધ્યાન અને ક્ષપકશ્રેણિનું લક્ષ્ય છે, તો સાથે સાથે છ મહિનાના ઉપવાસનું પણ લક્ષ્ય છે. પાંચ પ્રહરના સ્વાધ્યાયનું લક્ષ્ય છે, તો સાથે સાથે લોચ અને વિહારનું પણ લક્ષ્ય છે. પ્રભુભક્તિની પરાકાષ્ઠાનું લક્ષ્ય છે, તો સાથે સાથે સામાયિક, પ્રતિક્રમણ અને વ્રતોનું પણ લક્ષ્ય છે. **નિશ્ચય અને વ્યવહારનો પૂર્ણ સમન્વય એટલે મહાવીરનો માર્ગ અને એ સિવાયનો બધો ઉન્માર્ગ.** ઉન્માર્ગે આત્મભ્રાંતિ જ શક્ય છે. આત્માનુભૂતિ કદાપિ નહીં. મત-મતાંતરોની માયાજાળ યોગીરાજના આંતરચક્ષુ સમક્ષ તરવરી રહી છે. તેમનું હૃદય કરુણાથી છલકાઈ ઉઠે છે. અને અંતરમાંથી ઉદ્ગાર સરી પડે છે.

अगम पीआला पीओ मतवाला
चीन्ने अध्यातम वासा,
आनंदघन व्हे जग में खेले
देखे लोक तमासा.
आशा औरन की
क्या कीजे?...४

मतवाळा

મતવાળા! તમે અધ્યાત્મના સ્થાનને શોધીને અગમ્ય પ્યાલાનું પાન કરો. તે જગતમાં આનંદઘન રમણ કરે છે અને લોકો તમાશો જુએ છે. ।।૪।।

અંતરંગ વિશ્વમાં મિથ્યાત્વ ગુણસ્થાનકના અસંખ્ય અધ્યવસાયો છે. એ એક-એક અધ્યવસાયે આપણને અનંત-અનંત કાળ સુધી સંસારમાં રખડાવ્યા છે. ભયાનક રીતે ભટકાવ્યા છે. મિથ્યાત્વના એ એક-એક અધ્યવસાયને સરળ ભાષામાં 'મત' કહી શકાય.

જે મત રાખે છે, તે અધ્યાત્મમાર્ગી નથી. જે જિનાજ્ઞા સાથે સમ્મત થાય છે, તે અધ્યાત્મમાર્ગી છે. **મત ત્યાં મિથ્યાત્વ, સમ્મત ત્યાં સમ્યક્ત્વ.**

अगम पीआला पीओ मतवाला
चीन्ने अध्यातम वासा

એક ગુરુએ શિષ્યને પૂછ્યું, ''તું આ ગામમાં ચોમાસું કરવા જઈશ?'' આ સાંભળીને શિષ્યની આંખમાં ઝળહળિયા આવી ગયા. ગુરુ કહે, ''કાંઈ વાંધો નહીં, કોઈ બીજું જશે.'' શિષ્યની આંખોમાંથી અશ્રુ સરી પડ્યા... ગુરુ તો જોઈ જ રહ્યા. બે ક્ષણ એમ જ વીતી ગઈ. શિષ્યે જરા સ્વસ્થ થઈને કહ્યું- ''આપે તો આજ્ઞા કરવાની હોય, આપને પૂછવું પડે છે, એ મારી કેવી અપાત્રતા! એ જ વિચારે...''

મત રાખે એ નહીં, સમ્મત થાય એ શિષ્ય. જ્યાં સુધી મત ન જાય, ત્યાં સુધી અધ્યાત્મરસમય અગમ્ય પ્યાલો પીવા મળતો નથી. મતે જ તો આપણને મારી મારીને અધમૂઆ કરી દીધા છે. મતે જ તો ઘોર સંસારયાત્રાનું પેટ્રોલ પૂર્યા કર્યું છે. આજે જ્યારે આત્મહિતની શક્યતા ઊભી થઈ છે, અધ્યાત્મ પ્યાલો હોઠે આવીને સ્પર્શ્યો છે. ત્યારે મતની મથામણમાં એ સૌભાગ્યને કેમ ગુમાવી દેવું?

अगम पीआला पीओ मतवाला
चीन्ने अध्यातम वासा

તર્કમાં ગતિ છે, પણ પ્રગતિ નથી... મતાગ્રહમાં નિજમત છે, પણ જિનમત નથી. નિજમત એ સંસારનું મૂળ છે, અને જિનમત એ મોક્ષનું મૂળ છે. મોક્ષ અને સાતમી નરક વચ્ચે જેટલું અંતર છે, તેનાથી પણ વધુ અંતર અધ્યાત્મ અને મતાગ્રહ વચ્ચે છે. સાતમી નરકના દુઃખ સહન કરતા કરતા સમ્યક્ત્વ પામીને મોક્ષનું રિઝર્વેશન કરાવી દેવાય, એ શક્ય છે. મતાગ્રહને વળગેલી વ્યક્તિ તો સતત ને સતત અધ્યાત્મની પ્રાપ્તિને અશક્ય બનાવે છે. અધ્યાત્મનું મૂળ છે તત્ત્વદર્શન. તત્ત્વદર્શનનું મૂળ છે મધ્યસ્થતા. મધ્યસ્થતા અને મતાગ્રહ એ બંને તદ્દન વિરુદ્ધ છે. એ બંને સ્વપ્નમાં પણ સાથે રહી શકતા નથી. માટે જ્યાં

મતાગ્રહ છે ત્યાં તત્ત્વદર્શન-વાસ્તવિકતાનું અવલોકન બિલ્કુલ અસંભવિત છે.

એક પાગલખાનામાં એક પરિવાર આવ્યો. એમનામાંથી એક જણ પાગલ થઇ ગયો હતો. તેઓ એને ભરતી કરવા આવ્યા હતાં. મેનેજરે બધી વિગત લખવાની હતી. એણે પહેલો પ્રશ્ન કર્યો, ‘‘નામ?’’ હજી તો પરિવાર જવાબ આપે એ પહેલા એ પાગલ બોલી ઉઠ્યો, ‘‘મહારાણા પ્રતાપ.’’ પરિવારવાળા બધા શરમાઈને નીચું જોઈ ગયાં. મેનેજર કહે, ‘‘કાંઈ વાંધો નહીં, હું સમજી શકું છું. અહીં ઓલરેડી આઠ મહારાણા પ્રતાપ, ચાર ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, છ નેપોલિયન, નવ છત્રપતિ શિવાજી મહારાજ, ત્રણ અકબર બાદશાહ અને બાર સિકંદર છે.’’

## अगम पीआला पीओ मतवाला
## चीन्हे अध्यातम वासा

મતવાળા એટલે આ પાગલોથી વિશેષ કશું જ નહીં. **પાગલ તે છે જેણે પોતાને અને પોતાનું ‘કંઈક’ સમજી લીધું છે. મતવાળાની સ્થિતિ બરાબર તેવી જ છે.**

અધ્યાત્મનો પ્યાલો અમૃત છે, અગમ્ય છે, અમૂલ્ય છે. ‘મત’ તો માત્ર તુચ્છ જ નથી, હળાહળ ઝેર પણ છે. મત ખાતર અધ્યાત્મને ગુમાવવા જેવી મૂર્ખતા સ્વપ્નમાં પણ કરવા જેવી નથી. મતાગ્રહનો વિલય થાય... ‘કંઈક’નો કેફ ઉતરી જાય... મધ્યસ્થતાનો પ્રાદુર્ભાવ થાય... અને અધ્યાત્મનો ઉદય થાય એટલે આત્મા આનંદઘન બની જાય છે...

## आनंदघन व्हे जग में खेले

‘તે જગત’ એટલે અધ્યાત્મવિશ્વ. આત્મા વિભાવોમાં રમણ કરે, એ શક્ય છે, આનંદઘન તો સ્વભાવમાં જ રમણ કરે છે... અધ્યાત્મ એ માનસસરોવર છે અને આનંદઘન એ રાજહંસ છે. **અધ્યાત્મમાં જ રહે અને અધ્યાત્મમાં જ રમે, એનું નામ આનંદઘન.**

**નિશ્ચય અને વ્યવહારનો પૂર્ણ સમન્વય એટલે મહાવીરનો માર્ગ અને એ સિવાયનો બધો ઉન્માર્ગ.**



## आनंदघन व्हे जग में खेले

આત્મન્! શા માટે મતાગ્રહની માયાજાળમાં મુંઝાય છે? શા માટે સંસારની મોહમાયામાં દુ:ખી થાય છે? શા માટે વિભાવોની ગટરમાં આળોટી રહ્યો છે? આવી જા અધ્યાત્મના માનસ સરોવરમાં... બની જા તું ય આનંદઘન... પામી લે સ્વભાવરમણનું સર્વોત્કૃષ્ટ સુખ. આજ સુધી સંસાર તારી આધિ-વ્યાધિ-ઉપાધિનો સાક્ષી હતો, હવે એ સાક્ષી બનશે તારા આનંદનો...

## आनंदघन व्हे जग में खेले
## देखे लोक तमासा

યોગીરાજનું આનંદઘનત્વ સોળે કળાએ ખીલી ઉઠ્યું છે. વન્ય પશુ-પંખીઓ ખૂબ જ વિસ્મય સાથે આ રાજહંસને જોઇ રહ્યા છે... એક એક વૃક્ષ અને એક એક પર્ણ ખલકના આ ખેલના સાક્ષી બની રહ્યા છે... અને આનંદઘન આનંદઘનમાં વધુ ને વધુ ગરકાવ થઈ રહ્યા છે...

વિ.સં. ૨૦૬૭
આસો વદ ૧૪

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય,
તો મિચ્છામિ દુક્કડમ્.

## પદ-૨૯

પરમની આ પ્યાલી...
એ આપી રહ્યા છે,
આપણે પી લઇએ...

# નામીથી અનામી તરફ...

એક રાજાએ એક ગગનચુંબી દીવાદાંડી બનાવડાવી. એવી વિરાટ... એવી મજબૂત... સેંકડો વર્ષો સુધી એક કાંકરી પણ ન ખરે એવી... રાજાની ઇચ્છા હતી કે દીવાદાંડીના ટોચના ભાગે એનું નામ કોતરવામાં આવે... દેશ-વિદેશના લાખો વહાણો ત્યાંથી પસાર થાય... પોતાનું નામ સાગર પાર... અમર બની જાય... કુશળ કારીગર દ્વારા એ કાર્ય પણ ચાલુ થયું... આ બધું સમાપ્ત થતા થતા વરસો વીતી ગયા. રાજાની પણ હવે અવસ્થા થઇ હતી. અને એક દિવસ રાજાને સમાચાર મળ્યા... તકતીનું કાર્ય પણ સંપન્ન થયું છે... પધારો... વાજતે ને ગાજતે રાજા આવ્યો. એ વિરાટ તકતીની અનાવરણ વિધિ થઇ. રાજા ફુલ્યો સમાતો નથી... સોનૈયાની થેલીઓથી કારીગરનું બહુમાન થયું. ખૂબ ખુશ થઇને એણે વિદાય લીધી. થોડા દિવસો બાદ રાજાનું અવસાન થયું. દિવસો વીતતા ગયા. ચોમાસું આવી ગયું. પહેલો વરસાદ મુસળધાર થયો... વેગીલો પવન ને ધોધમાર વરસાદ...

પેલી દીવાદાંડીની તકતી રાતોરાત બદલાઇ ગઇ. એના પર લાગેલો ચૂનાનો છ ઇંચનો થર દરિયામાં ભળી ચૂક્યો હતો ને એક બાજું જ નામ આરસમાં ઝગારા મારી રહ્યું હતું. એ નામ પેલા કારીગરનું હતું.

રાજા સમજતો હતો કે મારું આ સામ્રાજ્ય સદા માટે છે. પણ એની ય છેલ્લી ઘડી આવી ગઇ... જતાં જતાં એને આશ્વાસન હતું કે મારું નામ તો રહેશે... પણ એનું નામ પણ સાગરમાં વિલીન થઇ ગયું... કારીગર સમજે છે કે મારું નામ અમર થઇ ગયું. પણ એને ય ખબર નથી કે કાળની આ અનંત યાત્રામાં ચૂના અને આરસ વચ્ચે ઝાઝો તફાવત નથી... જાણે કે ઘડી-બે ઘડી આગળ પાછળ...

આમાં ક્યાં મોહાવું?.. શું નામ... ને શું નામના?... નામનાના મોહમાં ભલભલા પણ તણાઇ ગયા છે, ત્યારે એક યોગીરાજ આપણને અંતરની સંવેદના અંતરના ઉદ્ગારો દ્વારા કહી રહ્યા છે, જરા કાન દઇને સાંભળીએ... એમના વચનો એ એવો વરસાદ છે, જેમાં આપણો બધો જ મોહ ઓગળી જશે, પેલા ચૂનાના થરની જેમ જ... બસ, 'નામ' ઓગળી જાય એટલે 'અનામી' પદ આપણા હાથમાં જ છે.

**- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**





अवधू नाम हमारा राखे
सोई परम महारस चाखे,
अवधू नाम हमारा राखे...
ना हम पुरुषा ना हम नारी
वरन न भांति हमारी,
जाति न पांति न साधन साधक
ना हम लघु नहिं भारी.
अवधू नाम हमारा राखे...१

ना हम तातें ना हम शिरे
ना हम दीरघ न छोटा,
ना हम भाई ना हम भगिनी
ना हम बाप न धोटा
अवधू नाम हमारा राखे...२

ना हम मनसा ना हम शबदा
ना हम तन की धरणी,
ना हम भेख भेखधर नाहिं
ना हम करता करणी.
अवधू नाम हमारा राखे...३

ना हम दरसन ना हम परसन
रसन गंध कछु नाहिं,
आनंदघन चेतनमय मूरति
सेवकजन बलिजाहिं.
अवधू नाम हमारा राखे...४



# જ્ઞાનની ગહનતા ધ્યાનની મસ્તી કાયોત્સર્ગની લીનતા પ્રભુભક્તિની પરાકાષ્ઠા



अवधू नाम हमारा राखे
सोई परम महारस चाखे,
अवधू नाम हमारा राखे...


ना हम पुरुषा ना हम नारी
वरन न भांति हमारी,

जाति न पांति न साधन साधक
ना हम लघु नहि भारी,

## अवधू नाम हमारा राखे...१

અવધૂ! જે અમારું નામ રાખે, તે જ પરમ મહારસ ચાખે. અમે પુરુષ નથી. અમે સ્ત્રી નથી. અમારો વર્ણ કે આકાર નથી, જાતિ કે પંક્તિ નથી, સાધન કે સાધક નથી. અમે હળવા પણ નથી અને ભારે પણ નથી. ||૧||

ગ્રીષ્મ ઋતુ છે... બપોરનો સમય છે... આકાશ અંગારા વરસાવી રહ્યું છે, તો ધરતી આગ ઓકી રહી છે. પશુ-પંખી-મનુષ્ય બધાએ કોઈ ને કોઈ ઓથ શોધી લીધી છે. બહાર નીકળવું તો મુશ્કેલ છે જ, બહાર જોવું પણ કષ્ટપ્રદ છે... આ સ્થિતિમાં ગામના પાદરે દૂર દૂર કોઈ દેખાઈ રહ્યું છે. કાંટાળા, ધૂળિયા ને ધગધગતા રસ્તે ધીમા પણ મક્કમ પગલા પડી રહ્યા છે. નજીક... વધુ નજીક... ઓર નજીક...







આ તો કોઈ સંત લાગે છે. આવા સમયે બીજું હોય પણ કોણ?

**સંતપ્તતામાં પણ શીતળતાની અનુભૂતિ કરે, એનું નામ સંત. પ્રતિકૂળતામાં ય જેની અનુકૂળતાને આંચ ન આવે, એનું નામ સંત.**

ધીરે ધીરે એ સંતત્વ સ્પષ્ટ થઈ રહ્યું છે... ખુલ્લા પગ, મેલા વસ્ત્રો, હાથમાં દંડ, ખભે ઉપધિ, લાંબી દાઢી, સ્મિતસભર હોઠ, સરળ નાસિકા, પાણીદાર આંખો, વિશાળ લલાટ અને ખુલ્લું માથુ... બસ... નખશિખ અવધૂત...

**'સામગ્રીથી જ સુખ મળે' એ નરી ગેરસમજ છે, 'સામગ્રી વગર પણ સુખ મળે' એ જરા અણસમજ છે. 'સામગ્રી વગર જ સુખ મળે' એ સમ્યક્ સમજ છે.**

એક સમ્યક્ સમજ એ ગામમાં પ્રવેશી રહી છે... ગામના ઘરો અને વૃક્ષોએ એને છાંયો આપ્યો... પણ એની મુખમુદ્રા તો એવી જ રહી... રે... એક હાશકારો પણ ન નીકળ્યો... વાસ્તવિકતા તો એ હતી કે એ વ્યક્તિત્વ 'હાશકારા'માં જ હતું.

**જેને છાયામાં પણ 'હાય' છે, એનું નામ સંસારી અને જેને તડકામાં પણ 'હાશ' છે એનું નામ સંત.**

કોઇ કોઈ બારીઓ ખુલી રહી છે... કોઇ કોઈ ડોકાઇ રહ્યા છે... કોઇ કોઈ દરવાજા ખુલી રહ્યા છે... કોઇ કોઈ હાથ જોડી રહ્યા છે... ને કોઇ કોઇ સાથે જોડાઈ રહ્યા છે... પધારોસા... બાવશી પધારો... ધન ભાગ અમારો... પધારો... અવધૂત તો આમંત્રણમાં નહીં, ઇર્યાસમિતિમાં પરોવાયા છે. **સમ્માનમાં નહી સમભાવમાં લીન રહે, તેનું નામ સંત. 'પધારો' અને 'જતા રહો' આ બંને જેને ભાષાવર્ગણારૂપે સમાન જ ભાસે, એનું નામ સંત.**

પધારો... उपासरो अटे है... બે જણ આગળ છે, ને બાર જણ પાછળ છે. ઉપાશ્રય આવી ગયો. અવધૂતના માસકલ્પનો મંગલ પ્રારંભ થયો. અવધૂતની જે નિત્યચર્યા હતી, એ ગામ માટે આશ્ચર્યચર્યા હતી... શુદ્ધ ક્રિયા, ઉગ્ર તપસ્યા, જ્ઞાનની ગહનતા, ધ્યાનની મસ્તી, કાયોત્સર્ગની લીનતા, પ્રભુભક્તિની પરાકાષ્ઠા, પ્રાયઃ મૌન અને અધ્યાત્મમાં નિમગ્નતા...

अहो रुवो अहो वण्णो, अहो अज्जस्स सोमया।
अहो खंती अहो मुत्ती, अहो भोगे असंगया।।
अहो नाणं अहो झाणं, अहो अज्झप्पलीणया।
अहो मोणं अहो सच्चं, अहो तवेण जुत्तया।।

આખા ય ગામને અહો... અહો... અહો... અહો... થઈ ગયું... સહુના હૃદયમાં અહોભાવ છવાઈ ગયો...

આમ જુઓ તો એ અવધૂત પ્રવચન ન'તા કરતા, ને આમ જુઓ તો એ પ્રવચન સિવાય બીજું કશું જ કરતા ન હતા. **જેના અસ્તિત્વનો પ્રત્યેક પ્રદેશ ઉપદેશ બની જાય, એને જ તો સાચો સંત કહેવાય.**

એ અવધૂત ક્યારેક ક્યારેક ગોચરી માટે ગયા ને એમણે જનતાને શ્રમણત્વનો પરિચય આપ્યો. ક્યારેક બહિર્ભૂમિ જવા માટે ભર બજારમાંથી પસાર થયા અને નિરંજનત્વનો પરિચય આપ્યો. ક્યારેક કોઈએ ઉપાશ્રયમાં ડોકિયું કર્યું અને એમણે યોગીત્વનો પરિચય આપ્યો. ક્યારેક કોઈએ સામગ્રીઓનો ખડકલો કરીને વહોરવાની વિનંતિ કરી, તો એમણે નિર્ગ્રન્થત્વનો

પરિચય આપ્યો. એ અવધૂતે લીધું કશું જ નહીં... અને ઘણું ઘણું આપી દીધું... **સ્વાધીન કરે તે સંસારી ને સમર્પણ કરે તે સંત.**


માસકલ્પ પૂર્ણાહૂતિને આરે છે... દેરાસરની બહાર કેટલાક જણ ગુસપુસ કરી રહ્યા છે... આ જે બાવશી આવ્યા છે... જ્ઞાની છે, ધ્યાની છે... તપસ્વી છે.. સંયમી છે... યોગી છે... ખરા અવધૂત છે. પણ એમને કોઈ શિષ્ય નથી... આટલા મોટા સંત હોય ને પાછળ કોઈ નહીં એ કેવું?... સાચી વાત છે. આપણામાં જેમ બેટો હોય, તો બાપનું નામ રાખે, એમ શિષ્ય હોય તો ગુરુનું નામ રાખે ને?... ચાલો, આપણે બાવશીને વાત કરીએ... હા... હા... ચાલો... કમ સે કમ એક ચેલો તો કરે... જે એમનું નામ રાખે... હા ચાલો, અમે પણ આવીએ છીએ.

ઉપાશ્રયના દાદરા આવી ગયા... ગુસપુસ શાંત થઇ ગઇ. યોગીરાજ જિનાજ્ઞા મુજબ શુદ્ધ રીતે પડિલેહણ કરી રહ્યા છે... જીવદયાની પરિણતિ... ક્રિયાશુદ્ધિ... ઉપયોગવિશુદ્ધિ... અપ્રમાદભાવ... અંતરંગ બહુમાન... એક એક પાસાને એ શ્રાવકો અહોભાવથી જોઇ રહ્યા...


જો પલાંઠીમાં જ પૂર્ણ સાધના સમાઈ જતી હોત, તો પ્રભુએ પ્રતિક્રમણ, પડિલેહણ આદિ સદનુષ્ઠાનોનો ઉપદેશ જ કેમ આપ્યો હોત? પ્રભુએ તો એમના જ્ઞાનપ્રકાશમાં સ્પષ્ટ જોયું હતું, કે **વ્યવહાર વિનાનો નિશ્ચય નથી અને નિશ્ચય વિનાનો વ્યવહાર નથી.**

પડિલેહણ સંપન્ન થયું. યોગીરાજ પાસે શ્રાવકો ઉપસ્થિત થયા... થોડા સંકોચ સાથે એમણે પોતાની વાત રજુ કરી. એક જણે છેલ્લે જરા ભારપૂર્વક કહ્યું, ''બાવશી! थोरे नाम रे वास्ते, एक चेलो तो करो च करो... चेला थोरा नाम राखशे...''

યોગીરાજ મરક મરક હસી રહ્યા છે... એમના સ્મિતમાં અકળ ગંભીરતા છે... અગાધ રહસ્યતા છે... શ્રાવકો દિઙ્મૂઢ બન્યા છે... આવા મહાયોગીને સલાહ આપવાનું આપણને કેમ સૂઝ્યું... પણ 'નામ રાખવાની' આપણી વાત તો સાચી જ છે ને?... એ શ્રાવકો આમથી તેમ ઝોલા ખાઈ રહ્યા છે... અને યોગીનું સ્મિત ઓર રહસ્યમય થઇ રહ્યું છે... આખરે કો'કે ફરી એ જ વાત દોહરાવી... બાવશી! थोरे नाम रे वास्ते... આ વખતે યોગીરાજના હોઠોમાં સ્પંદન થયું... એમની લાગણી અભિવ્યક્તિમાં પરિણમી અને એક મધુર સ્વર એ વાતાવરણમાં વહેવા લાગ્યો...




શુદ્ધ ક્રિયા, ઉગ્ર તપસ્યા, મૌન અને




અધ્યાત્મમાં નિમગ્નતા...

**अवधू नाम हमारा राखे,**
**सोइ परम महारस चाखे...**

अवधुनाति परिपूर्णतया परपरिणतिपरिकरानित्यवधूतः।

જે પરપરિણતિની જંજાળોને પરિપૂર્ણરૂપે ખંખેરી નાખે તેનું નામ અવધૂત. અવધૂત છે શુદ્ધ આત્મા. જે પરપરિણતિથી સર્વથા મુક્ત છે... જે પરમ મહારસનો આસ્વાદ કરે છે... એ મારું નામ રાખશે.

'નામ' એ ઘણી ગંભીર વસ્તુ છે, અને મોટા ભાગની દુનિયા એના વાસ્તવિક સ્વરૂપથી અજાણ છે. એક દર્શન છે, જે શબ્દબ્રહ્મને સર્વસ્વ માને છે. તેની માન્યતા છે કે નામ, વસ્તુ અને તેના વિષેનું જ્ઞાન, એ ત્રણે સમાન છે... એક જ છે...

अभिधेयवस्तुप्रत्ययास्तुल्यनामधेयाः

યોગીરાજનો આશય એ છે, કે મારો શુદ્ધ આત્મા એ જ મારું નામ છે. જે નામ છે એ જ મારો શુદ્ધ આત્મા છે... મારો શુદ્ધ આત્મા જ મારું શરણ છે... મારું નામ રહેવું એટલે મારા સ્વરૂપનું સાતત્ય રહેવું. એને કોઇ રાખે, એવી જરૂર પણ નથી અને એ શક્ય પણ નથી, મારો તો શુદ્ધ આત્મા જ મારા સ્વરૂપ સાતત્યને જાળવી રાખવાનો છે.


**अवधू नाम हमारा राखे**
**सोई परम महारस चाखे**

પરમ મહારસ એટલે અધ્યાત્મનું અનુપમ અમૃત... પરમ મહારસ એટલે પૂર્ણસ્વરૂપની પ્રતીતિ... પરમમહારસ એટલે પરિશુદ્ધ આત્માનુભૂતિ... એનો આસ્વાદ કરનાર છે શુદ્ધ આત્મા. મારું નામ તો તે જ રાખી શકે... એ સિવાય તો કોઈ મારા નામને સ્પર્શી પણ શકે એમ નથી. જોઈ પણ શકે તેમ નથી અને જાણી પણ શકે તેમ નથી. તો પછી એ મારું નામ રાખે એવી શક્યતા જ ક્યાં છે? **અગમ્ય, અવાચ્ય ને અપ્રાપ્ય છે મારું નામ, કારણ કે મારું સ્વરૂપ એ જ મારું નામ છે.**

**अवधू नाम हमारा राखे**
**सोई परम महारस चाखे**

બાકી જો આ શરીરના નામની વાત કરતા હો, તો એનાથી મને કાંઈ લાગતું વળગતું નથી... કારણ કે એ તો મારાથી તદ્દન જુદું છે. જેમ તમારું નામ કોઇ રાખે, એમાં મને કોઈ લેવા દેવા નથી, એમ આ શરીરનું નામ કોઇ રાખે, એમાં પણ મને કોઈ લેવા-દેવા નથી. કારણ કે જેમ તમે મારાથી

# ‘નામ’ની ભ્રાન્તિ, ‘નામ’નું ભૂત અને ‘નામ’નું મિથ્યાભિમાન છોડી દે.



જુદા છો, તેમ આ શરીર પણ મારાથી જુદું છે.

‘નામ’નું ભૂત વળગે, એટલે જીવને નામની ભૂતાવળ જાગે છે. પોતાનું નામ બોલાતા, લખાતા, પ્રગટ થતા ને પ્રસિદ્ધ થતા એને હર્ષ થાય છે, પણ એને ખબર નથી, કે આ તો મારી નરી મૂર્ખતા છે. લોકો કોઈનું નામ લઇ રહ્યા છે... કોઇનું નામ પ્રસિદ્ધ થઇ રહ્યું છે... અને હું તો કોઈ ઓર જ છું. **નામનાથી મારી પ્રસિદ્ધિ નથી થતી, પણ પ્રસિદ્ધિના મિથ્યાભિમાનથી હું સિદ્ધિથી દૂર જરૂર થઇ રહ્યો છું.**

નામ કોઈનું, નામના કોઇની, ખ્યાતિ કોઇની, પ્રસિદ્ધિ કોઇની... ને હર્ષ મારો, ભૂતાવળ મારી, ખુશી મારી, કર્મબંધ મારો, મલિનતા મારી, અભિમાન મારું... રે!... આના જેવી મૂર્ખામી બીજી કઇ હશે?

નામ-રૂપ તેનો નાશ છે... ‘નામ’ મારું છે, એમ સ્વીકારીને એ ‘નામ’ સાથે સંકળાયેલા કેટકેટલા કલંકોને પણ હું વહોરી લઉં છું. નશ્વરતા, અશુચિતા, જડતા, અજ્ઞતા... ક્યાં નિત્ય... શુચિ... ચેતન અને સર્વજ્ઞ મારો આત્મા? અને ક્યાં એનાથી તદ્દન વિપરીત આ શરીર? એના નામને અપનાવવામાં લાભ કોઇ જ નથી અને નુકશાનનો કોઈ પાર નથી.

દુનિયામાં કોઇના નામને અપનાવવામાં કોઇ લાભ થતો હોય, તો એનું નામ અપનાવી પણ લેવાય છે. સારી કંપનીના નામે પોતાનો માલ વેંચાય એ ગણતરીએ માણસ એ ‘નામ’ માટે મોટી રકમ પણ ચૂકવે છે. એ સમજે છે કે આ મારી કંપનીનું નામ નથી. છતાં ય એ એને અપનાવે છે, કારણ કે એને લાભ છે.

આત્મન્! શરીરના નામને અપનાવવામાં તને શું લાભ છે? માત્ર ને માત્ર અનંત દુઃખ... એ સિવાય કશું જ નહીં. ને તને તો એ ય ભાન નથી કે ‘હું કોઈના નામને અપનાવી રહ્યો છું... વાસ્તવમાં આ મારું નામ નથી.’ તને તો એમ જ લાગે છે કે આ જ ‘મારું’ નામ છે.. બસ, થઈ રહ્યું... આ જ તો તારું પતનબિંદુ છે.

**આત્મન્! સાર એટલો જ છે, કે તું આત્મા છે... અને આત્માનું કોઈ નામ હોતું નથી. માટે 'નામ'ની ભ્રાન્તિ, 'નામ'નું ભૂત અને 'નામ'નું મિથ્યાભિમાન છોડી દે.**

મહારાષ્ટ્રના એક સંત હતા. ગાડગે મહારાજ. માનવતાના મોટા મોટા કાર્યો તેમણે કર્યા. કરોડો રૂપિયા ભેગા કરીને ટ્રસ્ટ બનાવ્યું, અને ગરીબોનો ઉદ્ધાર કર્યો. તેમના ભક્તોએ તેમનું બાવલું બનાવ્યું... નીચે તેમનું નામ લખ્યું. ગાડગે મહારાજને જાણ થઈ. કડિયાળી ડાંગ લઈને ત્યાં આવી ગયા. એ બાવલું ને નામ બંનેને જમીનદોસ્ત કરી નાખ્યા.



આત્મન્! કોઈ તારા બાવલા બનાવે ને 'નામ' મુકે... એમાં તું હર્ષઘેલો થાય, એ તો તારી મૂર્ખતા છે જ... પણ તેં તારા મનમાં જ તારા કેટકેટલા બાવલા બનાવ્યા છે, એનો વિચાર તો કર... મનોમન તેં કેટકેટલી તકતીઓ લગાડી દીધી છે, એ અજ્ઞતાને તો વિચાર... આજે તારી આંખો ઉઘડી હોય તો તું ય બની જા ગાડગે મહારાજ. આત્માનુભૂતિની કડિયાળી ડાંગ હાથમાં લે અને તૂટી પડ એ બાવલાઓ પર ને તકતીઓ પર... પૂરી તાકાતથી એમને ફટકારતો જા... જમીનદોસ્ત કરતો જા... એમના ચૂરે ચૂરા કરતો જા... એ જ તો તારા દુશ્મન છે. એમણે જ તો તને રખડાવ્યો છે... એમણે જ તો તને ભરમાવ્યો છે... એમણે જ તો તને પૂરેપૂરો ખંખેરી લીધો છે... એક-એક બાવલું ને એક-એક તકતી... રખે કાંઈ રહી જાય...

**આત્મન્! આજે તને પરમ રહસ્ય કહું છું... 'નામ' એ જ સંસાર છે. એને ખતમ કરી દે, તો મોક્ષ તારા હાથમાં છે.**

તારા મનના એ બધા જ બાવલાઓનો ભુક્કો બોલાઈ જાય. એ તમામ તકતીઓનો ચૂરો થઈ જાય. 'મારું નામ' આ મિથ્યાભિમાન પૂર્ણપણે ઉતરી જાય. એ પળે તું ક્ષપકશ્રેણિ પર આરોહણ કરતો હોઈશ. સર્વજ્ઞતા અને વીતરાગતા તારું હાર્દિક સ્વાગત કરતાં હશે અને સિદ્ધિ તારી સ્વયંવરા થવા તલપાપડ બની હશે.

ગાડગે મહારાજના ભક્તોએ એક બીજું પણ કામ કર્યું હતું. ગાડગે મહારાજના ચતુરંગી ફોટાવાળા પોસ્ટરો બનાવડાવ્યા હતા. ઉપર ફોટો ને નીચે નામ. જે પ્રસિદ્ધિનું માધ્યમ હતું, એ ગુપ્ત શી રીતે રહે? ગાડગે મહારાજને ખબર પડી ગઈ. એ હજારો પોસ્ટરોને એમણે અરબી સમુદ્રમાં પધરાવી દીધા.

આત્મન્! આજ સુધીમાં તેં કેટલા પોસ્ટરો બનાવ્યા છે, ખબર છે? હજારો નહીં, લાખો નહીં, કરોડો-અબજો નહીં, અસંખ્ય નહીં, પણ અનંત. તારી અનંત સંસારયાત્રા એ અનંત પોસ્ટરોની જ તો નીપજ હતી. નામ અને રૂપની તારી ભ્રમણા એ જ એ એક-એક પોસ્ટરનું કવન હતું. મારું નામ ને મારું રૂપ... મારું નામ ને મારું રૂપ... **'નામ ને રૂપ'ની ભ્રમણામાં રાજી થવું, એટલે સળગતી ચિતા પર ચઢીને નાચવું.**

આત્મન્! જેનાથી તું અનંત વાર દાઝ્યો છે... જીવતો સળગ્યો છે... ભસ્મીભૂત થયો છે... એમાં ફરી કેમ આળોટે છે? ઉઠ, ઊભો થા... ઉપાડ એ બધા પોસ્ટરોને... આત્માનુભૂતિના અરબી સમુદ્રમાં એને વિલીન કરી દે... **'નામ અને રૂપ'ને જલાંજલિ આપી દે... આ જલાંજલિ સંસારને છે... આ જલાંજલિ સર્વ દુઃખોને છે.**

શ્રાવકો નથી તો ગાડગે મહારાજ ને નથી તો યોગીરાજ... એમને થોડું થોડું સમજાઈ રહ્યું છે, ને ઘણું ઘણું ઉપરથી જઇ રહ્યું છે. પણ યોગીરાજની કરુણા એમને જ્ઞાનથી વંચિત રાખવા નથી માંગતી... એ કરુણા તો ધારાબદ્ધ રીતે અનામી ને અરૂપી આત્માને સિદ્ધ કરી રહી છે.

### ना हम पुरुषा ना हम नारी

પુરુષ કે સ્ત્રી તો શરીર હોય છે. માટે જ પુરુષત્વ અને સ્ત્રીત્વ શરીરના લક્ષણો દ્વારા વ્યક્ત થાય છે. આત્મા શરીર નથી, માટે એ પુરુષ કે સ્ત્રી નથી. જ્યાં સુધી પુરુષત્વ અને સ્ત્રીત્વની ભ્રમણા નહીં જાય ત્યાં સુધી આત્મજ્ઞાન નહીં થાય. **સાધક દેહભાવથી ઉપર ઉઠે છે, દેહાતીતભાવની અનુભૂતિ કરે છે, ત્યારે એને સ્પષ્ટ પ્રતીતિ થાય છે, કે હું પુરુષ પણ નથી અને હું સ્ત્રી પણ નથી. હું તો આત્મા છું.**

### ना हम पुरुषा ना हम नारी

દેહાતીતભાવની આ પ્રતીતિ એ ભાવ બ્રહ્મચર્ય છે. સ્ત્રીનું ખેંચાણ તેને છે, કે જે પુરુષ છે. પુરુષનું આકર્ષણ તેને છે, કે જે સ્ત્રી છે. આત્મા તો પુરુષ પણ નથી અને સ્ત્રી પણ નથી, તો એને ખેંચાણ શાનું? અને એને આકર્ષણ પણ શાનું? હું પુરુષ કે સ્ત્રી છું, આ પ્રતીતિ બાહ્યાત્માની છે. હું આત્મા છું, આ પ્રતીતિ અંતરાત્માની છે.

### ना हम पुरुषा ना हम नारी

સંસારનું મૂળ છે અધર્મ. અધર્મનું મૂળ છે મૈથુન અને મૈથુનનું મૂળ છે પુરુષત્વ અને સ્ત્રીત્વનું સંવેદન... આત્મન્! આ સંવેદને જ તો તારો સર્વનાશ સર્જ્યો છે... આ સંવેદનથી જ તો તું ભયાનક ભવભ્રમણ કરી રહ્યો છે. હજી પણ આ જ સંવેદનમાં કેમ રાચે છે? જે સંવેદન ખોટું પણ છે અને ખાનાખરાબી કરનારું પણ છે, એનો ત્યાગ કરીને જે સત્ય છે, અને સુખદાયક પણ છે, એ જ સંવેદનમાં રમવા જેવું છે.

### ना हम पुरुषा ना हम नारी


પુરુષત્વ અને સ્ત્રીત્વ જેમ શરીરના છે, તેમ વર્ણ અને આકાર પણ શરીરના છે. આત્માના નથી.

### वरन न भांति हमारी

**વર્ણ ને આકાર તો તેના છે કે જે રૂપી છે... આત્મા તો અરૂપી છે.** ગોરી ને કાળીના અવલોકનો... હાઈટ ને વ્હાઇટની શોધખોળો... ફિગર સુધારવા માટેની કાળી મજૂરી... રૂપાળા દેખાવા માટેની ભારે જહેમત... આ બધાને યોગીરાજ એક જ વાક્યમાં મૂર્ખતામાં ઠેરવી દે છે...

### वरन न भांति हमारी

ગધેડાના શિંગડા પર શી રીતે માળા ચડાવવી? એના જેવી આ બધી મથામણો છે. ભલા માણસ! ગધેડાના શિંગડા જ ન હોય તો પછી માળાની વાત શાની? અને ચડાવવાની ચિંતા શાની? આત્માને વર્ણ ને આકાર જ નથી તો પછી આ બધી રામાયણ શાની? આ બધી ચેષ્ટા અજ્ઞતાનું પરિણામ છે, અને આ ચેષ્ટાનું પરિણામ છે સંસાર.



કારણ કે એનાથી દેહભાવ દઢ થાય છે... જેને દેહાતીત ભાવમાં જવું હોય, એણે આવી ચેષ્ટાઓનો ત્યાગ કરવો જોઈએ... જેમ કે -

• મેક-અપ કરવો. • દર્પણમાં જોયા કરવું.
• વારંવાર વાળ ઓળ્યા કરવા. • પરફ્યુમ લગાડવું.
• સૌન્દર્યલક્ષી પ્રયાસો કરવા. • નામ લખ્યા કરવું.
• વૃદ્ધત્વને ઢાંકવાના પ્રયત્નો કરવા.

આ બધી ચેષ્ટાઓ બંધનને દઢ કરનારી છે... દેહભાવને પુષ્ટ કરનારી છે... દેહાતીતદશાના સુખથી વંચિત કરનારી છે.

આજે - દિવાળીના દિવસે એક કરોડપતિ યુવાન મારી પાસે આવ્યો... ''બાવશી! કોઇ એવો મંત્ર લખી આપો ને, જેનાથી શાંતિ મળે...'' અત્યારે વિચાર આવે છે... યોગીરાજના આ ઉદ્‌ગારો પણ મંત્રાક્ષરો જ છે ને?

## વરન ન ભાંતિ હમારી

આના અજપાજપ જાપનું રટણ થાય... દેહાતીતદશાનો ઉદય થાય, એટલે કઈ શાંતિ ન મળે?.. કયું સુખ પ્રાપ્ત ન થાય? **સર્વ અશાંતિઓ અને સર્વ દુઃખોનું બીજ છે દેહભાવ... દેહભાવનો વિલય એ એમના વિલયનો જ પર્યાય છે.**

આત્મા દેહ નથી, માટે એની કોઈ જાતિ કે પંક્તિ પણ નથી.

## જાતિ ન પાંતિ

જાતિ એટલે કાસ્ટ અને પંક્તિ એટલે સ્ટેટસ. **શરીર છૂટતાની સાથે કાસ્ટ અને સ્ટેટસ છૂટી જાય છે, એ જ બતાવે છે કે એ શરીરના જ હતા, આત્માના નહીં.**

આત્મન્! કોઈની સંપત્તિથી જો તું ગર્વ લઈ શકે, તો જ કાસ્ટ અને સ્ટેટસથી તું અભિમાન કરી શકે. કોઈની સંપત્તિ જેમ તારી નથી. એમ કાસ્ટ અને સ્ટેટસ પણ તારા નથી.

## જાતિ ન પાંતિ

આત્મન્! જે જે તારું નથી, તેના તેના માટે તેં જે સંઘર્ષો અને સંક્લેશો કર્યા છે, તેનો સરવાળો કરે, તો તારી ચીસ પડી જાય, નરી મૂર્ખતા... નર્યું અજ્ઞાન... નરી ભ્રાંતિ... નરી ગેરસમજ... વિના કોઈ લેવા-દેવા તેં કેટકેટલા રાગ-દ્વેષો કર્યા... કેટકેટલા કર્મબંધો કર્યા. ને કેટકેટલી યાતનાઓ સહન કરી. આત્મન્! આજે તું સમ્યક્ સમજનો સ્વામી બની જા... અવધૂત બની જા... ને અવધૂત સિવાય બીજું બધું જ ભૂલી જા... તું આત્મા છે. તું દેહ નથી. કારણ કે તારું કોઇ સાધન નથી. ને તારો કોઈ સાધક નથી.

## ન સાધન સાધક

ચાકડો ને લાકડી, એ માટલું બનાવવાના સાધન છે. કુંભાર એ માટલાનો સાધક છે. માટલું અનિત્ય છે, માટે તેનું કોઈ સાધન પણ છે, અને તેનો કોઈ સાધક પણ છે. આત્મા નિત્ય છે... શાશ્વત છે... ધ્રુવ છે... માટે નથી તો એનું કોઈ સાધન, કે નથી તો એનો કોઇ સાધક. આત્મા તો સ્વયંસિદ્ધ છે. આત્માની હજી એક વિશેષતા છે અગુરુલઘુત્વ.

## ના હમ લઘુ નહિ ભારી

જો આત્મા એકાંતે લઘુ હોય, તો એ જમીન પર રહી જ ન શકે.. ઉંચે ને ઉંચે ઉડ્યા જ કરે, જો આત્મા એકાંતે ગુરુ હોય તો એ પડી જ જાય. પણ આત્મા તો અગુરુલઘુ છે. માટે એવું થતું નથી.


શ્રાવકો હવે ધીરે ધીરે આત્માની અસ્મિતાની અંતરમાં ઉતરી રહ્યા છે... દેહભાવ અને દેહાતીતભાવની પરિભાષાને પામી રહ્યા છે... **પામવું ને પમાડવું એ જ તો પરમર્ષિનું કાર્યક્ષેત્ર છે...** પરમર્ષિ એમાં જ આગળ વધી રહ્યા છે.



ના હમ તાતેં ના હમ શિરે
ના હમ દીરઘ ન છોટા.

ના હમ ભાઈ ના હમ ભગિની
ના હમ બાપ ન ધોટા.

## અવધૂ નામ હમારા રાખે...૨



# પરચિંતા જેવું પાપ નથી

## અને સંબંધ જેવું કોઈ બંધન નથી.

અમે ઉષ્ણ પણ નથી અને શીત પણ નથી. અમે લાંબા પણ નથી, અને ટૂંકા પણ નથી. અમે કોઈના ભાઈ પણ નથી, અને બેન પણ નથી. અમે કોઈના પિતા પણ નથી, અને પુત્ર પણ નથી.।।૨।।

આત્મા પૌદ્ગલિક નથી, તેથી તેનામાં પુદ્ગલના કોઇ ગુણધર્મો ઘટતા નથી. ઉષ્ણત્વ કે શીતત્વ એ તો પુદ્ગલના પર્યાયો છે. દીર્ઘત્વ કે હ્રસ્વત્વ એ ય પુદ્ગલના પર્યાયો છે... આત્માને આ પર્યાયો સાથે કોઈ જ સ્નાન-સૂતક નથી.

**ના હમ તાતે ના હમ શિરે**
**ના હમ દીરઘ ન છોટા**

ભાઈ, બહેન, પિતા, પુત્ર એ પણ પુદ્ગલ જ હોઇ શકે. આત્મા કદાપિ નહીં. કારણ કે સર્વ સંબંધોનો આધાર શરીર છે. સંબંધી આત્મા નથી, પણ શરીર છે. માટે કોઈનો ભાઈ જેમ તારો ભાઇ નથી, એમ શરીરનો ભાઇ પણ તારો ભાઈ નથી.

**ના હમ ભાઈ ના હમ ભગિની**

**ના હમ બાપ ન ધોટા**

અવધૂતગીતાના શબ્દો મનનીય છે -

न ते च माता च पिता च बन्धु-
र्न ते च पत्नी च सुतश्च मित्रम्।

આત્મન્! તારી કોઈ જનની નથી, કારણ કે તારો જન્મ જ નથી. તારા કોઈ પિતા નથી, કારણ કે તારો આત્મા જ તારો પાલક છે. તારો કોઇ બંધુ નથી, કારણ કે તને કોઇ સ્નેહથી બાંધી શકે તેમ નથી. તારી કોઈ પત્ની નથી, કારણ કે તું ધ્રુવસ્વરૂપી છે, તારું પતન કરવા માટે કોઈ સમર્થ નથી. તારો કોઈ પુત્ર નથી, કારણ કે મૂળ જ ન હોય, તો શાખા તો ક્યાંથી હોય? તારો દેહ નથી, માટે તારો દીકરો પણ નથી. બાહ્યવિશ્વમાં તારો કોઈ મિત્ર પણ નથી, કારણ કે તારો આત્મા જ તારો ખરો મિત્ર છે.

આત્મન્! જે પર્યાયો પરાશ્રિત છે, જે સંબંધો સ્વપ્ન-



**સંબંધથી વધુ કશું જ નથી, એમનો મોહ રાખીને તું મૂર્ખ કેમ બને છે?** આજે તું બે તથ્યોને સમ્યક્ સમજી લે... **પરચિંતા જેવું પાપ નથી અને સંબંધ જેવું કોઈ બંધન નથી.**

એ પાપ અને એ બંધનમાંથી મુક્ત થવાનો આ જ ઉપાય છે -

## ના હમ બાપ ન ધોટા...

સંગમે પ્રભુ વીરને એક જ રાતમાં વીશ-વીશ મહાઉપસર્ગો કર્યા. ત્યાર બાદ પણ સતત છ મહિના સુધી અનૈષણા કરી કરીને એણે પ્રભુને ઉપવાસ કરાવ્યા... આ બધા કષ્ટોમાં સૌથી મોટું કષ્ટ કયું હતું? દ્રવ્યથી જોઈએ તો કાળચક્રનો આઘાત એ મોટું કષ્ટ હતું. પણ ભાવની અપેક્ષાએ સંગમે સિદ્ધાર્થરાજા અને ત્રિશલાદેવીની વિકુર્વણા કરીને તેમનો જે જીવંત વિલાપ દેખાડ્યો, તે મોટું કષ્ટ હતું.

ભલભલાનું ધ્યાન છૂટી જાય, કાયોત્સર્ગ અકાળે જ પરાઈ જાય. મનમાં ખળભળાટ વ્યાપી જાય, હૃદય ક્ષોભાયમાન થઈ જાય, ને સાંસારિક સ્નેહ જબરદસ્તીથી લાગણીમાં તાણી જાય, એવો એ ઉપસર્ગ હતો.. તો ય પ્રભુનું રુંવાડું પણ ન ફરક્યું... પ્રભુ તો મેરુ પર્વતની જેમ ધ્યાનમાં નિશ્ચલ જ રહ્યા. સંગમના ઉપસર્ગનું સૂરસૂરિયું થઈ ગયું. કારણ... પ્રભુની આ જ સમ્યક્ સમજ.

## ના હમ બાપ ન ધોટા

કેવળજ્ઞાન બાદ પ્રભુને ગોશાળાનો જે ઉપસર્ગ આવ્યો, તે દ્રવ્યોપસર્ગ હતો. એક અપેક્ષાએ તેને પણ સારો કહેવડાવે એવો એક ભાવોપસર્ગ પણ થયો હતો. જ્યારે પ્રભુના જમાઈ જમાલિએ પ્રભુની સામે બંડ પોકાર્યું... પોતાનો અલગ પંથ સ્થાપ્યો... અને પ્રભુની સગી દીકરી પ્રિયદર્શનાએ પણ પિતાને છોડીને પતિનો પક્ષ લીધો. સામાન્ય સંયોગમાં તો જીવતર ઝેર થઈ જાય, એવી આ ઘટના હતી. આમ છતાં પણ પ્રભુ પૂર્ણપણે સ્વસ્થ રહી શક્યા... કારણ... આ જ પરિણતિ...

## ના હમ બાપ ન ધોટા

ખાલી જગ્યા પૂરો - હું .... છું. અહીં એક જ જવાબ સાચો છે - આત્મા. આ સિવાયનો કોઈ પણ જવાબ ખોટો છે, અને ખોટો જવાબ લખનારને ભયાનક સજા થાય છે. એ સજારૂપે એના પર દુઃખના ડુંગરો તૂટી પડે છે. અપાર પીડાઓ એને ઘેરી વળે છે. ક્લેશો ને સંક્લેશો એના સદાના સાથીદાર બની જાય છે, અને એના ભવભ્રમણનો અંત આવતો નથી. ભૂલ આટલી જ અને સજા આટલી ભારી... કારણ કે **પોતાને આત્મા ન માનવો, અને શરીર માનવું, એ અધ્યાત્મવિશ્વની સર્વોત્કૃષ્ટ ભૂલ છે, જે ભૂલ બીજી લાખો ભૂલોને ખેંચી લાવે છે.** આ ભૂલને સુધારવા માટે આ એક જ પરિભાવન સમર્થ છે, કે આત્મા 'પર'થી પર છે. યોગીરાજ હવે આ જ પરિભાવનમાં અવતરણ કરી રહ્યા છે...

ना हम मनसा ना हम शबदा,
ना हम तन की धरणी,
ना हम भेख भेखधर नाहिं
ना हम करता करणी.

## अवधू नाम हमारा राखे...३

અમે મન નથી, અમે શબ્દ નથી અને અમે શરીરનો આધાર પણ નથી. અમે ભેખ કે ભેખધારી પણ નથી અને કર્તા કે ક્રિયા પણ નથી. ।।૩।।

**ભગવદ્ગીતામાં** કહ્યું છે -


इन्द्रियाणि पराण्याहु-रिन्द्रियेभ्यः परं मनः।
मनसोऽपि परा बुद्धि-र्यो बुद्धेः परतस्तु सः।।

ઈન્દ્રિયો પર છે. ઈન્દ્રિયોથી પણ પર છે મન. મનથી પણ પર છે બુદ્ધિ અને બુદ્ધિથી પણ પર છે આત્મા. ઈન્દ્રિયો દૃશ્ય છે, મન અદૃશ્ય છે. મનોદ્રવ્યરૂપ દ્રવ્યમન પૌદ્ગલિક છે, બુદ્ધિરૂપ ભાવમન આત્માનો અધ્યવસાય છે. શુદ્ધ આત્મા તો નથી દ્રવ્ય મન કે નથી તો ભાવ મન...

### ના હમ મનસા

આત્મન્! તારા સંપર્કની બધી જ વસ્તુઓમાં સૌથી સૂક્ષ્મ છે મન. જો તું 'મન' પણ નથી, તો પછી બીજી સ્થૂલ વસ્તુરૂપ તો તું ન જ હોય ને? માટે જ યોગીરાજ આગળ વધીને કહે છે -

**હું કરું છું, મેં કર્યું,
મારાથી થયું,
હું છું તો થાય છે,
મારા વિના કોણ કરત?
આ બધી ગેરસમજો છે.
સમ્યક્ સમજ તો એક જ છે -
ના હમ કરતા કરણી**





## ना हम शबदा

હું શબ્દ પણ નથી. શબ્દના ઉપલક્ષણથી રૂપ, ગંધ, રસ અને સ્પર્શ પણ હું નથી... પાંચે ઇન્દ્રિયોથી હું પર છું... અને પાંચે ઇન્દ્રિયોના વિષયોથી પણ હું પર છું. હું પુદ્ગલ નથી, હું દેહ નથી, દેહ મારો આધાર નથી અને હું દેહનો આધાર પણ નથી.

## ना हम तन की धरणी

શુદ્ધ નયના મતે આત્મા અને શરીર વચ્ચે આત્યંતિક ભેદ છે. અર્થાત્ તે બે વચ્ચે કોઈ જાતનો સંબંધ જ નથી. શરીર અને આત્મા વચ્ચે અભેદભાવ તો નથી જ, આધાર-આધેયભાવ પણ નથી. નથી તો શરીર આત્મામાં રહેતું, ને નથી તો આત્મા શરીરમાં રહેતો. બંને સ્વસ્વરૂપમાં અવસ્થિત છે. આ જ કારણથી નથી તો અમે ભેખ... ને નથી તો અમે ભેખધારક.

## ना हम भेख भेखधर नाहिं

ભેખ એટલે મુનિ, સંન્યાસી આદિનું ઓળખચિહ્ન. એ ભગવાવસ્ત્રોરૂપ હોય, ત્રિશૂળ-રુદ્રાક્ષમાળા-ત્રિદંડરૂપ હોય, ભસ્મ ચોળવારૂપ હોય, દિગંબરત્વરૂપ હોય, લંગોટરૂપ હોય કે શ્વેત વસ્ત્રોરૂપ હોય. આ સર્વ ભેખ પૌદ્ગલિક છે. માટે હું ભેખ નથી. હું તો આત્મા છું. વળી એ ભેખનો ધારક પણ હું નથી, કારણ કે એ ભેખ તો શરીર પર રહેલો છે. ભેખધર તો શરીર છે, હું નહીં.

## ना हम भेख भेखधर नाहिं

ભેખ એક સાધન છે... ઉપકરણ છે... એને સાધ્ય બનાવી દેવું, એ ભૂલ છે, એને જ સર્વસ્વ માની લેવું, એ ગંભીર ભૂલ છે, અને એના નામે સંઘર્ષ કરવો એ ભયાનકતા છે. સાધન... સાધ્ય... સર્વસ્વ ને સંઘર્ષની આ આંટીઘૂંટીઓમાંથી યોગીરાજ સિફતથી સરકી જાય છે...

## ना हम भेख भेखधर नाहिं

દ્રવ્યભેખ એ ભાવભેખનું સાધન છે. સાધ્ય તો છે ભાવભેખ. ભાવભેખ એટલે દર્શન, જ્ઞાન, ચારિત્ર. હજી ઊંડાણમાં જઈએ, તો જે દ્રવ્યભેખ ભાવભેખનું કારણ બનતો નથી, ઉલ્ટુ સંસારનું કારણ બને છે, તે વાસ્તવમાં ભેખ જ નથી. જેમ રાજાનો પરિગ્રહ તેને સંસારમાં રખડાવે છે, તેમ તે ભેખ પણ તેને સંસારમાં રખડાવે છે. તો પછી રાજાના પરિગ્રહ અને તે ભેખધારીના ભેખમાં ફરક જ શું રહ્યો? **અધ્યાત્મકલ્પદ્રુમમાં** કહ્યું છે –

शुद्धे तथापि चरणे यतसे न भिक्षो!<br>
तत्ते परिग्रहभरो नरकार्थमेव।।

ભિક્ષુ! જો તું શુદ્ધ ચારિત્ર-ભાવભેખ માટે પુરુષાર્થ નથી કરતો, તો પછી તારો આ બધો પરિગ્રહ નરક માટે જ છે.

જે ઉપકરણરૂપ દ્રવ્યભેખ છે, તે ય ઉપાદેય છે... સાધનરૂપે સમ્મત જ છે. પણ તેની સાથે સાથે ભાવભેખનું લક્ષ્ય હોવું આવશ્યક જ નહીં, અનિવાર્ય પણ છે. અને આ લક્ષ્ય જ વાસ્તવિકતાનું સ્મરણ કરાવતું રહે છે...

## ना हम भेख भेखधर नाहिं

સાર આટલો જ છે, કે હું આત્મા છું, શરીર નથી. આ જ કારણથી હું કર્તા પણ નથી અને ક્રિયા પણ નથી.

## ना हम करता करणी

શુદ્ધ નયનો આ અભિપ્રાય છે, કે આત્મા કશું કરતો નથી. જે કરે છે તે શરીર છે. 'હું કર્તા છું.' આ મિથ્યાભિમાન છે. અને તેનાથી કર્મબંધ થાય છે. મહો. શ્રીયશોવિજયજી મહારાજાએ કહ્યું છે –

**હું કર્તા પરભાવનો, એમ જિમ જિમ જાણે<br>
તેમ તેમ અજ્ઞાની પડે, નિજ કર્મને ઘાણે.**

અહંકાર, મમકાર, મોહ, માયા, ક્રોધ, કામ આ બધા કર્તાભાવના વિકારો છે. કેટકેટલા દોષોનો એક માત્ર આધારસ્તંભ છે કર્તાભાવ. કેટકેટલા દુઃખોનું એક માત્ર ઉદ્ગમબિંદુ છે કર્તાભાવ.

**હું કરું છું, મેં કર્યું, મારાથી થયું,**
**હું છું તો થાય છે, મારા વિના કોણ કરત?**

આ બધી ગેરસમજો છે. સમ્યક્ સમજ તો એક જ છે -

## ના હમ કરતા કરણી

**કર્તૃત્વ પણ પરાશ્રિત અને ક્રિયા પણ પરાશ્રિત. એમાં હું કોઈ નહીં, ને મારું કશું નહીં.**

રાણકપુરનું અદ્‌ભુત જિનાલય... એની બાંધણી પૂરી થઈ. શિલ્પીએ ધરણાશાને કહ્યું, ''તમે કહો ત્યાં તમારી સ્મૃતિ રહે એવું સ્મારક બનાવી દઉં... રંગમંડપના મધ્યભાગે... મુખ્ય દેરીઓમાં... પ્રવેશદ્વાર પાસે જ્યાં કહો ત્યાં તમારી મૂર્તિ રાખી દઉં. લોકો પણ યાદ કરશે કે આ રાણકપુરના નિર્માતા...

૯૯ કરોડના સદ્‌વ્યયથી બનાવેલ એ રાણકપુર તીર્થ... આજે ય દેશ-વિદેશમાં પ્રસિદ્ધ રાણકપુર તીર્થ... અને એના નિર્માતાના શબ્દો હતા. ''મેં કર્યું જ શું છે? મારા સ્મારકની કોઈ જરૂર નથી. કરવું જ હોય તો એવું કાંઈ કરી દે કે મને કોઈ ન જોઈ શકે, અને મને સતત પ્રભુના દર્શન થતા રહે...'' આજે ય રાણકપુરના મેઘનાદ મંડપના સ્તંભમાં ધરણાશાનું એક નાનકડું પ્રતિક છે. જે શોધ્યું ય જડે તેમ નથી. અને એ પ્રતિક બે હાથ જોડીને આદીશ્વરદાદાને નીરખી રહ્યું છે.

## ના હમ કરતા કરણી

કદી પાનવાળાને જોયો છે. એ નવરો પડે કે તરત પાન અને કાતર હાથમાં લઈ લે, અને પાનની કિનારીનો કોહવાયેલો ભાગ કાપ્યા કરે. જો એ ભાગ દૂર ન થાય તો બાકીનો સારો ભાગ પણ બગડી જાય. કર્તાભાવ એ અંતરનો કોહવાયેલો ભાગ છે. એ વધતા વધતા સમગ્ર આત્માને વિકૃત કરી દે છે. **કર્તાભાવ પર સતત કાપ મુકતો રહે, તે ખરો આત્મસાધક.**

## ના હમ કરતા કરણી

કર્તૃત્વના વિષે ગંભીર નયવાદ છે.


- શુદ્ધ નય :- આત્મા શુદ્ધભાવોનો કર્તા છે.
- સંગ્રહ નય :- આત્મા અકર્તા છે. ઉપચારથી સ્વ-સ્વભાવનો કર્તા છે.
- ઋજુસૂત્ર નય :- જ્યારે જ્યારે આત્મા જે જે ભાવમાં પરિણમે છે, ત્યારે ત્યારે એ તે તે ભાવનો કર્તા છે, પણ પરભાવોનો કર્તા નથી.
- નૈગમ નય/વ્યવહાર નય :- આત્મા કર્મ વગેરેનો કર્તા છે. કારણ કે સંસારી અવસ્થામાં જીવ મૂર્ત સાથે એકમેક થયેલો હોવાથી મૂર્ત જેવો હોય છે.

બાળભૂમિકામાં રહેલા જીવો માટે આત્માના કર્મકર્તૃત્વનું પરિભાવન હિતકારક છે. તેનાથી તેઓ અશુભપ્રવૃત્તિ કરતા અટકે છે અને શુભમાં પ્રવૃત્ત થાય છે. પ્રબુદ્ધભૂમિકામાં આત્માના અકર્તૃત્વનું પરિભાવન હિતકારક છે, જેથી આત્મા ઉત્તરોત્તર વિશુદ્ધ પરિણતિને પામી શકે. અહંકારાદિ દોષોથી મુક્ત થવા માટે પણ અકર્તૃત્વનું પરિભાવન ઉપયોગી છે.

## ના હમ કરતા કરણી

આત્મા એ 'કરણી' પણ નથી. કારણ કે કરણીનો આશ્રય શરીર છે, માટે એક અપેક્ષાએ શરીર એ કરણીરૂપ બને છે. શુદ્ધ આત્માને તો કોઇ કરણી હોતી નથી.

યોગીરાજના શબ્દો ક્રમશઃ અગાધ અધ્યાત્મમાં પ્રવેશતા જાય છે... અને એ શ્રાવકોને એક બાજુ જ્ઞાનપ્રાપ્તિનો આનંદ થતો જાય છે, અને બીજી બાજુ અજંપો પણ થતો જાય છે, કે આવા મહાયોગીને શિષ્ય અને નામનાની વાત તેમણે કેમ કરી?... શ્રાવકો મંત્રમુગ્ધ બન્યા છે અને યોગીરાજ હવે અધ્યાત્મગિરિના શિખરને સર કરી રહ્યા છે...



ना हम दरसन ना हम परसन
रसन गंध कछु नाहि.


आनंदघन चेतनमय मूरति
सेवकजन बलिजाहि.

## अवधू नाम हमारा राखे…४

અમે દર્શન નથી. અમે સ્પર્શન નથી. રસના કે ગંધ કાંઈ નથી. અમે તો છીએ ચૈતન્યમય આનંદઘન મૂર્તિ. જેનો સેવકજન બલિહારીને પામે છે. ॥૪॥

મકાનમાં બારીઓ હોવાથી મકાન ઉજાસવાળું છે. આવી વાત વ્યવહારમાં સત્ય ગણાય છે. બાકી વાસ્તવિકતાનો વિચાર કરો તો ઉજાસ તો ભરપૂર હતો જ. મકાન બન્યું, ને તે ઉજાસ રોકાઈ ગયો. બારીઓની જગ્યાએ મકાનની ગેરહાજરી થઈ, ઉજાસને અવકાશ મળ્યો, અને તેના દ્વારા થોડા ઉજાસને પ્રવેશ મળ્યો. બાકી ખુલ્લા મેદાનમાં જે ઉજાસ છે, તે ઉજાસ તો મકાનમાં નથી જ.

આત્મા પર કર્મોના જે આવરણ છે, તે મકાન જેવા છે. તેમાં ક્ષયોપશમરૂપ જે બારીઓ છે, તે ઈન્દ્રિયો છે. તેનાથી વિષયબોધરૂપ આંશિક ઉજાસ તો આવે છે. પણ સર્વજ્ઞતાની તુલનામાં તે બોધ અનંતમો ભાગ પણ નથી. જેમ ખુલ્લુ મેદાન એ બારી નથી, તેમ આત્મા એ ઈન્દ્રિય નથી…





## ના હમ દરસન ના હમ પરસન
## રસન ગંધ કછુ નાહિ

એક સદ્દગુરુ પાસે બે સાધક આવ્યા. છ મહિના સુધી સદ્દગુરુ એમને સાધનાના પાઠો ભણાવતા રહ્યા... સાધના ચાલતી રહી... આજે એમની પરીક્ષા હતી. જે એમાંથી ઉત્તીર્ણ થાય, એને જ આગળના સાધનાસૂત્રો પ્રાપ્ત થવાના હતાં. પણ સદ્દગુરુએ પરીક્ષાના સમય વગેરે વિષે તો કાંઇ કહ્યું જ ન હતું. સવાર તો એમ ને એમ પસાર થઈ ગઈ. એક સાધકના મનમાં ગડમથલ ચાલું થઇ ગઈ... ગુરુજી ભૂલી તો નહીં ગયા હોય ને?

**કેટલીય વાર આપણા નાપાસ થવાનું કારણ એ હોય છે, કે આપણી પરીક્ષા ચાલુ જ છે, એ હકીકતથી આપણે અજાણ હોઈએ છીએ.** કેટકેટલી તો ગ્રંથિઓએ આપણને જકડેલા છે... પરીક્ષા તો આ રીતની જ હોય... આવું આવું હોય, એને જ પરીક્ષા કહેવાય, આના વિના તો પરીક્ષા હોય જ નહીં. **ખરો સાધક પૂર્ણતયા ગ્રંથિમુક્ત હોય છે. એ સહજ હોય છે, એની સાધના સહજ હોય છે, સ્થિતિ ને પરિસ્થિતિનો એનો સ્વીકાર પણ સહજ હોય છે.** બપોર થઈ... એકની ગડમથલ વધતી ગઈ... બીજો તદ્દન સ્વસ્થ છે. પોતાની સાધનામાં મસ્ત છે. **જીવનમાં કોઈ પણ પળે સ્વસ્થતા ગુમાવી દો, ત્યારે કદી બાહ્ય નિમિત્તને દોષ નહીં દેતા, પણ શાંત ચિત્તે વિચારજો કે તમારી જ કંઇક ભૂલ થઇ રહી છે.**

**જેની મનસ્થિતિ પરિસ્થિતિને આધીન છે, એના જેવો ગુલામ બીજો કોઇ જ નથી.** ને એ ગુલામ સારી પરિસ્થિતિમાં પણ પ્રસન્ન રહી શકે, એવી શક્યતા ખૂબ ઓછી છે. કો'કે ખરું જ કહ્યું છે -

**દરિયો શાંત હોય, એટલું પૂરતું નથી મરીઝ,**
**ક્યારેક તો અંતરમાં જ ઝંઝાવાત હોય છે.**

એક સાધક ત્રસ્ત છે, ને બીજો મસ્ત છે... અચાનક સદ્દગુરુએ બંનેને બોલાવ્યા. એક જ ક્ષણમાં સદ્દગુરુએ બંનેના મન વાંચી લીધા. અને એક જ અક્ષર કહ્યો, ''જો.''

પહેલો સાધક એક ક્ષણ માટે તો ડઘાઈ ગયો... જોઉં તો છું, તો પછી... ક્યાંક બીજું કાંઈ જોવાની તો વાત નથી ને? એ આગળ-પાછળ-ઉપર-નીચે જ્યાં ને ત્યાં જોવા લાગ્યો, પણ એને જોવા જેવું ખાસ કંઈ જ ન લાગ્યું. એ મુંઝાઈ ગયો.

જ્યારે બીજા સાધકે તો ''જો'' સાંભળતાની સાથે જ પોતાની આંખો મીંચી દીધી... સદ્દગુરુએ જે જોવાનું કહ્યું હતું, અને જેને જોવાનું કહ્યું હતું, 'તેણે' 'તેને' જોઈ લીધો... અને સદ્દગુરુના વચનનો યથાવત્ અમલ કર્યો.

## ના હમ દરસન ના હમ પરસન

પહેલો સાધક ફરી પહેલા ક્લાસમાં જ ભણવા લાગ્યો અને બીજો સાધક ઉત્તીર્ણ થઈને બીજા ક્લાસમાં પહોંચી ગયો.



સદ્દગુરુ જે કહે તે સાચું ને સાર્થક જ કહે, આ શ્રદ્ધા... એ શ્રદ્ધાને અનુસરીને એમના આશયને ખોળી કાઢવાનો પ્રયત્ન... જડ ચક્ષુરિન્દ્રિયની સદ્દગુરુના આદેશને



## ખરો સાધક પૂર્ણતયા ગ્રંથિમુક્ત હોય છે.

પામવાની અયોગ્યતા... 'જો' નો આદેશ મારા આત્માને મળ્યો છે, એની પ્રતીતિ... આત્માએ કોને જોવાનો હોય, એની સહજ સમજ... એને જોવાનો પુરુષાર્થ... અને એ પુરુષાર્થમાં સફળતા...

સદ્‌ગુરુના એક જ અક્ષરમાં પૂરા સો માર્કનું પેપર સમાયેલું હતું, અને એ સાધકે 'સો'માંથી 'સો' માર્ક મેળવ્યા હતા.

એ સદ્‌ગુરુએ તો સાધકોને પ્રશ્નપત્ર આપ્યું હતું. યોગીરાજે તો ઉત્તરપત્ર જ આપી દીધું છે...

**ना हम दरसन ना हम परसन**
**रसन गंध कछु नाहि**

વિષયોની વિષ્ટામાં ભૂંડ બનીને આળોટવા મથતા આત્મા માટે આ એક લાલબત્તી છે. મોહનિદ્રામાં ઘસઘસાટ ઉંઘતા આત્માને સફાળા ઉઠાડી દેનાર આ એક શંખનાદ છે. આત્મન્! વિષયોનો ઉપભોગ કરનાર તું નથી. જે મળશે એ ઇન્દ્રિયોને મળશે. તું શા માટે નાહકનો કર્મબંધ કરે છે? લેવા-દેવા વિના તું એમના માટે કેમ વિહ્વળ થાય છે? તારું કશું જ નથી. તને કાંઈ 'સારું' કહી શકાય એવું મળવાનું નથી. અત્યારે તું ઉત્સુકતાથી દુઃખી છે. વિષયોપભોગકાળે તું ઉપભોક્તાપણાની ભ્રમણાથી દુઃખી થઈશ. પછી એના સ્મરણ અને તૃષ્ણાથી દુઃખી થઈશ... અને પછી તો ભયાનક દુઃખો તારા પર તૂટી પડશે...

પગ પર કુહાડો ને આ बैल मुझे मार... આ નીતિને તો હજી ય સારી કહેવડાવે એવી તારી દુર્નીતિ છે. શા માટે હાથે કરીને દુઃખી થાય છે? તારી બધી જ ગેરસમજને દૂર કરીને આ એક જ સમ્યક્ સમજને ધારણ કરી લે -

**ना हम दरसन ना हम परसन**
**रसन गंध कछु नाहि**

બસ... જે હું નથી, તેની કોઈ પ્રવૃત્તિ મારી નથી, મને તે પ્રવૃત્તિ સાથે કોઇ સંબંધ નથી. **હું ઇન્દ્રિય નથી, તો પછી વિષયોપભોગ સાથે મને શું લાગે-વળગે? અને મને વિષયોપભોગનો વિચાર સુદ્ધા પણ કેમ આવે? વિષયસેવનનો વિચાર પણ મનમાં લાવવો, એ કોઈના ફાંસીના ફંદામાં જબરદસ્તીથી પોતાનું માથું નાખી દેવા જેવી ચેષ્ટા છે.**

બસ, એક જ સમ્યક્ જ્ઞાનનો ઉદય થાય, તો આ બધી જ મથામણ ને મૂર્ખતાનો અસ્ત થઇ જાય...

**ना हम दरसन ना हम परसन**
**रसन गंध कछु नाहि**

ના ને નાહિ જેમ જેમ આવતા જાય છે, તેમ તેમ તે શ્રાવકોની સ્વરૂપજિજ્ઞાસા વધતી જાય છે. આ નહીં, તે નહીં, પેલું પણ નહીં, તો પછી આત્માનું સ્વરૂપ શું છે?

**સ્વરૂપવિજ્ઞાનનું મૂલ્ય છે જિજ્ઞાસાની પરાકાષ્ઠા.** મને જ્ઞાન નથી... મને જ્ઞાન ચડતું નથી... આ બધી ગેરસમજો છે. હકીકત તો આ હોય છે - 'મને જિજ્ઞાસા નથી.' જિજ્ઞાસાના બળે તો માસતુસ મુનિ કેવળજ્ઞાન સુધી પહોંચ્યા હતાં. શ્રાવકોની જિજ્ઞાસા યોગીરાજને જણાઇ ગઈ છે... આખરે આત્માનું સ્વરૂપ




શું છે? અને યોગીરાજ એ જ રહસ્યના પડદાને ઉચકી રહ્યા છે…

## आनंदघन चेतनमय मूरति

આત્મા એટલે બીજું કાંઈ જ નહીં પણ આનંદઘન ચૈતન્યમય મૂર્તિ. સમસ્ત લોકમાં પણ જેનું સુખ સમાઈ ન શકે, તેનું નામ આનંદઘન. સ્વમાં એ અધધધ આનંદ સમાઈ જાય છે, એનું કારણ એ જ છે, કે એ ઘન છે… નક્કર અને સોલિડ આનંદ… નિરવકાશપણે ભરેલો આનંદ… અક્ષય ને અખંડ આનંદ… શાશ્વત ને સદાતન આનંદ…

## आनंदघन चेतनमय मूरति

એક સંતને કો'કે પૂછ્યું, “તમે આટલા બધા સુખી કેમ છો?” સંતે સ્મિત કરીને કહ્યું, **“હું ખૂબ સુખી છું, કારણ કે મારી પાસે સુખ સિવાય બીજું કાંઈ જ નથી.”** આત્મા દુઃખી છે, એનું કારણ એ નથી કે એની પાસે દુઃખ છે. **આત્મા એટલા માટે જ દુઃખી છે, કે એને પોતાની પાસે રહેલા સુખનું જ્ઞાન નથી.**

આત્મન્! જેની તને જાણ નથી, એ વસ્તુ તારી પાસે જ હોવા છતાં પણ નથી-બરાબર છે. તારી દુઃખદ કથાનો સુખદ અંત લાવવાનો આ અવસર છે. બસ, તું તારા સ્વરૂપને જાણી લે.

## आनंदघन चेतनमय मूरति

વિશ્વની સમસ્ત જડ વસ્તુઓથી તદ્દન ભિન્ન છે આત્મા. કારણ કે એ ચૈતન્યમય મૂર્તિ છે. ચૈતન્ય એ જ એનું પોતાનું સ્વરૂપ છે. એ જે પણ છે ચૈતન્ય છે. ઉપાસના કરવી હોય, તો એની જ કરવા જેવી છે. જે એની સેવા કરે છે એ ધન્ય બને છે.

## सेवक जन बलिजाहि

ધન્ય તે નથી, જે સંપત્તિઓમાં આળોટે છે, ધન્ય તે નથી, જે સત્તાધીશ બને છે, ધન્ય તે પણ નથી, જે રૂપરમણીનો કંત છે… ધન્ય તો એક માત્ર તે જ છે, કે જે આનંદઘનની ચૈતન્યમય મૂર્તિની ઉપાસના કરે છે… જીવનનું સાફલ્ય… સમયનું સાર્થક્ય… અવસરની ઓળખ… જે કહો તે આ ઉપાસના છે… એના વિનાનું જીવન વ્યર્થ છે… તદ્દન નિષ્ફળ છે.

## सेवक जन बलिजाहि

આત્મન્! આનંદ… ચૈતન્ય..ને સેવા. આ ત્રણ સિવાયનું બાકીનું બધું જ તારા શબ્દકોષમાંથી કાઢી નાખ… તું સ્વયં બલિહારી બની જઈશ. કોઈ શું તારું નામ રાખવાનું હતું? તું પોતે જ તારું નામ રાખીશ.

## अवधू नाम हमारा राखे

શ્રાવકોના અંતર એક અવધૂતત્વનું અભિવાદન કરી રહ્યા છે. એમની આંખો સજળ બની છે. એમના હૃદય ભીના બન્યા છે. પોતે જે વાત કરવા આવ્યા હતા, તે એમની ભૂલ હતી, ને તો ય તેણે એમના ભાગ્યના દ્વાર ખોલી દીધા હતા… જો એ વાત કરવા જ ન આવત, તો આવું અધ્યાત્મનું અમૃત મળત ક્યાંથી? લૌકિક મથામણમાં જ રાચતા ને માચતા એમને લોકોત્તર તત્ત્વજ્ઞાન ક્યાંથી પ્રાપ્ત થાત? ધન્ય અવધૂત! અહો અવધૂત! પરમ અવધૂત… અનુમોદના ને આભારવિધિ ય અંતરમાં જ ચાલી રહી છે… કારણ કે અવધૂત તો ક્યારના ય ધ્યાનના ઊંડાણમાં ગરકાવ થઈ ગયા છે.

વિ.સં.૨૦૬૮,
કારતક સુદ ૩

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.

૫૯-૩૦

## યોગ-સાર...
## ને યોગ-ઉપહાર...
## એ ધરી રહ્યા છે,
## આપણે ધન્ય થઈ જઈએ.


# *Fully Foolishness*

- એને ખૂબ જ લાંબુ જીવવું હતું, એણે ઝેર ખાવાનું ચાલુ કરી દીધું.
- એને ખૂબ જ તરસ લાગી હતી, એણે અગ્નિના ભટ્ઠામાં ઝંપલાવી દીધું.
- એને આરામની અનહદ જરૂર હતી, એણે દોડવાનું શરૂ કરી દીધું.
- એનું ઘર ભડકે બળતું હતું, એણે ઘાસલેટ છાંટવા માંડ્યું.

એક મૂર્ખ પણ સમજી શકે એવી આ મૂર્ખામી છે. પણ એક મૂર્ખામી એવી છે, જે છે તો આ બધી મૂર્ખામીઓની નાનીમા... ને તો ય ભલભલા બુદ્ધિશાળીઓ પણ એને સમજવામાં નિષ્ફળ જાય છે... એટલું જ નહીં, એ મૂર્ખામીને અપનાવી લે છે... પરિણામ?... એ તો સ્પષ્ટ જ છે...

બચવા ને બચાવવાની બદલે બળવા ને બાળવાની આ મૂર્ખતા... એક યોગીરાજ પરમ કરુણાથી એને રોકી રહ્યા છે... આપણે એમના પ્રયાસને સફળ કરીએ.

**- આચાર્ય વિજય કલ્યાણબોધિસૂરિ**



साधो भाई! समता रंग रमीजे,
अवधू! ममता संग न कीजे,
साधो भाई! समता रंग रमीजे...
संपत्ति नाहि नाहि ममता में
रमता राम समेटे,
खाट पाट तजी लाख खटाउ
अंत खाख में लेटे.
**साधो भाई! समता रंग रमीजे...१**

धन धरती में गाडे बौरे
धूर आप मुख ल्यावे,
मूषक साप होयगो आखर
तातें अलच्छि कहावे.
**साधो भाई! समता रंग रमीजे...२**

समता रतनाकर की जाइ
अनुभव चंद सुभाइ,
कालकूट तजी भाव में श्रेणी
आप अमृत ले आइ.
**साधो भाई! समता रंग रमीजे...३**

लोचन चरण सहस चतुरानन
इन तें बहुत डराइ,
आनंदघन पुरुषोत्तम नायक
हित करी कंठ लगाइ.
**साधो भाई! समता रंग रमीजे...४**



# **Whole life** becomes a celebration

साधो भाई! समता रंग रमीजे,
अवधू! ममता संग न कीजे,
साधो भाई! समता रंग रमीजे....

संपत्ति नाहि नाहि ममता में
रमता राम समेटे,

खाट पाट तजी लाख खटाउ
अंत खाख में लेटे.

**साधो भाई! समता रंग रमीजे...१**

સાધુ ભાઈ! સમતાના રંગમાં રમણ કરવું જોઈએ. અવધૂત! મમતાનો સંગ ન કરવો જોઈએ. મમતામાં કોઈ સંપત્તિ નથી જ. જે એમાં રમણ કરે છે, એના રામ રમી જાય છે. લાખો રૂપિયા ખાટનારી ખટપટને છોડીને અંતે તો એ રાખમાં રગદોળાય છે. ||૧||

આબુનો અલબેલો પહાડ છે. ચારે બાજુ જંગલ જ જંગલ દેખાય છે. ક્યાંક વાંદરાઓ દેખા દે છે, તો ક્યાંક હરણિયાઓ દેખાઈ રહ્યા છે. ક્યાંક ઝરણું વહી રહ્યું છે, તો ક્યાંક કોયલના ટહુકા ગુંજી રહ્યા છે, ક્યાંક મોરલા બોલે છે, તો ક્યાંક ભમરાઓ ગુંજારવ કરી રહ્યા છે... પ્રકૃતિ સોળે કળાએ ખીલી છે... વનરાજી પૂરબહારમાં વિકસી છે... સૌંદર્યએ સોળે શણગાર સજ્યા છે... એ વનમાંથી પસાર થતી એક કેડી પર મંદ ગતિથી દશ-બાર ચરણો ચાલી રહ્યા છે. પગ છે પણ પગરખા નથી... વ્યક્તિ છે પણ વાહન નથી... મેલા વસ્ત્રો... થોડી ઉપધિ... જીવદયાનું લક્ષ્ય અને સંયમની પરિણતિ...

**દુનિયા 'પરમ'નું સરનામું ગોતે છે, પણ એને ખબર નથી કે કોઈ પણ દિશાની યાત્રા, એ 'પરમ'ની યાત્રા હોઈ શકે છે. કારણ કે આ યાત્રા બાહ્યદિશાને નહીં પણ આંતરદશાને બંધાયેલી છે.**

વન ને ઉપવનનું સૌંદર્ય તો સાવ ઝાંખુ પડી જાય, એવું એ શ્રમણોનું સૌંદર્ય છે. એમના મુખ પર પ્રસન્નતાનો પમરાટ છે... એમના દેહમાં સાધનાનો થનગનાટ છે... એમની ચાલમાં સંયમનો તરવરાટ છે...

**જેની પાસે 'શું છે?' એ ય પ્રશ્ન છે, ને જેની પાસે 'શું નથી?' એ ય પ્રશ્ન છે, એવી અદ્‌ભુત અજાયબીનું નામ છે શ્રમણ.**

શ્રમણનું અસ્તિત્વ સેંકડો ઉપદેશોનો સાર છે. શ્રમણનું દર્શન સેંકડો સમ્યગ્દર્શનોનો આધાર છે. શ્રમણમાં કદાચ વધુ કાંઈ જ ન હોય, શ્રમણત્વ હોય, એ જ ઘણું પર્યાપ્ત છે.

એ શ્રમણો થોડું થોડું ચાલીને કાંઈક શોધી રહ્યા છે, એક અવ્યક્ત ઉલ્લાસ સાથે આસપાસમાં નજર કર્યા પછી ફરી તેમની યાત્રા આગળ વધી રહી છે. શ્રમણત્વને જેની શોધ હોય, એ તો શ્રમણત્વ કરતાં ય ઉચ્ચ તત્ત્વ હોય, એ

નિશ્ચિત છે. શું હશે એ? શ્રમણો તો ચાલી રહ્યા છે... શોધી રહ્યા છે... ફરી ચાલી રહ્યા છે.

જયણા... ઉપયોગ... ઈર્યાસમિતિ... એમનું પ્રત્યેક પગલું પરમ પ્રતિ છે... ધન્ય શ્રમણ... ધન્ય શ્રમણત્વ...

અચાનક એક શ્રમણે ઈશારો કર્યો... બધાએ એ દિશામાં જોયું, અને તેમની આંખોમાં ચમક આવી ગઈ. ત્યાં હતી એક ગુફા. કાળામીંઢ પાષાણો એ જ એની દીવાલો ને છત હતી... વિરાટકાય શિલાઓ જ એની જમીન હતી. શ્રમણો હવે એ દિશામાં ચાલી રહ્યા છે...




પણ... એ ગુફામાં તો કદાચ સિંહ-વાઘ પણ હોય, વરુ કે રીંછ પણ હોય... રે... પણ આ શ્રમણસિંહો તદ્દન નિર્ભય છે. **જ્ઞાનસારમાં** કહ્યું છે ને -

चित्ते परिणतं यस्य चारित्रमकुतोभयम्।

अखण्डज्ञानराजस्य तस्य साधोः कुतो भयम् ?।।

પરમ નિર્ભય છે ચારિત્ર. એ જેના મનમાં પરિણતિ પામ્યું છે, જે અખંડ જ્ઞાન સામ્રાજ્યનો સમ્રાટ છે, એ શ્રમણને કોનાથી ભય હોય?

**શ્રમણ સુખલંપટ પણ નથી ને દુઃખભીરુ પણ નથી. માટે તેને કોઈ જ ભય નથી.**

'નિસિહી' બોલવા સાથે એ શ્રમણોએ ગુફામાં પ્રવેશ કર્યો છે... એમનો ઉલ્લાસ આસમાને પહોંચ્યો છે... માઈલોના ઉગ્ર વિહાર ને પર્વતારોહણના પરિશ્રમને જાણે તેમણે અનુભવ્યો જ નથી... માત્ર દશ જ ડગલા ચાલ્યા પછી આછા અંધકારમાં એક અદ્ભુત વ્યક્તિત્વના એમને દર્શન થયા... એક એક શ્રમણ રોમાંચિત બની ગયાં... તેમણે એ અદ્ભુત વ્યક્તિત્વને એક અનેરા અહોભાવ સાથે વંદન કર્યા, ના, બલ્કે તેઓ એના ચરણોમાં ઝૂકી જ પડ્યા... એમનો શ્વાસ એમના આનંદોલ્લાસની સાક્ષી પૂરી રહ્યો છે... એમની આંખોમાં આનંદના અશ્રુ છે... એમની વાણી ગદ્ગદ્ બની છે... સુખ સંજમ યાત્રા નિર્વહો... બોલતા બોલતા તો એમના ગળે ડુમો બાઝી ગયો છે...

અવધૂતની દૃષ્ટિમાં અમી પણ છે અને અહોભાવ પણ છે. પોતાનું આસન બિછાવીને એ શ્રમણોને બિરાજમાન થવાની વિનંતિ કરી રહ્યા છે, અને એ શ્રમણોની આંખોમાં શરમ તરવરી રહી છે.

છેદસૂત્રમાં શ્રમણત્વનો પરિચય આપતા કહ્યું છે - एएसु परं न अन्नेसु - વિશ્વમાં ખરા ગુણો કોઇનામાં હોય, તો શ્રમણમાં, બીજા કોઇનામાં નહીં.

શ્રમણ પ્રત્યેનો પ્રમોદ એ ગુણો પ્રત્યેનો પ્રમોદ છે. **શ્રમણને જોતાની સાથે જેને અત્યંત અહોભાવ થાય છે, તે આત્મા આસન્નસિદ્ધિક છે - ઘણા નિકટના કાળમાં મોક્ષગામી છે.**

છ મહાત્માઓ ને સાતમા અવધૂત... સાત શ્રમણો આબુની એ ગુફામાં બિરાજમાન છે... પ્રશાંત રસના ઝરણા જેવા એ સપ્તર્ષિ... બે-ચાર ક્ષણ તો બધા મૌન છે... ખૂબ



# dancing attitude towards **LIFE**



આનંદથી એક-બીજાના દર્શન કરી રહ્યા છે... હવે તેમનામાંના મુખ્ય મહાત્માએ વાત કરી... ‘‘ગુજરાતથી આવીએ છીએ... રાણકપુર-પંચતીર્થીની યાત્રા કરવાની ભાવના છે. વિહારમાં આબુ જોયો ને આપ યાદ આવ્યા... બધાને ઝંખના થઈ કે આ જંગમ તીર્થની યાત્રા પણ કરવી છે. આપની ખૂબ અનુમોદના સાંભળી છે, ક્યારે દર્શન થાય, એવી વર્ષોથી ઇચ્છા હતી... આજે આ ઇચ્છા સફળ થઈ...’’

યોગીરાજ યથાવત્ માત્ર સાંભળી રહ્યા છે. આ સાધના સિંહની ગુફામાં રહેવા કરતાં ય કઠિન છે... પણ અવધૂત કોનું નામ? **અહંકારનો પડછાયો પણ જેને ન અડે, એનું નામ અવધૂત. પોતાની પ્રશંસાને ય જે બીજાની પ્રશંસાની જેમ સહજ સાક્ષીભાવે સાંભળી શકે, તેનું નામ અવધૂત.**

મહાત્માએ વાત આગળ ચલાવી, ‘‘આપના અધ્યાત્મના સાગરમાંથી અમને એક બિંદુ મળી જાય, તો અમે ધન્ય થઇ જઇએ. કૃપા કરીને...’’

ગદ્ગદ્તા આવે એટલે શબ્દો સમાપ્ત થઈ જાય છે. પણ જે ગદ્ગદ્તા કહી શકે છે, એને કહેવાનું સામર્થ્ય શબ્દોમાં નથી.

મહાત્માઓની આંખોમાં અધ્યાત્મબિંદુની તરસ ઝળુંબી રહી છે... થોડી ક્ષણો માટે યોગીરાજે પોતાની આંખો મીંચી દીધી છે. ગુફાની નીરવ શાંતિમાં બહારના કલરવ ને ટહુકા ગુંજી રહ્યા છે. યોગીરાજ જાણે મરજીવા બનીને અગાધ અધ્યાત્મસાગરના તળિયેથી રત્નો કાઢી રહ્યા છે... એ શ્રમણોના આતિથ્યનો ઉપહાર ભરી રહ્યા છે... પરિપૂર્ણ... છલોછલ... એક મધુર સ્મિત સાથે યોગીરાજની આંખો ખુલી છે... એક અદ્ભુત સ્પંદન સાથે એમના ઓષ્ઠ ફરક્યા છે... અને એ ગુફામાં રત્નોની ઉજાણીનો પ્રારંભ થયો છે...

### સાધો ભાઈ! સમતા રંગ રમીજે.

શ્રમણ બંધુઓ! રમવું તો સમતાના રંગમાં... બીજે ક્યાંય રમણ કરવા જેવું નથી.. દીક્ષાનું સ્વરૂપ જ સામાયિક છે. અને સામાયિક એટલે સમતા. અનુયોગદ્વાર નામના આગમસૂત્રમાં કહ્યું છે -

जो समो सव्वभूएसु तसेसु थावरेसु य।
तस्स सामाइयं होइ इई केवलिभासियं।।१२८।।

ત્રસ અને સ્થાવર એ સર્વ જીવો પ્રત્યે જેને સમ ભાવ છે, તેનું સામાયિક હોય છે. એવું કેવળી ભગવંતનું વચન છે.

સમતા અને સાધુતા એ તો એકબીજાના પર્યાય છે. જો તેજ વિનાનો સૂર્ય હોય, તો સમતા વિનાના સાધુ હોય. જેને પોતાના ને પારકાનો ભેદ નથી. જેને સારા ને નરસાનો ભેદ નથી. જેને રોગ ને આરોગ્ય સમાન લાગે છે. જેને સુખ ને દુઃખ સરખા લાગે છે. જેને અનુકૂળ ને પ્રતિકૂળમાં ફેર લાગતો નથી. જેને મન જીવન ને મરણ બે ય એક જેવા છે. જેને સંસાર ને મોક્ષમાં ભેદ લાગતો નથી.

એનું નામ સાધુ.
સાધુનું સર્વસ્વ છે સમતા... સાધુના પ્રાણ છે સમતા.

### સાધો ભાઈ! સમતા રંગ રમીજે

એક મહાત્મા સાંજના સમયે શેરડીના ખેતરમાં કાઉસ્સગ્ગ કરવા ઊભા રહ્યા. રાત્રિ શરૂ થઈ... મચ્છરો કરડવા લાગ્યા... ભયાનક જંગલી મચ્છરો... એક એક ડંખે ચીસ પડી જાય એવી પીડા... પણ મહાત્મા પૂર્ણ સમભાવમાં છે... રાત્રિ જેમ જેમ આગળ વધી તેમ તેમ મચ્છરોનો ઉપદ્રવ વધતો ગયો... પણ મહાત્માની સમતાને કોઈ આંચ ન આવી. **ઉપદ્રવમાં પણ જેનો ઉપશમ અકબંધ રહે, એનું નામ શ્રમણ.**

આખા શરીરે લાલ લાલ ગુમડાં થઈ ગયા... મચ્છરોના તો ધાડે ધાડા તૂટી જ પડ્યા છે... મચ્છરો માત્ર લોહી ચૂસી રહ્યા છે, એવું નથી. લોહી કાઢી પણ રહ્યા છે... મહાત્માને ઠેક ઠેકાણેથી લોહી વહી રહ્યું છે... વેદના સતત વધતી જ જાય છે. સામાન્ય માણસ હોય તો ક્યારનો ય ચીસાચીસ કરીને ત્યાંથી ભાગી છૂટે એવી સ્થિતિ છે... પણ આ તો શ્રમણ... સાક્ષાત્ સમતાના અવતાર... એમણે તો પોતાની જાતને બરાબર સમજાવી દીધું હતું -

### સાધો ભાઈ! સમતા રંગ રમીજે

**આત્મન્! યા તો ભવભ્રમણ ને યા તો સમતારમણ તારી પાસે બે જ વિકલ્પ છે. તને જે વિકલ્પ સારો લાગે, એને અપનાવી લે.**

મહાત્માની સમતા અને ડંખની વેદના બંને પરાકાષ્ઠાએ





પહોંચ્યા છે... ગુમડાઓ હવે સોજા બની ગયા છે... લોહીની ધારાઓ એક નાનું ખાબોચિયું બની ગઈ છે...

સૂર્યોદય થાય એની પહેલા એ મહાત્માને કેવળજ્ઞાનનો ઉદય થઇ ગયો... શૈલેષીકરણ પર પણ આરુઢ થયા અને સૂર્યોદય પહેલા જ નિર્વાણ પદ પામી ગયા.

## साधो भाई! समता रंग रमीजे

જો સમતારમણ ન કર્યું હોત તો? શરીરની મમતામાં અટવાયા હોત તો? શરીરનો રાગ... મચ્છરો પર દ્વેષ... સુકૃતનો પશ્ચાત્તાપ... વેદનાનું આર્ત્તધ્યાન... દ્વેષપ્રકર્ષથી રૌદ્રધ્યાન... અસમાધિમરણ અને દુર્ગતિ... ના, ભૂલે ચૂકે ય મમતાનો સંગ કરવા જેવો નથી.

## अवधू! ममता संग न कीजे

**આત્મન્! સમતાથી તારો વિકાસ છે, અને મમતાથી તારો વિનાશ છે.** કોનામાં રમણ કરવું? ને કોનો સંગ કરવો? એ તું નક્કી કરી લે... વિકાસ કે વિનાશ... તને શું જોઈએ છે, એ તું વિચારી લે...

મમ્મણ શેઠનો આત્મા આજે ય સાતમી નરકમાં ચીસાચીસ કરી રહ્યો છે... એની ચીસો એક જ વાત ને પૂરવાર કરે છે કે મમતાથી આંતર સમૃદ્ધિ તો નથી જ મળતી, બાહ્ય સમૃદ્ધિ પણ નથી મળતી, ને જે સમૃદ્ધિ હોય, તે ય રહેતી નથી.

## संपत्ति नाहि नाहि ममता में

મમતામાં તો છે માત્ર ને માત્ર વિનાશ... સર્વનાશ ને સત્યાનાશ.

## रमता राम समेटे

મમતાએ જ તો ભલભલાના રામ રમાડી દીધા છે... એનો સ્વભાવ જ એવો છે, કે જે એનામાં રમણ કરે, એના એ રામ રમાડી દે...

શાસ્ત્રમાં એક રાણીની કથા આવે છે. એ રાણી રાજાનો દ્રોહ કરીને એક મહાવતના પ્રેમમાં પડી. વળી કોઈ ચોરના પ્રેમમાં પડીને એણે મહાવતને ચોર તરીકે પુરવાર કરી દીધો, અને મહાવત મોતને ભેટ્યો.


## रमता राम समेटे

મમતા પણ આવું જ સ્ત્રીચરિત્ર ભજવે છે... બિચારો જીવ... એનામાં લપટાયો નથી... ને એના રામ રમ્યા નથી...

મમતા મારી છે.

મમતા સુખદાયિની છે... મમતા હિતકારિણી છે.





આ બધી ભયાનક ગેરસમજો છે. સમ્યક્ સમજ તો આ જ છે -

**संपत्ति नाहि नाहि ममता में**
**रमता राम समेटे**

દેવો મમતામાં આંધળા બનીને માથું પટકી પટકીને રડે છે, ચક્રવર્તીઓ છ ખંડના સામ્રાજ્યથી ભ્રષ્ટ થઈને નરકમાં જાય છે. અર્ધચક્રવર્તીઓ સોળ હજાર દેશોની ઋદ્ધિ મુકીને નરકના અતિથિ બને છે. રાજા, મહારાજા ને વિશિષ્ટ શ્રીમંતો લખલૂટ સંપત્તિને મુકીને એની મમતાને કારણે જ પરમાધામીના પનારે પડે છે... બધી ખટપટો અહીં જ રહી જાય છે... લાખોની દોલત અહીં જ રહી જાય છે... શરીર રાખના ઢગલામાં ફેરવાઈ જાય છે... અને જીવ મમતાનું ફળ ભોગવવા માટે દુર્ગતિની વાટે ચડી જાય છે...

**खाट पाट तजी लाख खटाउ**
**अंत खाख में लेटे**

ભુવનભાનુકેવલી પોતાનું ચરિત્ર કહે છે... તેમાં એક ભવ વૈશ્રમણનો છે. ધનની મમતા એને સતત સતાવતી રહે છે... સંપત્તિ ખાતર ખટપટ એ જ એનું જીવન બની જાય છે. કેટકેટલી ઉથલપાથલો... કેટકેટલી વિડંબનાઓ... મહાપ્રયાસે ભેગું કરેલું ધન એક સાથે છૂટી જાય... યા તો દરિયામાં ડુબી જાય, યા તો ચોરો લૂંટી લે, યા તો ધંધામાં નુકશાની જાય...

अर्थानामर्जने दुःख-मर्जितानां च रक्षणे।
आये दुःखं व्यये दुःखं धिगर्थं दुःखभाजनम्।।

સંપત્તિના ઉપાર્જનમાં પણ દુઃખ છે ને ઉપાર્જિત સંપત્તિના રક્ષણમાં પણ દુઃખ છે. લાભમાં પણ દુઃખ છે ને નુકશાનમાં પણ દુઃખ છે, ઓ સંપત્તિ! તું જ તો દુઃખનું ભાજન છે, તને જેટલા ધિક્કાર આપીએ તેટલા ઓછા છે...

કેટકેટલી વાર કર્મસત્તાની લપડાકો ખાવા છતાં પણ વૈશ્રમણની શાન ઠેકાણે આવતી નથી. જિંદગી આખી સંપત્તિની લ્હાયમાં પૂરી થઈ જાય છે... ને એની મમતામાં કરેલા દુર્ધ્યાનો અને દુષ્પ્રવૃત્તિઓના પાપે વૈશ્રમણ સીધો એકેન્દ્રિયમાં જાય છે. અને અનંત પુદ્ગલ પરાવર્તો સુધી ઉપર આવતો નથી.

**खाट पाट तजी लाख खटाउ**
**अंत खाख में लेटे**

મોત હજી કદાચ સારું, પણ મમતા સારી નથી. મોતની પીડા પરિમિત છે... મમતાની પીડા અમિત છે... મોતનો વિયોગ સમય જ કરાવી દે છે. મમતાનો વિયોગ વિશિષ્ટ સંઘર્ષ માંગી લે છે. મોત એક ભવની ચિંતાઓ પર પૂર્ણવિરામ મુકી દે છે, મમતા ચિંતાઓને અવિરામ બનાવે છે. મોતથી જીવ ડરે છે ને તેનાથી છૂટવા મથે છે... મમતામાં તો જીવ હાથે કરીને વધુ ને વધુ ફસાતો જાય છે. મોતની ય નાનીમા છે મમતા... સપનામાં ય તેના પનારે પડવા જેવું નથી.

**अवधू! ममता संग न कीजे**

યોગીરાજનો પ્રત્યેક અક્ષર એ ગુફાના પ્રત્યેક પરમાણુને પાવન કરી રહ્યો છે... પ્રત્યેક મહાત્માનું અંતર સમતારસથી આપ્લાવિત બન્યું છે. યોગીરાજનો એક એક શબ્દ જાણે એમના ભવોભવના થાકને ઉતારી રહ્યો છે...

ધન ધરતી મેં ગાડે બૌરે
ધૂર આપ મુખ લ્યાવે.
મૂષક સાપ હોયગો આખર
તાતેં અલચ્છિ કહાવે.

**સાધો ભાઈ! સમતા રંગ રમીજે...૨**



મૂર્ખ જીવો ધરતીમાં ધન દાટે છે, તેનાથી તેઓ પોતાના મુખ પર ધૂળ નાખે છે. છેવટે તેઓ ઉંદર-સાપ થશે. તેથી તેને અલક્ષ્મી કહેવાય છે. ।।૨।।

એક વેપારીએ દુકાનની પાછળ મોટો ખાડો ખોદાવી રાખ્યો હતો. એક વાર એને ભય જેવું લાગ્યું. દુકાનમાં કાળાબજારનું ઘી ઘણું હતું. વેપારીએ નોકરને કહ્યું, ‘‘જા, બધું ઘી પાછળના ખાડામાં છુપાડી દે.’’ નોકર કામે લાગી ગયો. બે કલાક પછી પાછો આવ્યો...’’ ઘી તો બધું ખાડામાં નાખી દીધું છે, હવે ખાલી ડબ્બાઓનું શું કરવાનું છે?’’

અંતે તો ‘કાળા’નું ‘કાળા’માં મળી જાય છે. વધારાનું એટલું જ કે જતા જતા મોઢું કાળું કરતું જાય છે.

ધન ધરતી મેં ગાડે બૌરે.
ધૂર આપ મુખ લ્યાવે

જ્ઞાની ભગવંતો એક પગથિયું આગળ વધીને એમ કહે છે કે કાળા બજારનું ધન જ કાળું છે, એવું નથી. કોઈ પણ ધન કાળું છે. કારણ કે એ આત્માના મમત્વભાવની વૃદ્ધિ કરીને આત્માને કાળો કરે છે.

સોનામહોરો ને રત્નોનો ચરુ દાટવાનો હોય, એ કામ નોકરને ન સોંપી શકાય, એ કામ તો શેઠને

જાતે જ કરવું પડે. ખાનગીપણે એ વન-વગડામાં કે ખેતરમાં જાય. મજૂરી કરીને ખાડો ખોદે, થાક... તરસ... પરિશ્રમ... પરસેવો... જેમ જેમ ખાડો ખોદતો જાય, તેમ તેમ ધૂળ ઉડતી જાય... એનું મોઢું આખું ધૂળથી ભરાઈ જાય.

**धन धरती में गाडे बौरे**
**धूर आप मुख ल्यावे**

બિચારા આત્માને ખબર નથી. કે હું આ ખાડો નથી ખોદતો, મારી પોતાની ઘોર ખોદું છું. મારી જ કબર ખોદું છું. આ ધૂળ શરીર પર ઉડી રહી છે, ને મારો આત્મા કર્મરજથી મલિન થઇ રહ્યો છે. મારું આત્મત્વ વિલુપ્ત થઈ રહ્યું છે. મારું સ્વરૂપ કલુષિત થઈ રહ્યું છે. મારું ખરું ધન તો નિર્મળ ચિત્ત છે..

चित्तरत्नमसङ्क्लिष्टमान्तरं धनमुच्यते

આ ખોટા ધન ખાતર હું મારું સાચું ધન કેમ ગુમાવું છું? બાહ્ય ધનને સંપત્તિ કહેવાય છે, તે નામ માત્રથી છે, બાકી વાસ્તવમાં તો એ વિપત્તિ જ છે. કોઈએ ગજબની કલ્પના કરી છે...

**નથી મળવાની ખુશી સંપત્તિમાં**
**આ મોજાઓ રડીને કહે છે જગને,**
**ભીતર મોહે મોતી પડ્યા છે**
**તો ય સમંદરના જીવન ખારા થઈ ગયા છે.**

**જેનાથી જીવન ખારું બની જાય... મરણ તીખું બની જાય ને પરલોક કડવો બની જાય, એને સંપત્તિ શી રીતે કહેવાય? એ તો નરી વિપત્તિ જ છે.**

**मूषक साप होयगो आखर**
**तातें अलच्छि कहावे**



પહેલા ધનના ઉપાર્જન માટે આર્ત્તધ્યાન... પછી એના રક્ષણ માટે આર્ત્તધ્યાન... આખી જિંદગી સુધી એની ચિંતાની ચિતામાં જીવતો સળગતો રહે... અને મર્યા પછી એ જ ચરુની ઉપર ઉંદર થાય... એ જ ખાડામાં દર બનાવતો સાપ થાય... એ જ તિજોરીમાં વાંદો થાય... એ જ સ્ટ્રોંગ રૂમમાં ગરોળી થાય... એ જ ડોક્યુમેન્ટ્સમાં કંથવો થાય... એ જ પ્લોટમાં ઘાસ થાય... એ જ ઘરેણા પર ફરતી જીવાત થાય, એ જ ફ્લેટમાં કરોળિયો થાય... ના ભાઈ ના, જો આને લક્ષ્મી કહેવાય, તો પછી અલક્ષ્મી કોને કહીશ?

**तातें अलच्छि कहावे**

એક વિદેશી કહેવત છે... ભગવાન જેનો વિનાશ કરવા માંગે છે, તેને ધનવાન બનાવે છે.

તાત્પર્ય સ્પષ્ટ છે. પછી ભગવાનને કાંઈ કરવાનું રહેતું નથી. તે ધનવાન જ ભગવાનનું કામ પૂરું કરી દે છે. અર્થ જેવો કોઇ અનર્થ નથી. સમરાદિત્ય કથામાં એક પ્રસંગ છે - એક વ્યક્તિ જુએ છે કે નાળિયેરી વૃક્ષના મૂળ ક્યાંય ઊંડા ગયા છે. એની ગતિ ને એનો વિકાસ બંને આશ્ચર્યજનક છે. એ વ્યક્તિને જ્ઞાનીનો યોગ થાય છે. જ્ઞાનીને તેનું કારણ પૂછે છે. જ્ઞાનીએ કહ્યું, ''એ વૃક્ષનો જીવ પૂર્વજન્મમાં એક શેઠ હતો. એ જગ્યાએ એણે ધન દાટ્યું હતું. એ ધનની મૂર્ચ્છાથી મરીને એ ત્યાં વૃક્ષ થયો અને એ જ મૂર્ચ્છાના સંસ્કારોથી પોતાના મૂળિયા દ્વારા એ ધનને છુપાડી રહ્યો છે, જેથી કોઇ એને લઇ ન જાય.''

**तातें अलच्छि कहावे**

આત્મન્! તારી પાસે ઘણા પ્રશ્ન હશે... ભવિષ્યનું શું? પરિવારનું શું? સુખ સગવડોનું શું? મોંઘવારીનું શું?... કદાચ આ જ પ્રશ્નો તને ધનની પાછળ પાગલ બનાવતા હશે... હવે આમાં

માત્ર એક પ્રશ્ન ઉમેરી દે... મારા આત્માનું શું? બસ, પહેલાના બધા જ પ્રશ્નોના પ્રત્યુત્તરો આમાં આવી જાય છે.

અરે, મુનિ પણ જો પરિગ્રહમાં આસક્ત બને, તો તેના પણ બુરા હાલ થાય છે, તો પછી ગૃહસ્થોની તો શું વાત કરવી? એક રત્નની આસક્તિએ સાધ્વીજી ભગવંતને ગરોળી બનાવી દીધા. એક પટ્ટાની આસક્તિએ એક આચાર્યને અનાર્ય બનાવી દીધા... આહારની આસક્તિએ મંગુ આચાર્યને ગટરના ભૂત બનાવી દીધા. રાજ્યના રાગે કંડરીક મુનિને સાતમી નરકે પહોંચાડી દીધા... આ સૂચિનો કોઈ અંત નથી. સાર એ જ છે... આત્મા જેને લક્ષ્મી સમજે છે, એ વાસ્તવમાં અલક્ષ્મી છે.

### तातें अलच्छि कहावे

'લાખે ન લોભાણા, પણ ચીંથરે ચૂંથાણા'નો ઘાટ ત્યારે ઘડાય છે... જ્યારે સમગ્ર સંસારનો ત્યાગ કર્યા બાદ એકાદ ક્ષુદ્ર વસ્તુ પર મન મોહાય છે, સમસ્ત સંસારનો રાગ ત્યાં કેન્દ્રિત થાય છે, આત્મા ત્યાગીત્વથી ભ્રષ્ટ થાય છે, ભોગીત્વનું કલંક એના માથે ઝીંકાઈ જાય છે, અને મમતા એના પર મોતનો વરસાદ વરસાવે છે.

### साधो भाई! समता रंग रमीजे
### अवधू! ममता संग न कीजे

શ્રમણોની આંખો સજળ બની છે... શ્રામણ્યની સંવેદના એમના રોમ-રોમને રણ-ઝણાવી રહી છે... યોગીરાજ એમની સમક્ષ યોગવિશ્વના રહસ્યને સિફતથી પ્રસ્તુત કરી રહ્યા છે... યોગસાર, યોગપ્રાભૃત, યોગઉપહાર, યોગઉપનિષદ્, યોગપુરસ્કાર... જે ગણો તે... યોગીરાજ ધરી રહ્યા છે. શ્રમણો ધન્ય થઇ રહ્યા છે...

समता रतनाकर की जाइ
अनुभव चंद सुभाइ.
कालकूट तजी भाव में श्रेणी
आप अमृत ले आइ.

**साधो भाई! समता रंग रमीजे...३**

સમતા એ રત્નાકરની પુત્રી છે. અનુભવ ચંદ્ર એ એનો સારો ભાઈ છે. તે તીક્ષ્ણ ઝેરને છોડીને પોતે જ શુભભાવની ધારારૂપ અમૃત લઈ આવી છે. ||૩||

પુરાણોમાં એવી કથા છે, કે દેવોએ અને દાનવોએ સમુદ્રમંથન કર્યું હતું. તેના માટે દંડ તરીકે મેરુ પર્વતનો ઉપયોગ કર્યો. દોરડા તરીકે વાસુકિ સર્પનો ઉપયોગ કર્યો. દાનવોએ સર્પના મોઢાની બાજુનો ભાગ પકડ્યો અને દેવોએ પૂંછડાની બાજુનો ભાગ પકડ્યો. બંને પક્ષ સામ સામે ખેંચવા લાગ્યા. મેરુ પર્વત ફરવા લાગ્યો. સમુદ્રનું વલોણું થવા લાગ્યું અને તેમાંથી ચૌદ રત્નો પ્રગટ થયા...

लक्ष्मीकौस्तुभपारिजातक– सुरा, धन्वन्तरिश्चन्द्रमाः,
गावः कामदुघाः सुरेश्वरगजा, रम्भादिदेवाङ्गनाः।
अश्वः सप्तमुखो विषं हरिधनुः, शङ्खोऽमृतं चाम्बुधे,
रत्नानीह चतुर्दश प्रतिदिनं, कुर्युः सदा मङ्गलम्।।

૧) લક્ષ્મી ૨) કૌસ્તુભ રત્ન ૩) પારિજાત પુષ્પ ૪) મદિરા ૫) ધન્વંતરી વૈદ ૬) ચંદ્ર ૭) કામધેનુ ગાય

# Understand this silence... to the eternity of oneself



૮) ઐરાવત હાથી ૯) રંભા વગેરે દેવાંગનાઓ ૧૦) સાત મુખવાળો અશ્વ ૧૧) ઝેર ૧૨) ઈંદ્રધનુષ ૧૩) શંખ ૧૪) અમૃત.

આ ચૌદ સમુદ્રના રત્નો છે; જે તે સમયે સમુદ્રમંથન કરતા પ્રગટ થયા. એમ પૌરાણિક માન્યતા છે. તેમાં જે પહેલું રત્ન છે... લક્ષ્મી, તે કોણ છે? સુવર્ણ, ચાંદી, હીરા, રત્નો, હાથી, ઘોડા, પરિવાર, રાજ્ય વગેરે જે બાહ્ય સંપત્તિ છે, તે તો લક્ષ્મી નહીં પણ અલક્ષ્મી છે. વાસ્તવમાં સંપત્તિ નહીં પણ વિપત્તિ છે, તો ખરી લક્ષ્મી કોણ? યોગીરાજ સ્પષ્ટ શબ્દોમાં તેનો જવાબ આપે છે –

**समता रतनाकर की जाइ**

રત્નાકરની પુત્રી એટલે લક્ષ્મી. કારણ કે એ સમુદ્રમાંથી ઉત્પન્ન થઇ છે, એવી માન્યતા છે. ખરી લક્ષ્મી હોય તો એ છે સમતા. જેનાથી જીવનો ખરેખર અભ્યુદય થાય છે. જેનાથી જીવ ખરેખર સુખી થાય છે.

વિશ્વનું આ સનાતન સત્ય છે, અહીં કદી પણ કોઈ પણ આત્મા ખરેખર સુખી થયો હોય, તો તેના સુખનું મૂળ હતું એક માત્ર સમતા.

ભારતના એક અનોખા ને નોખા વડાપ્રધાન હતા મોરારજી દેસાઈ. જ્યારે ચૂંટણીનું પરિણામ જાહેર થવાનું હતું, ત્યારે રાત્રિનો સમય હતો. કરોડો લોકો પરિણામ જાણવાની જિજ્ઞાસામાં જાગી રહ્યા હતા. ને મોરારજી તો પોતાના રોજીંદા સમયે સૂઈ ગયા હતા... બિલ્કુલ નિશ્ચિંતપણે, ઘસઘસાટ... પોતે ચૂંટણીમાં જીતી ગયા છે, ભારતના વડાપ્રધાન બન્યા છે, આ જાણ તેમને બીજા દિવસે સવારે રોજના સમય પ્રમાણે ઉઠ્યા ત્યારે જ થઈ.

દેશની જનતા ખાતર તેમણે પ્રામાણિકપણે ઉદાત્ત કાર્યો કર્યા. પણ તેમનો શાસનકાળ પૂરો થાય, એ પહેલા જ રાજકારણ રમાઈ ગયું. એમને ખુરશી પરથી ઉથલાવી દેવા માટેનો પેંતરો રચાઈ ગયો. એક રાતે એનું પરિણામ આવવાનું હતું. પોતે વડાપ્રધાન તરીકે રહેશે કે નહીં, એની કોઈ પરવા કે ચિંતા કર્યા વિના મોરારજી નિયત સમયે સૂઈ ગયા... ઘસઘસાટ જ. સવારે એ ઉઠ્યા ત્યારે એ વડાપ્રધાન ન હતા, પણ સ્વસ્થ જરૂર હતા. કારણ એ જ... સમતા.

**समता रतनाकर की जाइ**

એક માત્ર સમતા જ ખરી લક્ષ્મી છે, જે જીવને કોઈ પણ સંયોગોમાં સુખી રાખે છે. સમતાનો અમોઘ મંત્ર છે – 'શું ફેર પડે છે?' હું ભારતનો વડાપ્રધાન થઇ જાઉં તો ય શું ફેર પડે છે? અને હું વડાપ્રધાન તરીકે મટી જાઉં, તો ય શું ફેર પડે છે? મને ધન મળે તો ય શું ફેર પડે છે? ને હું નિર્ધન થઇ જાઉં તો ય શું ફેર પડે છે?

વડાપ્રધાન પદની પ્રાપ્તિ પણ ઉજાગરા ને આર્તધ્યાનથી નથી થતી, ને વડાપ્રધાન પદની રક્ષા પણ એનાથી

નથી થતી. તો પછી શેના માટે ઉજાગરા કરવા? ને શેના માટે આર્ત્તધ્યાન કરવું? સમતા એક પ્રકારની સુખશય્યા છે... પરિસ્થિતિ ચાહે ગમે તેવી હોય, જીવ ચાહે તો 'શું ફેર પડે છે?' એમ કહીને તેમાં ઘસઘસાટ સૂઈ શકે છે. ખરેખર, દેવી છે સમતા... લક્ષ્મી છે સમતા.

## समता रतनाकर की जाइ

રત્નાકરમાંથી ચંદ્રની પણ ઉત્પત્તિ થઇ હતી. માટે ચંદ્ર એ લક્ષ્મીનો ભાઇ છે, એવી પૌરાણિક કલ્પના છે. આધ્યાત્મિક વિશ્વમાં સમતાનો ભાઈ છે અનુભવ.

## अनुभव चंद सुभाइ

આત્મા ગુણ-રત્નોનો આકર બને એટલે એમાં સમતા પ્રગટે છે, ને સમતાનો જન્મ થાય, એટલે અલ્પ જ સમયમાં એનો ભાઈ અનુભવ જન્મે છે, કુદરતનો આ ક્રમ છે... સમતા આત્મસાત્ થાય, એટલે આત્મગુણોની અનુભૂતિ થાય. આત્મગુણોની અનુભૂતિ એ જીવન્મુક્તિ છે. સમસ્ત યોગમાર્ગ અને અધ્યાત્મમાર્ગનું એ એક માત્ર લક્ષ્ય છે. અનંત ભવોમાં આપણે એ લક્ષ્યથી ભ્રષ્ટ થયા છીએ. આજે એક અપેક્ષાથી જોઈએ, તો એમ લાગે છે કે આત્માનુભૂતિ મુશ્કેલ જ નહીં પણ અશક્ય છે. અને બીજી અપેક્ષાએ જોઈએ, તો એમ લાગે છે કે **આત્માનુભૂતિ અશક્ય નહીં, પણ સુશક્ય છે. માત્ર એક મંત્રને આત્મસાત્ કરી લઈએ... શું ફેર પડે છે?**

લાભ ... અલાભ • સુખ ... દુઃખ • અનુકૂળતા ... પ્રતિકૂળતા • સમ્માન ... અપમાન • પ્રશંસા ... નિંદા

શું ફેર પડે છે? આત્માના અસંખ્ય પ્રદેશો છે. ઉત્કૃષ્ટ સુખની પણ એ તાકાત નથી, કે એમાં એક પ્રદેશનો પણ ઉમેરો કરી શકે, અને ઉત્કૃષ્ટ દુઃખની પણ એવી શક્તિ નથી, કે એમાંથી એક પ્રદેશની પણ બાદબાકી કરી શકે.

**સુખ દુઃખ બંને વાદળ જેવા, નહીં આભને લેવા દેવા**
**જીવ સદા ખોટું ભરમાયો, ઘડી બે ઘડી તડકો છાયો.**

**વાદળોના વિકારોથી આકાશને કોઈ ફેર પડતો નથી. સુખ-દુઃખના વિકારોથી જીવને કોઈ ફેર પડતો નથી.**

**આત્મન્! જો તને હર્ષ ને શોક થતા હોય, તો એનું કારણ સુખ-દુઃખ નથી, તારો ભ્રમ છે.**

બસ, તું તારો ભ્રમ દૂર કરી દે. એટલું સમજી લે, કે **તને કોઈ ફરક પડતો નથી. નિમિત્ત તો નિમિત્ત જ રહે છે, અને તું તું જ રહે છે.** આટલી સમજ મળે એટલે સમતા આત્મસાત્ થાય છે, જે આત્માનુભવને ખેંચી લાવ્યા વિના રહેતી નથી.

## समता रतनाकर की जाइ
## अनुभव चंद सुभाइ

ચંદ્ર સંતાપ દૂર કરે છે. અનુભવ કષાયોના સંતાપને દૂર કરે છે. ચંદ્ર શીતળતા આપે છે. અનુભવ ઉપશમરસની શીતળતા પ્રસરાવે છે. ચંદ્ર સૌમ્ય છે... અનુભવ પણ સૌમ્ય છે. ચંદ્રના કિરણોમાં રોગોને દૂર કરવાની શક્તિ છે. અનુભવમાં ભવરોગને દૂર કરવાની શક્તિ છે. ચંદ્ર કૃષ્ણપક્ષમાં ક્ષય પામે છે. અનુભવ પણ આત્માના કૃષ્ણપક્ષમાં ક્ષય પામે છે... કૃષ્ણપાક્ષિક જીવો અનુભવને પામી શકતા નથી. ચંદ્ર શુક્લપક્ષમાં વૃદ્ધિ પામે છે. અનુભવ પણ આત્માના શુક્લપક્ષમાં વૃદ્ધિ પામે છે.

## अनुभव चंद सुभाइ

વિશ્વનો નિરુપમ ચંદ્ર છે આત્માનુભવ. પરમ આહ્‌લાદક છે આત્માનુભવ. તુચ્છ નિમિત્તોને પ્રાધાન્ય આપીને આત્મા સમતાથી વંચિત બને છે, અને સમતાથી વંચિત થઈને આત્માનુભૂતિથી વંચિત બને છે. બિચારો જીવ!... મેળવતો કાંઇ જ નથી અને ગુમાવે છે સર્વસ્વ... આત્મન્! સમતા અને અનુભવની જે અસ્મિતા છે, એની તુલનામાં સમગ્ર વિશ્વ ધૂળ જેવું છે... ગંભીરતાથી વિચાર

કર, તું શેને છોડે છે? ને શેના માટે? રે... ધૂળ તો હજી કદાચ સહ્ય છે... **બાકી વિશ્વમાંથી સમતા ને અનુભવની બાદબાકી કરો, એટલે જે બચે, તે છે હળાહળ ઝેર.**

સમતાની પસંદગી એ સુધારસની પસંદગી છે, સમતાનો ત્યાગ એ ઝેરની પસંદગી છે. આત્મન્! તારી પાસે બે જ વિકલ્પ છે, સુધારસ કે વિષ... સમતામાં ક્યાંય ઝેર નથી ને વિશ્વમાં ક્યાંય અમૃત નથી.

### कालकूट तजी भाव में श्रेणी
### आप अमृत ले आइ

લક્ષ્મી સાગરમાંથી આવે છે, પણ એ ઝેર લઈને નથી આવતી. સાગરના ઝેરનો એ ત્યાગ કરે છે... એના પગલે પગલે આકર્ષક હાવ-ભાવ છે... એના હાથમાં સુવર્ણકુંભ છે, જેમાં છલોછલ સુધારસ ભરેલો છે.

સમતાનું ચરિત્ર પણ પુરાણકથાને સમાંતર ચાલે છે. જીવ હજી તો ભવસાગરમાં જ હોય છે, ત્યારે સમતા પ્રગટ થાય છે. એ અપેક્ષાએ સમતા ભવસાગરની નીપજ છે, આમ છતાં પણ ભવસાગરમાં રહેલા ઝેરને એ સાથે લાવતી નથી.

### कालकूट तजी भाव में श्रेणी

ભવસાગરનું ઝેર છે મિથ્યાત્વ, અવિરતિ, કષાય વગેરે... આત્માને સમતા આત્મસાત્ થાય એટલે એ આ ઝેરથી મુક્ત બને છે. સમ્યગ્દર્શન, વિરતિ, સામાયિકના ક્રમે એ વર્ધમાન ભાવે ક્ષપકશ્રેણિ પર આરોહણ કરે છે. ઉત્તરોત્તર ઉચ્ચતર ગુણસ્થાનકોમાં પદાર્પણ... ક્રમશઃ વિશુદ્ધતર સંયમસ્થાનોમાં ઉર્ધ્વારોહણ કરતા આત્માને સર્વજ્ઞતા અને વીતરાગતાના અમૃતની પ્રાપ્તિ થાય છે.

### आप अमृत ले आइ

ખરું અમૃત તે છે, જેને પામીને કદી મરવું ન પડે. આવું અમૃત તો એક માત્ર સર્વજ્ઞતા ને વીતરાગતા જ છે, જેને પામીને આત્મા અમર બની જાય છે.

### જેને પિપાસા અમૃતપાનની
### કિમ ભાંજે વિષપાન?

આત્મન્! અનાદિકાળથી તને અસહ્ય તૃષા છે... એ તૃષાને એક માત્ર અમૃતપાન જ મિટાવી શકે છે. તારા કેટકેટલા રોગો, કેટકેટલા શોકો, કેટકેટલા દુઃખો એ જ તૃષાને આભારી છે. આ સ્થિતિમાં તેં વળી ઝેર પીવાની ચેષ્ટા કરી... તારી તૃષા લાખોગણી થઈ ગઈ. એના વિકારો કરોડોગણા થઈ ગયા... તું ચીસાચીસ કરવા લાગ્યો... તારા દુઃખો સહ્યતાની સીમાને પાર કરી ગયા... તું બહાવરો બની ગયો... આ તૃષા શે દૂર કરવી? આ ચિંતા એક ચિતા બની ગઈ... તું એમાં જીવતો સળગવા લાગ્યો... કોઈ ઉપાય... કોઈ રસ્તો... શોધતા શોધતા તારી નજર ફરી એ જ ઝેર પર પડી... રે અજ્ઞાન... તેં સીધું મોઢે જ માંડી દીધું... ગટાગટ... ગટાગટ... પરિણામ તો જે આવવાનું હતું એ જ આવ્યું. તારા દુઃખો અબજોગણા થઈ ગયા. આત્મન્! તારા અનંતકાળના અધધધ ઈતિહાસનો આટલો જ સાર છે... પ્યાલા ઝેરના પીધા.. દુઃખી... મહાદુઃખી... અતિદુઃખી... ને પરમદુઃખી થઈ ગયો...

જોઈતું'તું અમૃતપાન... ને કર્યું વિષપાન.... આત્મન્! અનાદિની અવળી ચાલને સુધારી લેવાનો આ અવસર છે... અમૃતપાન કરીને અમર બની જવાનો આ અવકાશ છે. બસ... તું સમતાને વશ થઈ જા, અનંતસુખ તને વશ થઈ જશે.

સમતાએ વિષનો ત્યાગ કર્યો છે, સુધારસ લઈને એ આવી રહી છે... આ સમયે શું બને છે, તે જાણવા માટે શ્રમણો ઉત્સુક બન્યા છે... અવધૂત એમની આંખોમાં જિજ્ઞાસાને વાંચી રહ્યા છે... જિજ્ઞાસા જ્યારે પરમ કક્ષાને આંબી ગઈ છે, ત્યારે અવધૂત સમતાના ચરિત્રના શેષ અંશને પણ પ્રગટ કરી રહ્યા છે...

# **Learn to live rightly**
# in the moment... let the joy arise



लोचन चरण सहस चतुरानन
इन तें बहुत डराइ,
आनंदघन पुरुषोत्तम नायक
हित करी कंठ लगाइ.
साधो भाई! समता रंग रमीजे...४

જેની હજાર આંખો છે, હજાર પગો છે અને ચાર મુખ છે, એનાથી સમતા બહુ ડરી ગઈ. આનંદઘન પુરુષોત્તમ નાયકે હેત કરીને તેને પોતાના કંઠે લગાડી.॥૪॥

સ્ત્રીજાતિનું એક લક્ષણ છે કાયરતા. એ નિર્નિમિત પણ ડરતી ને ફફડતી હોય છે. તો નિમિત્તની ઉપસ્થિતિમાં તો તેના ભયની શું વાત કરવી? અને તેમાં ય જો એ નિમિત્ત ખૂબ જ ભયંકર હોય, ત્યારે એનો ભય આસમાનને આંબે એ સહજ છે.

લક્ષ્મી પ્રગટ થાય છે... એના પિતા સાગર પાસેથી વિદાય લઈને કિનારે આવે છે, ત્યારે સૌ પ્રથમ એને ઇંદ્ર દેખાય છે. એની હજાર આંખો જોઇને લક્ષ્મી ગભરાઈ જાય છે અને બીજી બાજુ દોડે છે, તો ત્યાં એને શેષનાગ દેખાય છે. એના હજાર પગ જોઈને એને ધ્રાસકો પડી જાય છે. એ ત્રીજી બાજુ દોડી જાય છે, તો ત્યાં બ્રહ્મા દેખાય છે. એના ચાર મોઢા જોઇને લક્ષ્મી ધ્રુજવા લાગે છે –



લોચન ચરણ સહસ ચતુરાનન
इन तें बहुत डराइ

લક્ષ્મી દિઙ્મૂઢ બની છે, હવે ક્યાં જવું? કોનું શરણ લેવું? કોણ ભયમુક્ત કરે? આ સમયે ત્યાં વિષ્ણુ આવે છે, એનું રૂપ સહજ છે. એની આંખોમાં પ્રેમ છે, એને જોઈને લક્ષ્મી આશ્વસ્ત થઈ જાય છે. વિષ્ણુ એને પોતાના ગળે લગાડે છે.

आनंदघन पुरुषोत्तम नायक
हित करी कंठ लगाइ

લક્ષ્મીની પૌરાણિક કથા અને સમતાની આધ્યાત્મિક કથા, બંને સમાંતર ચાલે છે... સમતા રત્નાકરમાંથી પ્રગટ થઇ અને બહાર આવી, ત્યાં તો એને વિષયતૃષ્ણા દેખાઇ, એની હજાર આંખ હતી. સમતા તો એને જોતાની સાથે ગભરાઈ ગઈ.

વિષયતૃષ્ણા હજાર આંખે સતત વિષયને ખોળ્યા કરે છે. આંખ એ ઇન્દ્રિયનું ઉપલક્ષણ છે. ઇન્દ્રિયો વિષયની પાછળ લંપટ બને છે, ત્યારે હજાર આંખો કરીને વિષયની શોધ કરે છે. 'મને ક્યાં ઇષ્ટ વિષય મળે?' આ એક જ ભૂત તેમના પર સવાર થઇ જાય છે. આ સ્થિતિમાં જીવના બાહ્ય ચક્ષુ હજાર હોય છે, પણ આંતરચક્ષુની અપેક્ષાએ એ તદ્દન આંધળો હોય છે. આત્મઘાતી આતંકવાદીને તો ક્યાંય શાણો કહેવડાવે એવી તેની ચેષ્ટા હોય છે... એને માત્ર વૈષયિક વર્તમાન દેખાય છે. ભયાનક ભવિષ્ય નથી દેખાતું. હજાર આંખે આંધળી એ વિષયતૃષ્ણાને જોતાની સાથે સમતા ભયભીત બની છે, અને બીજી દિશામાં દોડી ગઈ છે.

लोचन चरण सहस चतुरानन
इन तें बहुत डराइ

ત્યાં બીજી દિશામાં એને કાળો ભોરિંગ નાગ દેખાય છે. જેનું નામ છે કષાય. હજી તો એક બિહામણું રૂપ જોઇને એ ધ્રુજતી હતી, એમાં બીજુ ભયાનક રૂપ એની સામે આવ્યું, એક તો કાળો ભોરિંગ નાગ અને એમાં પણ એના હજાર પગ. કષાયના હજાર પગ છે. માટે જ એની ગતિ ખૂબ જ તીવ્ર છે.

अणथोवं वणथोवं अग्गिथोवं कसायथोवं च।
ण हु भे वीससियव्वं थोवं पि हु तं बहुं होइ।।

ઋણ, ઘા, અગ્નિ અને કષાય... આ બધું થોડું હોય, તો પણ તેમના પર વિશ્વાસ ન રાખવો જોઈએ, તેમની ઉપેક્ષા ન કરવી જોઈએ. કારણ કે આ બધું જોતજોતામાં તો ક્યાંનું ક્યાં પહોંચી જાય છે... થોડામાંથી ઘણું થઇ જાય છે... ને સર્વનાશ કરીને રહે છે.

**અધ્યાત્મોપનિષદ્‌માં** કહ્યું છે -

अल्पेऽपि साधुर्न कषायवह्ना-वह्नाय विश्वासमुपैति भीतः।
प्रवर्धमानः स दहेद् गुणौघं, साम्याम्बुपूरैर्यदि नापनीतः।।

કષાય-અગ્નિ અલ્પ હોય, તો ય સાધુ એના પર વિશ્વાસ મુકતો નથી. કષાયાગ્નિ અત્યંત વૃદ્ધિ પામે, તો એ સમસ્ત ગુણોને બાળીને ખાખ કરી દે છે. બચવાનો એક જ ઉપાય છે. સમતારસના પૂરથી એ અગ્નિને બુઝાવી દેવો.

વિષયતૃષ્ણા અને કષાય આ બે જ સમસ્ત સંસારના ને સમસ્ત દુઃખોના મૂળ છે. જ્યાં સુધી આ મૂળ મજબૂત છે, ત્યાં સુધી આત્મા સમતાને નહીં પામી શકે. સમતા તો આ બે થી ખૂબ

જ ગભરાય છે. આ બે જ્યાં હોય, ત્યાંથી સમતા નાસી છૂટે છે.

### लोचन चरण सहस चतुरानन
### इन तें बहुत डराइ

એ બેથી ડરીને સમતા જે બાજુ દોડી ગઇ, ત્યાં એક તદ્દન વિચિત્ર વ્યક્તિ હતી. એના ચાર મોઢા હતા. એ વ્યક્તિને જે પણ બાજુથી જુઓ એ વિચિત્ર જ હતી. જે પણ અપેક્ષાએ જુઓ, એ ભયાનક જ હતી. એ વ્યક્તિનું નામ હતું સંસાર... સર્વ દુઃખોની ખાણ, સર્વ દોષોનો આકર, સર્વ યાતનાઓનો ભંડાર... એના વિકરાળ સ્વરૂપને જોતાની સાથે જ સમતા થર થર ધ્રુજવા લાગી...

### लोचन चरण सहस चतुरानन
### इन तें बहुत डराइ

**જ્યાં વિષયતૃષ્ણા છે, કષાય છે અને સંસાર છે, ત્યાં સમતાનું અસ્તિત્વ તદ્દન અસંભવિત છે. આત્મન્! આ ત્રણને તિલાંજલિ આપી દે, પછી સમતા અને શાશ્વત સુખ તારા જ છે.**

સમતા બધેથી વિમુખ થઈને શુદ્ધ આત્માની અભિમુખ થાય છે. એના સ્વરૂપમાં ભયાનકતા નહીં, પણ ભવ્યતા છે. એના સ્વભાવમાં વિચિત્રતા નહીં, પણ વરેણ્યતા છે, એની પરિણતિમાં આર્ત્તિ નહીં, પણ આનંદ છે, એના સંગમાં હાંફ નહીં, પણ હૂંફ અને હેત છે...

### आनंदघन पुरुषोत्तम नायक
### हित करी कंठ लगाइ

પુરુષનો એક અર્થ છે આત્મા. વિશ્વના અનંત અનંત આત્માઓમાંથી ઉત્તમ આત્મા તે છે, જે પૂર્ણતયા વિશુદ્ધ છે... ખરો પુરુષોત્તમ તે જ છે... એ જ આનંદનો ઘન છે... અને એ જ વાસ્તવિક નાયક (હીરો) છે. સમતાની પ્રાપ્તિ... પુરુષોત્તમનું ઉભરાયેલું હેત... અને આલિંગન... આ ત્રણ જ તબક્કામાં ચોથાથી ચૌદમા ગુણસ્થાનકની યાત્રા સમાઈ જાય છે.

વિશ્વમાં આદર્શ અને ઉત્કૃષ્ટ છે સમતા અને આત્માનો પ્રેમ. જે પ્રેમ શાશ્વત છે, એકાંતે હિતકારક છે, પરમ છે, પરિશુદ્ધ છે. સમતા અને આત્માનું આલિંગન એટલે જ સમતાના રંગમાં રમણ...

### साधो भाई! समता रंग रमीजे

બસ... આ જ કરવા જેવું છે... કરવું તો એ જ... જેનાથી કૃતકૃત્યતા થાય... જેનાથી ધન્યતા થાય... જેનાથી પૂર્ણ પ્રસન્નતા થાય... સાર એ જ છે... સમતાના રંગે રંગાઇ જાઓ... સમતાને તમારા પ્રત્યેક આત્મપ્રદેશે રમણ કરવા દો...



મુનિઓના મુખ પર 'પરમ'ની પ્રાપ્તિનો મલકાટ છે... એમની આંખોના અશ્રુઓમાં 'કૃતજ્ઞતા'નો છલકાટ છે... એમના અંતરમાં 'સમતારમણ'નો તલસાટ છે... એમના મસ્તકો અવધૂતના ચરણોમાં અહોભાવથી અવનત છે... અને અવધૂત?... એ તો સમતામાં જ રમતા હતા, અને સમતામાં જ ગરકાવ છે.... કેમ ન હોય ? પ્રભુ વીરના એ વારસદાર છે... ને વીરનો તો આ જ માર્ગ છે... પહેલા પરિણતિ અને પછી પ્રેરણા.

વિ.સં.૨૦૬૮,
કારતક સુદ ૮

જિનાજ્ઞાવિરુદ્ધ લખાયું હોય, તો મિચ્છામિ દુક્કડમ્.


LIFE STYLE
પદાર્થ પ્રકાશ
STORY STORY
वीरोपनिषद्
VIROPANISHAD
નવપદ સંવેદના
Don't miss it...
તીર્થ-તીર્થાધિપતિ
Enjoy Jainism
शङ्खेश्वरस्तोत्रम्
ŚANKHEŚVARA-STOTRAM



વેદનાના શિખરે
પૂર્ણોપનિષદ્
PURNOPANISHAD
પ્રસન્નતાની પરબ
GAUTAMĀṢṬAKAM
પદાર્થ પ્રકાશ
Must read...
સાત્વિકતાનો તેજ સિતારો
આ. હેમચન્દ્રસૂરિ મ.
मग्नोपनिषद्
MAGNOPANISHAD
The secret of success
HITAŚIKṢĀ CHATRĪŚĪ
Diamond Diary

# પરમ પાવન આગમસૂત્રો પરની ચિંતનયાત્રા

